અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'લોકો કહેતાં હતાં કે હું ફોરેનર જેવી દેખાઉં છું:...



પેજ-09

ગિલની સદી પૂર્ણ થાય તે માટે રાહુલે ટીમને નુકસાન પહોંચાડ્યું?..

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 15.00 |
| વડોદરા | 33.00 | 16.00 |
| સુરત | 33.00 | 18.00 |

પેજ 5



શેર બજાર પર AIનું ગ્રહણ છેતરપિંડી વધારશે....

**10** FEBRUARY-2025 MONDAY

બાઇડનને ગુપ્ત અમેરિકન ફાઇલો જોવા પર પ્રતિબંધ ટ્રમ્પનો આદેશ....



પેજ 10

.....સુવિચાર.....

ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!


વર્ષ-14 । અંક-083 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# છત્તીસગઢમાં સુરક્ષાદળોનું મોટું ઓપરેશન, 31 નક્સલી ઠાર

(એજન્સી) છત્તીસગઢ । તા. 09

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં રવિવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં 31 નક્સલવાદીઓ માર્યા ગયા હતા. આઈજી બસ્તર પી સુંદરરાજે કહ્યું કે એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોના 4 જવાન પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં બે જવાનોનું સારવાર દરમિયાન નિધન થયુ હતું. અન્ય બે ઘાયલ જવાનોની હાલત ખતરાની બહાર છે અને તેમને સારી સારવાર માટે ઉચ્ચ કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યા છે. બીજાપુરમાં જ, 1 ફેબ્રુઆરી, 2025 ના રોજ ગંગાલુર વિસ્તારમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. જેમાં 8 નક્સલવાદીઓ માર્યા ગયા હતા. ગયા મહિને, 20-21 જાન્યુઆરીએ, છત્તીસગઢ અને ઓડિશાની સરહદ પર આવેલા ગારિયાબંદ જિલ્લાના જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 16 નક્સલવાદીઓ માર્યા ગયા હતા. આમાં 90 લાખનું ઈનામ ધરાવનાર નક્સલવાદી ચલાપતિનો પણ સમાવેશ થાય છે.

### એન્કાઉન્ટર સ્થળ પરથી ઓટોમેટિક હથિયારો અને વિસ્ફોટકો મળી આવ્યા

આઈજી બસ્તરે જણાવ્યું કે, બીજાપુર અને નારાયણપુર સાથેની મહારાષ્ટ્ર બોર્ડર પર ઈન્દ્રાવતી નેશનલ પાર્ક વિસ્તારના જંગલમાં રવિવારે સવારે એન્કાઉન્ટર શરૂ થયું, જ્યારે સુરક્ષા જવાનોની એક ટીમ નક્સલ વિરોધી ઓપરેશન પર હતી. બસ્તર પોલીસે જણાવ્યું કે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.આઈજી પી સુંદરરાજે કહ્યું કે માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યા વધુ હોઈ શકે છે. એન્કાઉન્ટર સ્થળ પરથી ઓટોમેટિક હથિયારો અને વિસ્ફોટકો મળી આવ્યા છે. છત્તીસગઢમાં સુરક્ષા દળો સતત નક્સલવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા છે. ડીઆરજી બીજાપુર, એસટીએફ, સી-60ના જવાનો આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.



### મણિપુરના CM બિરેન સિંહે આપ્યું રાજીનામું

મણિપુર : મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે આજે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેઓએ રાજભવન ખાતે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને મળ્યા અને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું સુપરત કર્યું છે. આજે જ તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. લાંબા સમયથી રાજ્યમાં ચાલી રહેલી હિંસાને કારણે તેઓ ટીકાનો સામનો કરી રહ્યા હતા. પાર્ટીના ઘણા ધારાસભ્યો પણ તેમનાથી નારાજ હતા. પાર્ટીના ઘણા ધારાસભ્યો પણ તેમનાથી નારાજ હતા. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર 12 જેટલા ધારાસભ્યો નેતૃત્વ પરિવર્તન માટે દબાણ કરી રહ્યા હતા. મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજ્યમાં તેમની નેતૃત્વ ક્ષમતાને લઈને ભાજપમાં વધતા અસંતોષને ડામવા મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. મુખ્યમંત્રી એન બિરેન સિંહે આજે સાંજે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું.

■ ભીષણ આગમાં લગભગ 200 લોકો બેઘર બન્યા

## કોલકાતાની ઝૂંપડપટ્ટીમાં લાગી ભીષણ આગ

(એજન્સી) કોલકાતા | તા.09

કોલકાતાના નારકેલડાંગા વિસ્તારમાં શનિવારે રાત્રે લાગેલી ભીષણ આગમાં લગભગ 30 ઝૂંપડપટ્ટીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં 65 વર્ષીય હબીબુલ્લાહ દાઝી ગયા હતા, જ્યારે લગભગ 200 લોકો બેઘર થઈ ગયા હતા. એક અહેવાલ મુજબ ફાયર બ્રિગેડના અધિકારીઓએ જણાવ્યું કે ઝૂંપડપટ્ટીમાં આગ લાગવાના સમાચાર શનિવારે રાત્રે લગભગ 10 વાગ્યે મળ્યા હતા. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે સમગ્ર વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ હતી. ફાયર વિભાગે તાત્કાલિક 17



ફાયર એન્જિનને ઘટનાસ્થળે મોકલ્યા હતા અને લગભગ પાંચ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.આગ ઓલવ્યા બાદ ફાયર બ્રિગેડના જવાનોએ એક ગોડાઉનમાંથી હબીબુલ્લાનો સળગી ગયેલો મૃતદેહ બહાર કાઢ્યો હતો. એવું માનવામાં આવે છે કે આગ ફેલાઈ જતાં તેઓ ત્યાં ફસાઈ ગયા હતા અને બહાર નીકળી શક્યા ન હતા. રવિવારે પશ્ચિમ બંગાળના શહેરી વિકાસ મંત્રી અને કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર ફિરહાદ હકીમ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત પરિવારોને મળ્યા હતા. તેમણે ખાતરી આપી હતી કે વિસ્થાપિત પરિવારોને કામચલાઉ આવાસ અને આર્થિક સહાય આપવામાં આવશે.

### પીએમ મોદી AI સમિટની સહ-અધ્યક્ષતા કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા.09

પીએમ નરેન્દ્ર મોદી 10 ફેબ્રુઆરીએ ફ્રાન્સ જવા રવાના થશે. અહીં તેઓ AI સમિટનું સહ-અધ્યક્ષતા પદ સંભાળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 10 થી 12 ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સની મુલાકાતે જઈ રહ્યા છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ ફ્રાન્સ દ્વારા આયોજિત AI સમિટમાં હાજરી આપવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના આમંત્રણ પર આ સમિટમાં હાજરી આપશે. તેઓ આ પરિષદનું સહ-અધ્યક્ષ પણ રહેશે.મુલાકાતના પહેલા દિવસે, એટલે કે 10 ફેબ્રુઆરીની સાંજે, પ્રધાનમંત્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા સમિટમાં ભાગ લેનારા નેતાઓ માટે આયોજિત રાત્રિભોજનમાં હાજરી આપશે.

ઘટનામાં 30 લોકો ગુમ

## દક્ષિણ-પશ્ચિમ ચીનમાં ભારે ભૂસ્ખલન

(એજન્સી) નવી દિલ્હી | તા.09

ચીનમાં ભારે ભૂસ્ખલન થયું. કહેવામાં આવી રહ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ ચીનના સિચુઆન પ્રાંતમાં શનિવારે એક હૃદયદ્રાવક ભૂસ્ખલન થયું હતું. જેના કારણે લગભગ 10 ઘરોને અસર થઈ છે. આ ઘટનામાં 30 લોકો ગુમ થયા છે, તેમની શોધ ચાલી રહી છે. જુનલિયન કાઉન્ટીમાં ભૂસ્ખલન બાદ કટોકટી વ્યવસ્થાપન મંત્રાલયે સેંકડો બચાવ કાર્યકરોને તૈનાત કર્યા હતા, જેમાં અગ્નિશામકોનો પણ સમાવેશ થાય છે, જેના પગલે કાટમાળમાંથી બે લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા હતા, રેસ્ક્યૂ ટીમો અન્ય લોકોને શોધવામાં વ્યસ્ત છે. લોકોને શક્ય તેટલી વહેલી તકે બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



### ચીનના રાષ્ટ્રપતિએ મદદનું આશ્વાસન આપ્યું

ચીનની મીડિયા દ્વારા જાહેર કરાયેલા એક સમાચારમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ શી જિનપિંગે અધિકારીઓને ગુમ થયેલા લોકોને શોધવા અને તેમને બચાવવા માટે શક્ય તમામ પ્રયાસો કરવા સૂચના આપી છે. તદનુસાર, ચીનના વડાપ્રધાન લી કેકિયાંગે આસપાસના વિસ્તારોમાં સંભવિત ભૂસ્તરશાસ્ત્રીય જોખમોની તપાસ અને નિરીક્ષણ કરવા જણાવ્યું છે.







# શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫માં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રારંભ



મહેશ એલ.સોની | નખત્રાણા

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અંબાજી ખાતે શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫નો પ્રારંભ કરાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની સુખાકારી માટે જગત જનની માં અંબાના દર્શન કરીને પાલખી તથા ઘંટી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ સહિત દિવ્યાંગ લાભાર્થીઓને સહાય વિતરણ સહિતના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ગુજરાત સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પવિત્ર યાત્રાધામ અને આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે આજથી ત્રણ દિવસીય પરિક્રમા મહોત્સવનું આયોજન કરાયું છે.

## મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની સુખાકારી માટે જગતજનની મા અંબાના દર્શન કર્યા



## મુખ્યમંત્રીશ્રીએ નવનિર્મિત સંસ્કૃત મહાવિદ્યાલયનું લોકાર્પણ કર્યું



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલએ અંબાજી ખાતે અંદાજિત ૧૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત સંસ્કૃત મહાવિદ્યાલય બિલ્ડીંગનું લોકાર્પણ કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ સંસ્કૃત મહાવિદ્યાલય બિલ્ડીંગનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કરાયા હતા. આ નવનિર્મિત સંસ્કૃત મહાવિદ્યાલયનું બિલ્ડીંગ અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સ્વભંડોળમાંથી બનાવવામાં આવ્યું છે. અદ્યતન સુવિધાઓથી સજ્જ આ વિદ્યાલય સાથે છાત્રાલય પણ બનાવવામાં આવી છે. આ નવીન બિલ્ડિંગમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓના શિક્ષણ અને આવાસનો સમાવેશ કરાયો છે. નવીન બિલ્ડીંગમાં પાર્કિંગ, મલ્ટી પર્પજ હોલ, ૧૦ વર્ગખંડો, છાત્રાલય માટે ૪૯ જેટલી રૂમ, લાઈબ્રેરી, પ્રાર્થના હોલ, ભોજન કક્ષ, કોમ્પ્યુટર હોલ, યજ્ઞ શાળા સહિતની અદ્યતન સુવિધાઓ ઉભી કરાઈ છે. અહી નોંધનીય છે કે, શ્રી સંસ્કૃત મહાવિદ્યાલયનું વર્ષ ૧૯૬૨થી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરાય છે. આ વિદ્યાલયમાં કર્મકાંડ, જ્યોતિષ, વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર અને ઉપનિષદ વગેરેનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. સંસ્કૃત મહાવિદ્યાલયના ગ્રંથાલયમાં સંસ્કૃત સાહિત્યના ૫,૧૦૭ જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલએ આજથી ત્રણ દિવસીય ચાલનાર ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે પાલખી તથા ઘંટી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ શક્તિપીઠ પરિસર સંકુલના મંદિરમાં પૂજા અર્ચના કરીને પરિક્રમા મહોત્સવમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એકતરફ પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ ખાતે મહાકુંભ ચાલી રહ્યો છે, જ્યારે બીજી તરફ જગત જનની માઁ આંબાની પરિક્રમા મહોત્સવમાં લાખો ભક્તો માતાજીની ભક્તિમાં લીન થવાના છે. જગદંબાના પરમ ઉપાસક વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આ વિરાટ ધર્મોત્સવ વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ૫૧ શક્તિપીઠ અંબાજી ધામમાં અનેરૂ સ્થાન ધરાવે છે. દેશના અન્ય સ્થળોએ જે શક્તિપીઠ છે તે બધી જ શક્તિપીઠના દર્શન-પૂજન એક જ સ્થળે માઁ અંબાજી ધામમાં લોકો કરી શકે તેવું વડાપ્રધાનશ્રીનું વિઝન સાકાર થયું છે. એક ભારત શ્રેષ્ઠ ભારત તથા વડાપ્રધાનશ્રીની સંકલ્પના અનુસાર જો કોઈ વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન ૫૧ શકિતપીઠ દર્શનનો લાભ ના લઈ શકે તો તે વ્યક્તિ અંબાજી ખાતે નિર્માણ પામેલ ૫૧ શક્તિપીઠના દર્શન કરીને પોતાની શ્રદ્ધા પૂરી કરી શકે છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અંબાજી સુધી પહોંચવા માટે કનેક્ટિવિટીમાં પણ વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ અંબાજી-તારંગા રેલ પ્રોજેક્ટને કાર્યરત કરાવ્યો છે.

## નારાયણ સરોવર તીર્થધામ ખાતે પૂ. મોરારીબાપુની આગામી રામકથા માટે સમસ્ત રવાપર ગ્રામજનોને મળ્યું નિમંત્રણ.



મહેશ એલ.સોની | નખત્રાણા

આગામી તારીખ ૧૫/૨/૨૦૨૫ થી શરૂ થતી પૂજ્ય મોરારી બાપુ ની રામકથા માટે સમસ્ત રવાપર ગ્રામજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.નારાયણ સરોવર અને કોટેશ્વર વચ્ચે શરૂ થઈ રહેલી પરમ પૂજ્ય શ્રી મોરારીબાપુની કથાનું નિમંત્રણ મનોરથી પરિવાર શ્રી પ્રવીણભાઈ તન્ના લક્ષ્મીપરવાળા તરફથી આજરોજ રવાપર ગ્રામ પંચાયત ખાતે આપવામાં આવ્યું હતું. તેમની સાથે શ્રી દીપકભાઈ રેલોન, શ્રી પ્રદીપભાઈ સચદે, શ્રી દિપકભાઈ, શ્રી સુરૂભા બાપુ, શ્રી કલ્પેશભાઈ સચદે સહીત આગેવાનો જોડાયાં હતા. સમસ્ત ગામના લોકો બહોળી સંખ્યામાં રામકથાનો લાભ લે એ માટે ગામની દરેક સમાજના પ્રમુખશ્રી અથવા પ્રતિનિધિને નિમંત્રણ કાર્ડ આપવામાં આવેલ.આ પ્રસંગે તાલુકા પંચાયત પૂર્વ વિપક્ષી નેતા અશ્વિનભાઈ રૂપારેલ, નરસીભાઈ વાસાણી ,વિનોદભાઈ સોની, વિનોદભાઈ અનમ, હિતેન્દ્ર પરમાર, શંભુભાઈ ચંદન, શંકરભાઈ ચંદન , જમનાદાસ રાજગોર, શિવશંકર વાસુ, વેલુભા ગોહિલ સહિત દરેક સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંખેડા તાલુકા ના કલેડિયાની જલારામ જીનમાં અગમ્ય કારણોસર આગ લાગતાં લાખો રૂપિયાનુ નુકસાન : આગ લાગતાં અફરાતફરીનો માહોલ






કમલેશ પટેલ | સંખેડા

છોટા ઉદેપુર જીલ્લાના સંખેડા તાલુકાના કલેડીયા ખાતે આવેલી જલારામ જીનમાં બપોરના સમયે અગમ્ય કારણોસર અચાનક અગા લાગતા અફરાતફરી મચી ગઈ હતી. હાલ કપાસની સીઝન ચાલી રહી છે.ત્યારે જીનમાં કપાસનો ભરાવો થઈ ગયો છે. ત્યારે અગા લાગવાની ઘટના પણ બનતી રહે છે. આજે સંખેડા તાલુકાના કલેડિયા ખાતે આવેલી એક જીનમાં બપોરના સમયે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. અને આગ લાગવાને લઈને અફરાતફરી મચો ગઈ હતી.કપાસના ઢગલામાં આગ લાગતાં બોડેલી તેમજ ડભોઈ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ના ફાયર ફાઈટરની ટીમ બોલાવીને આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં કપાસના ઢગલા આગ ની લપેટમાં આવી જતા બળીને ખાક થઈ ગયા હતા.કલેડીયાની જીનમાં કપાસના ઢગલામાં આગ લાગવાનું કારણ શું છે તે હજુ સુધી જણાઈ શકાયું નથી.

## અમરેલીના ખાંભા તાલુકાના તાતણીયા ગામમાં સિંહણ રહેણાંક મકાનમાં ઘુસી ગઇ







કિશોર આર. સોલંકી | જાફરાબાદ

શિકારની શોધમાં સિંહ પરિવાર લટાર મારતાં સિંહણ રહેણાંક ઘરમાં મગફળી ની બોરી ઉપર આરામ ફરમાવવા લાગી વનવિભાગ બહાર કાઢવા અથાગ પ્રયત્નો કર્યા અંતે અફરાતફરી વચ્ચે જંગલ વિસ્તારમાં ભાગી ગઈ અમરેલી ના ખાંભા તાલુકાના તાતણીયા ગામમાં શિકારની શોધમાં બે સિંહણ અને બે સિંહ બાળ સાથે સિંહ પરિવાર લટાર મારવા આવી પહોંચ્યો હતો જેમાં એક સિંહણ રહેણાંક મકાનમાં ઘુસી ગઇ હતી મકાનમાં રાખેલી મગફળી ની બોરી પર સિંહણ આરામ ફરમાવવા લાગી હતી અને બહાર નીકળવાનું નામ લેતી ન હતી જેથી ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો ઘટનાની જાણ થતાં જ ખાંભા વનવિભાગ અને પોલીસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી સલામતી ના ભાગરૂપે મકાનની આસપાસ કોર્ડ ન કરવામાં આવ્યું હતું અને ગ્રામજનોને સુરક્ષિત અંતર જાળવવા સૂચના આપવામાં આવી હતી જે બાદ વનવિભાગની ટીમે જીવના જોખમે સિંહણને બહાર કાઢવા નું ઓપરેશન શરૂ કર્યું હતું સિંહણ અચાનક વેગપૂર્વક દોડતી બહાર નીકળી હતી જેના કારણે થોડીકવાર અફરાતફરી મચી હતી જોકે વનવિભાગની કુશળ કામગીરીથી કોઈ અનિચ્છનિય ઘટના બની ન હતી સમગ્ર ઘટના ગામના સીસીટીવી કેમેરા માં પણ કેદ થઈ હતી ગામના સરપંચ રાજુભાઈ ભમ્મરના જણાવ્યા મુજબ સિંહણને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી કોઈ માલઢોરને નુકસાન થયું ન હતું આ ઘટના પહેલા સિંહ પરિવાર ગામની પ્રાથમિક શાળામાં પણ પ્રવેશ્યો હતો જ્યાંથી પણ વનવિભાગે તેમને સફળતા પૂર્વક બહાર કાઢ્યા હતા આ ઘટના રેવન્યુ વિસ્તારમાં વધી રહેલી સિંહોની હાજરી તરફ ધ્યાન દોરે છે. જે ચિંતાનો વિષય બની રહ્યો છે. વનવિભાગની સતર્કતા અને કુશળ કામગીરીથી મોટી દુર્ઘટના ટળી હતી.

## અંબે માંના નવનિર્મિત ભવ્ય મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો,ભવ્ય શોભાયાત્રા સાથે ઉજવણી



ડાંગ

વાંસદા તાલુકાના આંબાબારી ખાતે ગ્રામજનો દ્વારા અંબે માતાનું ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવતાં નવનિર્મિત મંદિરમાં અંબે માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ગ્રામજનો દ્વારા ભેગા મળી ત્રણ દિવસ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભજન, ભક્તિ અને મહાપ્રસાદનો ત્રિવેણી સંગમ યોજાયો હતો. છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર ગામ ભક્તિના રંગમાં રંગાયું હતું. જેના ભાગરૂપે ગામમાંથી વાજતે-ગાજતે ડી.જેના તાલ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા નવનિર્મિત મંદિરમાં અંબેમાંની મૂર્તિ તથા ગણેશજી, હનુમાનજીની મુર્તીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે મંદિરમાં ગણપતિ પુજન, દેવતાઓનું પુજન, શિખર પુજન, દિગપાલ પુજન, આહુતી કાર્યક્રમ સહિત બ્રહ્મણોના હસ્તે શાસ્ત્રોકત વિધિથી મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો.શાંતિપૂર્ણ માહોલમાં અને ધામધૂમથી આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવતાં સૌ ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.આ સમગ્ર કાર્યક્રમમાં ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લાના પુર્વ ધારાસભ્ય મંગળ ગાવીત, પિયુષ ભાઈ પટેલ, ભાયકુ ભાઈ સહિત સંતો મહંતો, વાંસદા તાલુકા, નવસારી જિલ્લાના હોદ્દેદારો, આગેવાનો મંદિરના દાતાઓ સહિત આંબાબારીના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંબેમાંની મુર્તી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં કાસમભાઈ પટેલ, ચિંતુભાઈ ભોયે, શૈલેષ ભાઈ પટેલ, કિરણભાઈ પટેલ, ગુણવંત ભાઈ, બચુભાઈ ભક્ત, ગનુભાઈ, શૈલેષભાઈ ભોયે, શંકરભાઈ પટેલ, બાબુલાલ ભાઈ, બચુભાઈ પટેલ, સહિત યુવાનો, વડિલોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જ્યારે આંબાબારી ખાતે નવદુર્ગા યુવક મંડળ દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં ગામમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે અંબે માંના મંદિરમાં સહયોગ આપનાર તમામનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતુ.

## આહવા પોલીસ મથકનો સાઈબર ફ્રોડનો નાસતો ફરતો આરોપીને ભુજથી ઝડપી પાડતી સાયબર પોલીસની ટિમ




પ્રાપ્ત વિગતો અનુસાર ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા,તેમજ નાયબ પોલીસ અધિક્ષકોમાં એસ.જી.પાટીલ,જે. એચ.સરવૈયા તથા જે.પી.નલવાયાનાઓએ હાલમાં સાયબર ફ્રોડનાં ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા માટે અવાન-નવાર સુચના તથા માર્ગદર્શન આપતા આહવા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર વી.કે.ગઢવી, તથા તેમની ટીમ દ્વારા ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમનસોર્સની મદદથી આહવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.11219002240327/2024 ઈ.પી. કો.કલમ:406,420,506(2) અને આઈ.ટી. એકટની કલમ: 66(ડી) મુજબનાં ગુના કામેનાં નાસતા ફરતા આરોપીને કચ્છ-ભૂજથી ઝડપી પાડ્યો હતો.જેમાં તા.27/06/2024નાં રોજ ઉપરોક્ત ફરિયાદ આહવા પો.સ્ટે. ખાતે નોંધાયેલ હતી,જેની તપાસ સાયબર ક્રાઈમ પો.સ્ટે.આહવામાં ચાલતી હતી આ કામે ફરીયાદી સુનીલભાઈ સુરેશભાઈ ખેરનારને તા.15/05/2024નાં રોજ ફેસબુકના માધ્યમથી દેવાભાઈ આહીર નામની આઈ.ડી.પરથી સંપર્ક કરવામાં આવેલ હતો.અને તેઓને ચારથી પાંચ દિવસમાં એક લાખ રૂપિયા આપે તો તેના ત્રણ ગણા એટલે કે ત્રણ લાખ રૂપિયા આપવામાં આવશે તેવી લાલચ આપી આરોપીઓએ મોબાઈલ ફોનથી પણ તેઓની સાથે વાતચિત કરેલ હતી. ત્યારબાદ સુનીલભાઈ પાસેથી એક લાખ રૂપિયા બેન્ક ઓફ બરોડાના એક એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવેલા હતા.ત્યાર બાદ આરોપીઓએ ફોન ઉપાડવાનો બંધ કરી દીધેલ હતો.અહી ફરિયાદીને ફ્રોડ થયાનો અહેસાસ થતા તેઓએ આહવા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.બાદમાં આ પ્રકરણ સંદર્ભે ડાંગ સાઈબર ક્રાઈમ પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમનસોર્સથી આ કામના આરોપીઓમાં (1) રમજાન સાલેમામદ સોઢા ઉ.વ.32, ધંધો-ગેરેજ મેકેનીક રહે. રહીમનગર ખારી નદી રોડ ભૂજ-કચ્છ (2) આસીફ ઉમર લંગા ઉ.વ.22, ધંધો-વેપાર, રહે.રહીમનગર ખારી નદી રોડ ભૂજ-કચ્છ વાળાઓને ગુનાના કામે તા.27/10/2024નાં રોજ અટક કરવામા આવેલ હતા તથા આરોપીઓમાં (3) સીકંદર ઉર્ફે સીકલો જુસબ સોઢા રહે.ભુજ તા.ભુજ જી.કચ્છ તથા (4) ફૈઝલ કાસમ લંઘા રહે. જામનગર વાળાઓ ગુનાના કામે નાસતા ફરતા હોય જેથી આરોપીઓને પકડવા ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમનસોર્સથી કચ્છ-પશ્ચિમ જીલ્લા એલ.સી.બી. તથા ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં સંકલનમાં રહી આરોપી સીકંદર ઉર્ફે સીકલો જુસબ સોઢા ઉવ.32 રહે.તયૈબા ટાઉન શીપ રહીમનગર ભુજ તા.ભુજ જી.કચ્છ વાળાને તા.22/01/2025નાં રોજ ભુજથી પકડી લાવી અટક કરવામા આવેલ હતો.તથા પકડવા બાકી આરોપી ફૈઝલ કાસમ લંધા ઉવ.32 રહે. બંગલાવાડી પવનચક્કી રોડ તા.જી.જામનગર વાળાને ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના સંકલનમા રહી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ડાંગ-આહવાનાં પો.ઈન્સ. વી.કે.ગઢવી નાઓની ટીમે ભુજથી પકડી લાવી તા.08/02/2025નાં રોજ ગુનાના કામે ધોરણસર અટક કરી નામદાર આહવા કોર્ટમાથી દિન-02 ના પોલીસ રીમાન્ડ મેળવી વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે..

## વાઘોડિયા જીઆઇડીસીની એક કંપનીમાં નોકરી કરતા કામદારે કંપની નજીકમાં પાર્કે કરેલ બાઇકની ચોરી થતાં વાઘોડિયા પોલીસ મથકે ફરીયાદ

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા જી આઈ ડી સી ની એક કંપની માં નોકરી કરતા કામદારે કંપની નજીક માં પાર્કે કરેલ બાઈક ની ચોરી થતાં વાઘોડિયા પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે મળતી માહિતી મુજબ પ્રદીપ નારાયણ ભાઈ રાઠવા મૂળ રહે, છોટાઉદેપુર હાલ વડોદરા શહેર ના દંતેશ્વર વિસ્તાર ની રણજીતનગર સોસાયટી માં રહેતા ઓ વાઘોડિયા જી આઈ ડી સી માં આવેલ ખાનગી કંપની ઈનડચ કોમપોઝીટ માં નોકરી કરતા હોય કંપની માં નોકરી કરવા અંગે પોતાની બાઈક લઈને નોકરી એ આવ્યા હતા સવાર ના સમયે તેઓ કંપની નજીક પોતાની બાઈક પાર્ક કરી નોકરી એ ગયા હતા સાંજના સમયે નોકરી થી છુટી કંપની બહાર આવી ને જોતા પોતાનું બાઈક પાર્ક માં ન જોતાં આસપાસ ના વિસ્તારમાં બાઈક ની શોધખોળ હાથ ધરી હતી બાઈક ન મળતાં તેઓએ વાઘોડિયા પોલીસ સ્ટેશન ખાતે બાઈક ચોરાઈ ગયા હોવાની ફરીયાદ નોંધાવી હતી વાઘોડિયા પોલીસે અજાણ્યા બાઈક ચોર વિરુદ્ધ ગુન્હો નોંધી ને આગળ તપાસ હાથ ધરી છે.

## રાજ્ય સત્તાનું સંચાલન ચતુર્થમતથી થવું જોઈએ: મોરારિબાપુ



તખુભાઈ સાંડસુર | નડિયાદ

નડિયાદની 'માનસ યોગીરાજ' રામકથા વિરામ પામી. નડિયાદની ભૂમિ તપસ્વી અવધૂત પૂ. સંતરામજી મહારાજની પાવન ચેતના સભર જ્યોતિ તો છે જ પરંતુ લોખંડી એકતાના જનક એવા સરદારની જન્મભૂમિ પણ ખરી!તો વળી સરસ્વતીચંદ્ર જેવી પોંખણા કરવા લાયક નવલકથાના સર્જક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની પણ પાવન અવતરણ ભૂમિ છે.અહીં પુ. મોરારિબાપુનો રાજીપો કથાના સ્વરૂપે તારીખ 1 ફેબ્રુઆરીથી 9 ફેબ્રુઆરી દરમિયાન સતત અમીછાંટણા કરતો રહ્યો. આ ભૂમિ ઉપર સંતરામજી મહારાજે ચેતન સમાધિ લઈને એક નવી ઊંચાઈ સુધી તપસ્થલીને લઈ જવાનો પ્રયત્ન તો કર્યો પણ સાથોસાથ અનેક પ્રકલ્પોના માધ્યમથી માનવમાં પ્રભુના દર્શન કરી શકાય તેવા સેવા કાર્યો આજે પણ સતત ધબકી રહ્યા છે. લગભગ 12 દિવસ સુધી ચાલનારો 194 મો સમાધિ મહોત્સવ નડિયાદમાં પુ. મોરારિબાપુની પવિત્ર પાવન અને પ્રવાહી રામગાથા થકી આરંભાયો હતો અને નવમા દિવસના અંતે સમાધિ મહોત્સવનો પહેલો મણકો પૂર્ણ થયો. આજની કથામાં અમરકંટકથી ઉપસ્થિત એવા સંત શ્રી કલ્યાણ બાબાએ કહ્યું કે છેલ્લા 20 વર્ષથી હું આ તીર્થ ભૂમિમાં આવું છું અને મને કહેતા ગૌરવ થાય છે કે આ ભૂમિ હવે સેવાતીર્થ બની ગઈ છે.પુ. મોરારિબાપુએ પોતાની નવમ દિવસના પડાવની વાણીને મુખર કરતા કહ્યું કે સેવાના આ તીર્થમાં જે કોઈ સજ્જનો શ્રેષ્ઠીઓ અને તપસ્વીઓએ યતકિંચિત એવી સેવાનું ફળ પદાર્પણ કર્યું છે તે બધાને સાધુઆત.મનોરથીશ્રી દેવાંગભાઈ પટેલ અને તેમના પરિવારે આ તીર્થભૂમિને તેમના પાયાના આદર્શોને સિંચિત કરવા માટે જે કામ કર્યું છે તે સરાહનીય છે.કોઈ પણ સતાના સંચાલનમાં જે રીતે ભરતજીએ ચાર મતને અનુસરવા કહ્યું તેમ લોકમત,સાધુમત,વેદમત અને રાજમતની એટલી જ યોગ્યતા છે. આજના કથાક્રમને ઉપાડીને અયોધ્યામાં શ્રી રામજીનું આગમન અને પછી શ્રી દશરથ મહારાજજીનું દેવલોક ગમન અને સાથે સાથે રામજીનું વનવાસ ગમન વગેરે કથાને આગળ વધારતા અંતિમ પડાવે રામનો રાજ્યભિષેક અને ભગવાન રામજીના રઘુકુળના ઉત્તરાધિકારીઓનો અવતરણ વગેરે કથાઓ રસિક,પ્રવાહી પરંપરાનું ચિત્રણ કરીને કથાને વિરામ અપાયો હતો.ભગવદ કાર્યના આ અનુષ્ઠાન દરમ્યાન અનેક સેવાના પ્રકલ્પો જેમાં રક્તદાન કેમ્પ,દર્દી નારાયણની સેવા અન્નો બ્રહ્મની સેવા વગેરે સતત નવ દિવસ સુધી ચાલતા રહ્યાં હતાં. હવે આગામી 12મી તારીખ પૂનમનો દિવસે સમાધિ મહોત્સવનો દિવસ હોય સાંજના અહીં સાકર વર્ષાનો ઉત્સવ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.સમગ્ર કથા દરમિયાન આયોજનમાં શ્રી નિર્ગુણદાસજી મહારાજ,શ્રી મોરારિદાસજી,શ્રી ચેતનદાસજી પુ મહંત શ્રી રામદાસજી મહારાજના આશીર્વાદથી જોડાયા હતા.ઉત્તમ સંચાલન સાક્ષર એવા શ્રી હસિતભાઈ મહેતાએ સંભાળ્યું હતું.આજની કથામાં શ્રી દલપતભાઈ પઢીયાર અને શ્રી માધવ રામાનુજ,શ્રી ભદ્રાયુ વચ્છરાજાની સહિતના સારસ્વતો પણ ઉપસ્થિત હતા.

## કલા મહાકુંભ અંતર્ગત કાવ્ય લેખન સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શિક્ષક સમુદાયનું નામ રોશન કરતા મેહુલભાઈ ડાંગી




દિપક રાવલ | દાહોદ

કમિશ્નર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરનાં ઉપક્રમે દાહોદ જિલ્લા કક્ષાના કલા મહાકુંભ 2024 માં કાવ્ય લેખન સ્પર્ધામાં વ્યવસાયે શિક્ષક અને લેખક એવા શ્રી મેહુલભાઈ ડાંગી એ સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સમસ્ત શિક્ષક સમુદાયનું,પોતાના જિલ્લાનું,તાલુકાનુ અને પોતાના પરિવારનું,સમાજનું નામ રોશન કરવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.હવે તેઓ ગાંધીનગર ખાતે દાહોદ જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરશે.

### ગંભીર ઈજા પહોંચતાં ત્યાં જ ઢળી પડ્યાં, આસપાસના લોકોએ હોસ્પિટલમાં ખસેડ્યા પણ જીવ ન બચ્યો

# વૃદ્ધાંને રખડતાં ઢોરે શિંગડે ભેરવી રોડ પર પટકતા મોત







જામનગર | જામનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ સતત વધતો જાય છે. તાજેતરમાં હરિયા સ્કૂલ વિસ્તારમાં રખડતા ઢોરે એક વૃદ્ધાને શિંગડે ભેરવી રોડ પર પછાડ્યાં હતાં. જેથી મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના સ્થળે જ લોકો એકઠા થઈ ગયા હતા અને મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, સારવારમાં મહિલાનું મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટના CCTVમાં પણ કેદ થઈ છે.

આ ઘટનાને વિગતવાર જોઈએ તો કલ્યાણી એપાર્ટમેન્ટમાં રહેતાં 65 વર્ષીય શોભનાબેન જેવરસિંહ સોલંકી ગુરુવાર, તારીખ 6 ફેબ્રુઆરી 2025ના રોજ સાંજે 7:23 વાગ્યે હરિયા સ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યાં હતાં, ત્યારે અચાનક રખડતા ઢોરે તેમના પર હુમલો કર્યો હતો. રખડતા ઢોરે મહિલાને શિંગડે ભેરવી રોડ પર પટકી દીધાં હતાં. આ ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. દુર્ભાગ્યે, બીજા દિવસે શુક્રવાર, 7 ફેબ્રુઆરીના રોજ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ સમગ્ર ઘટના નજીકના CCTVમાં કેદ થઈ ગઈ હતી, જેના ફૂટેજ સામે આવ્યા છે. જે CCTVમાં જોવા મળે છે કે એક વૃદ્ધા રોડ પરથી પસાર થઈ રહ્યાં છે, તે દરમિયાન અચાનક રખડતા ઢોરે આવીને વૃદ્ધા પર હુમલો કરી દીધો હતો. વૃદ્ધા કંઈ સમજે તે પહેલાં જ શિંગડે ભેરવી ફૂટબોલની જેમ રોડ પર ઉછાળ્યાં હતાં. જેથી મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાના થોડીવારમાં જ ત્યાં લોકો એકત્રિત થઈ ગયાં હતાં અને મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

**સ્થાનિક રહીશોમાં ભારે રોષ :** જામનગર શહેરમાં રખડતા ઢોરના કારણે આ પ્રકારની ઘટના બનતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. લોકોનો આક્રોશ છે કે, મ્યુનિસિપલ તંત્ર આ સમસ્યા પ્રત્યે સંપૂર્ણપણે બેદરકાર છે અને કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સ્થાનિકોની માંગ છે કે, તંત્ર તાત્કાલિક ધોરણે રખડતાં ઢોરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે, જેથી આવી દુર્ઘટનાઓ ટાળી શકાય.

# તાપમાનમાં ઉતાર-ચઢાવ યથાવત:ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફના પવનોએ તાપમાનમાં વધારો કર્યો

(એજન્સી) ગુજરાત | તા. 09

હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના મધ્ય ભાગમાં કેટલાક જિલ્લાનું લઘુત્તમ તાપમાન અડધાથી એક ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે. જોકે, આ ઘટાડો ફક્ત એકાદ દિવસ માટેનો જ છે. ત્યારબાદ ફરી એક વખત તાપમાનમાં વધારો થશે અને તાપમાન યથાવત્ બનશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી પાંચ દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેવાની સાથે તાપમાનનો પારો યથાવત્ રહેશે. એટલે કે, એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાનમાં વધારો થઈ શકે છે.

પવનો ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી છે, જેને કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્ય કે સામાન્યથી વધુ નોંધાઈ રહ્યું છે. જો ફેબ્રુઆરી માસમાં જ મહત્તમ તાપમાનનો પારો 30 ડિગ્રી સેલ્સિયસને વટાવી જાય તો ઉનાળા દરમિયાન ગરમી વધુ રહેવાની શક્યતાઓ છે. એટલે કે, ગુજરાતવાસીઓ ફેબ્રુઆરી માસમાં જ ગરમી અનુભવી રહ્યા છે. તો એપ્રિલ કે મે મહિનામાં અતિશય ગરમી સહન કરવા તૈયાર રહેવું પડશે. હવામાન વિભાગની લોંગ રેન્જ ફોરકાસ્ટ મુજબ પણ ફેબ્રુઆરી માસમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતાઓ દર્શાવવામાં આવી હતી. જે મુજબ ગુજરાતમાં વાતાવરણમાં ગરમીનું પ્રમાણ યથાવત્ રહ્યું છે. આગામી પાંચ દિવસ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થવાની શક્યતાઓ નહીવત છે.



**અમદાવાદમાં 14.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન :** ગુજરાતમાં છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્યથી અડધાથી એક ડિગ્રી સેલ્સિયસ ઓછું નોંધાયું હતું. જ્યારે ગુજરાત પ્રદેશમાં સામાન્ય કે સામાન્યથી વધુ તાપમાન નોંધાયું હતું. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં 10.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યના અન્ય શહેરોમાં તાપમાનનો પારો યથાવત્ રહ્યો હતો. જેમાં અમદાવાદમાં છેલ્લા 24 કલાક દરમિયાન 14.9 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 15.6 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં 14.4 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 18.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

### હત્યાના આરોપીને જાહેરમાં રહેંસી નાખ્યો

# સુરતમાં મિત્રો સાથે બેઠેલા શખ્સને અજાણ્યા લોકોએ ઘેરી તિક્ષ્ણ હથિયારોના ઘા ઝીંક્યા

(એજન્સી) સુરત | તા. 09

સુરતના ડીંડોલી વિસ્તારના જગદંબા નગર સોસાયટીમાં 8 ફેબ્રુઆરીની રાતે હત્યાની ઘટના સામે આવી છે. ભૂતકાળમાં દેવા ઉર્ફે કાલુ નામના યુવકના મર્ડર કેસના આરોપી ગણેશ વાઘની અજાણ્યા શખસો દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં ડીંડોલી પોલીસ અને ક્રાઇમ બ્રાંચની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યારાઓની શોધખોળ શરૂ કરી છે.

સુરતના ડીંડોલી વિસ્તારના જગદંબા નગર સોસાયટીમાં મૃતક ગણેશ વાઘ તેના મિત્રો સાથે બેઠો હતો. આ સમયે હુમલાખોરોએ તેનો ઘેરાવ કરીને ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ગણેશનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસને ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે દોડી આવી હતી અને ગણેશ વાઘના મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો.

ભૂતકાળમાં દેવા ઉર્ફે કાલુ નામના યુવકની હત્યા થઈ હતી. આ કેસમાં પ્રાથમિક આરોપીઓમાં ગણેશ વાઘનું પણ નામ હતું. લોકોનું માનવું છે કે, દેવાની હત્યાથી રોષે ભરાયેલા તેના લોકો દ્વારા જૂની અદાવતનો ખાર રાખીને ગણેશની હત્યા કરવામાં આવી હોઈ શકે. જો કે, પોલીસ દ્વારા હજી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

ડીંડોલી પોલીસ અને ક્રાઇમ બ્રાંચની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું કે, ગણેશ વાઘ તેના મિત્રો સાથે બેસી રહ્યો હતો. હત્યા મિત્રોમાંથી કોઈએ કરી છે કે અન્ય કોઈ શખ્સ દ્વારા અંજામ આપવામાં આવી છે તેની તપાસ ચાલી રહી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવા માટે કવાયત શરૂ કરી છે. શકમંદોના નિવેદન પણ લેવામાં આવી રહ્યા છે, જેથી કઈ રીતે હત્યા થઈ તે સ્પષ્ટ થઈ શકે.

ઘટનાસ્થળે અને નજીકના વિસ્તારમાં રહેલા કેમેરાની તપાસ ચાલી રહી છે, જેથી આરોપી અથવા શંકાસ્પદ શખ્સોની ઓળખ કરી શકાય. દેવાના ભાઈ અથવા અન્ય કોઈ જૂની અદાવત ધરાવતા લોકોની પૂછપરછ કરવામાં આવી શકે છે. ઘટના સમયે ગણેશ વાઘ સાથે બેઠેલા મિત્રોને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. ફોરેન્સિક અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ પરથી હથિયારની વિગતો જાણવા મળશે.

### સાયબર ફ્રોડના આરોપીની ભૂજથી ધરપકડ

# ફેસબુક પર 1 લાખના ત્રણ ગણા કરી આપવાની લાલચ આપી છેતરપિંડી કરનાર ઝડપાયો

(એજન્સી) ડાંગ | તા. 09

ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાયબર ફ્રોડના કેસમાં પોલીસે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને માનવ સ્રોતોની મદદથી કચ્છ-ભૂજથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરી છે.

ગુનાની વિગતો મુજબ, 15 મે 2024ના રોજ ફરિયાદી સુનીલભાઈ ખેરનારને ફેસબુક પર 'દેવાભાઈ આહીર' નામની આઈડી દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ફરિયાદીને 4-5 દિવસમાં એક લાખ રૂપિયાના ત્રણ ગણા એટલે કે ત્રણ લાખ રૂપિયા આપવાની લાલચ આપી હતી. ફરિયાદીએ બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં એક લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.

આ કેસમાં અગાઉ રમજાન સોઢા અને આસિફ લંગાની ધરપકડ કરવામાં આવી હતી. હવે પોલીસે સિકંદર ઉર્ફે સિકલો જુસબ સોઢા (ઉંમર 32, રહે. તયૈબા ટાઉનશિપ,



રહીમનગર ભુજ)ની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ IPC કલમ 406, 420, 506(2) અને IT એક્ટની કલમ 66(D) હેઠળ ગુનો નોંધાયેલો છે. પોલીસે આરોપીને આહવા કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. હજુ પણ એક આરોપી ફૈઝલ કાસમ લંઘા (રહે. જામનગર) ફરાર છે, જેની શોધખોળ ચાલુ છે. આ સમગ્ર કાર્યવાહી પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને પોલીસ અધીક્ષક યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ગઢવી અને તેમની ટીમે અમલમાં મૂકી હતી.

### 'સરકાર સુપ્રીમ કોર્ટમાં નહીં જાય તો અમે જઈશું'

# TRP અગ્નિકાંડમાં 3 આરોપીના જામીન મંજૂર થતા પરિવારમાં રોષ; કહ્યું- દોષિતો સામે કાર્યવાહી જરૂરી

(એજન્સી) રાજકોટ | તા. 09

રાજકોટનાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મામલે ત્રણ આરોપીનાં જામીન તાજેતરમાં હાઇકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા હતા. જેને લઈને પીડિત પરિવાર અને તેમના વકીલમાં રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલે સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને આ ત્રણેયનાં જામીન રદ્દ કરાવવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. જો સરકાર દ્વારા આમ કરવામાં નહીં આવે તો પોતે વકીલ મારફત સુપ્રીમમાં લડત આપવાની તૈયારીઓ પણ પીડિત પરિવારોએ દર્શાવી છે. સાથે જ આરોપીઓની સામે કડકમાં કડક કાર્યવાહીની માગ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ, તાજેતરમાં ટીઆરપી અગ્નિકાંડમાં હાઇકોર્ટ દ્વારા મનપાનાં ત્રણ એન્જિનિયર, રાજેશ મકવાણા, ગૌતમ જોશી અને આસિસ્ટન્ટ એન્જિનિયર જયદીપ ચૌધરીની જામીન અરજી મંજૂર કરાઈ હતી. અગ્નિકાંડનાં ત્રણ આરોપીને જામીન મળવા મુદ્દે પીડિત પરિવારોએ સુપ્રીમ જવાની તૈયારી દર્શાવી છે. સરકાર સુપ્રીમમાં જઈ જામીન રદ કરે તેવી માગ ઉઠાવી છે. જો આમ નહીં થાય તો એકબાદ એક તમામને જામીન મળી જવાની દહેશત વ્યક્ત




કરી આરોપીઓની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. તેમજ સરકાર જો આ મામલે સુપ્રીમ કોર્ટમાં નહીં જાય તો ત્રણ આરોપીનાં જામીન રદ કરવા પોતે સુપ્રીમનાં દ્વાર ખખડાવવા માટે તૈયારી દર્શાવી છે. આરોપીઓ સામે ડે ટુ ડે કેસ ચાલે તેવી પણ માંગ પીડિત પરિવારો દ્વારા કરવામાં આવી છે.

પીડિત પરિવારનાં વકીલ નરેન્દ્રસિંહ જાડેજાએ આ અંગે જણાવ્યું હતું કે, ડિસ્ટ્રીકટ કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી રદ કરવામાં આવી હતી. પરંતુ હાઈકોર્ટ દ્વારા રાજકોટ મનપાના ત્રણ એન્જીનીયર એટીપીઓ રાજેશ મકવાણા, ગૌતમ જોષી અને આસી. એન્જી. જયદીપ ચૌધરીની જામીન અરજી મંજુર કરવામાં આવી છે. જેને લઈને અગ્નિકાંડ પીડિત પરિવારોની લાગણી દુભાઈ છે. આ મામલે સરકાર હાઈકોર્ટનાં નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જઈને જામીન રદ્દ કરાવે તેવી માગ કરી છે. હાઈકોર્ટમાં દ્વારા ત્રણેય આરોપીની મંજુર થયેલ જામીન અરજી રદ કરાવવા સરકાર સુપ્રીમમાં નહીં જાય તો પીડિત પરિવાર સુપ્રીમ કોર્ટનાં દ્વાર ખખડાવશે.

અગ્નિકાંડમાં ભાઈ ગુમાવનાર તુષાર ગોરેચાએ જણાવ્યું હતું કે, અમારી સુપ્રીમમાં જવાની પૂરતી તૈયારી છે. સરકારને પણ અપીલ કરીએ છીએ કે, અમારી સાથે રહી સુપ્રીમમાં આરોપીઓનાં જામીન રદ્દ કરવા બાબતે ટેકો આપે. સરકાર મદદ નહીં કરે તો પણ અમે સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી કરી લીધી છે. આ કેસમાં સાવ ઢીલી કામગીરી કરવામાં આવી રહી છે. દરરોજ કેસ ચલાવવા તેમજ કડકમાં કડક સજા આપવામાં આવે તેવી અમારી પહેલાથી જ માગ હતી, પરંતુ તેને બદલે આરોપીઓનાં જામીન મંજુર કરવામાં આવ્યા છે. ત્યારે હવે સુપ્રીમમાં જવા સિવાય અમારી પાસે બીજો વિકલ્પ નથી.

### મોરબીમાં 24 કલાકમાં બે મોટી ચોરી

# વાઘપરામાં 4.35 લાખની ઘરફોડ ચોરી, મેડિકલ કોલેજ પાસેથી બાઇક ચોરાયું



(એજન્સી) મોરબી | તા. 09

મોરબી શહેરમાં છેલ્લા 24 કલાકમાં બે અલગ-અલગ સ્થળે ચોરીની ઘટનાઓ બની છે. વાઘપરા વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીમાં તસ્કરોએ 4.35 લાખનો મુદ્દામાલ ચોર્યો છે, જ્યારે મેડિકલ કોલેજ પાસેથી એક બાઈકની ચોરી થઈ છે.

વાઘપરા શેરી નંબર 8માં આવેલા માતૃ કૃપા મકાનમાં રહેતા રવિભાઈ મોરારજીભાઈ કંઝારિયા (37)ના બંધ મકાનના તાળા તોડી અજાણ્યા શખ્સે ચોરી કરી હતી. ચોર કબાટના લોક તોડી તેમાંથી રોકડ રૂપિયા 2.90 લાખ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ 4.35 લાખનો મુદ્દામાલ ચોરી ગયો હતો.

બીજી ઘટનામાં, રેલ્વે સ્ટેશન નજીક આવેલી મેડિકલ કોલેજ પાસે વીસીપરા વિસ્તારના કુલીનગરમાં રહેતા જગદીશભાઈ રમેશભાઈ બોડા (33)નું રૂપિયા 30 હજારની કિંમતનું બાઈક (નંબર GJ-36-A-3937) ચોરાયું હતું. બંને ઘટનાઓની ફરિયાદ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શહેરમાં વધતી ચોરીની ઘટનાઓને લઈને નાગરિકોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# માવતરનો અત્યાચાર : મને બીજી મમ્મી દરરોજ દંડા વડે મારતી હતી

(એજન્સી) આણંદ | તા. 09

અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર શુક્રવાર બપોરે 3 વાગ્યા પહેલા અમદાવાદ નિષ્ઠુર દંપતિ 5 વર્ષના ઓરમાન પુત્રને માર મારીને કારમાં વાસદ લાવ્યા બાદ ઉતારી રફુચકર થઇ ગયું હતું. હાલ આણંદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા કનૈયા ઉદયની માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ સંભાળ રાખી રહી છે. હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા બાળકે કાલી ઘેલી ભાષમાં તુટક તુટક વાત કરી પોતાની વેદના જણાવી હતી.

મારી મમ્મીનું નામ લક્ષ્મી છે. પિતાનુ નામ ઉદય છે જ્યારે મામાનું નામ શિવમ છે. અમદાવાદમાં રહેતો હતો. મારી બીજી મમ્મી સાથે ઘણા સમયથી રહું છું. પરંતુ પહેલી મમ્મી કયાં રહે છે. તે ખબર નથી. જો કે હુ મમ્મી પપ્પા સાથે રહું છે. પરંતુ મારી બીજી મમ્મી મને ઘરની બહાર જાઉં તો ઘરમાં લાવીને દરરોજ મારતી હતી. ઘરમાં કંઇ વસ્તુ પડે તો પણ મને મારતી હતી. ઘરની બહાર જવા દેતી ન હતી. દરરોજ મને લાકડાંના દંડા વડે મારતી હતી. સવાર સાંજ જમવાનું આપતી હતી. પરંતુ મારે જોઇ તે વસ્તુ લઇ આપતી ન હતી. તેમજ પપ્પા ઘરે આવે ત્યારે મમ્મી ફરિયાદ કરે તો મને મારતાં હતા. કાલે સવારે મને મારી મમ્મી અને પપ્પાએ લાકડાના દંડા વડે પગ મારમાર્યો હતો. જેથી રડતો હતો તેથી મમ્મી પપ્પા ગુસ્સે થઇ ગયા હતા. બપોરે મને કારમાં બેસાડી લઇ આવ્યાં હતા. રસ્તામાં પણ મારતા હતા. તેમજ કોઇ જગ્યાએ કારમાં ઉતારી ચાલ્યા ગયા. એક ટેમ્પોવાળા કાકા મને રોડ પર જોઇને ઉભા રહી ગયા અને કોઇને ફોન કર્યો હતો. ત્યાર બાદ દવાખાનાની ગાડી આવેની મને દવાખાને મૂકી ગઇ, પોલીસ કાકાએ મને પૂછ્યુ તે મે કહ્યુ છે, મને માતા- પિતા મારતા હોવાથી મારે ઘેર પાછા નથી જવું. - ઈજાગ્રસ્ત બાળક કનૈયા ઉદય

આણંદ માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ ભૂખ્યાને ભોજન અને નિરાધરોને આશ્રય આપવાનું સેવાનું કામ કરે છે. માનવતા ચેરીટેબલ ટ્રસ્ટના સકીલભાઇને જાણ થતાં તેઓ આણંદ સિવિલ હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. બાળકની સાથે રહીને તેની તમામ સારવાર તેમજ ખાવાપીવા સહિતની વ્યવસ્થા કરી છે.

# જૂનાગઢમાં પુલ નીચે કચરામાં લાગી આગ:સક્કરબાગ પાસે આગ બાદ ધૂમાડાના ગોટેગોટા

જૂનાગઢ | જૂનાગઢમાં સક્કરબાગ નજીક આવેલી સોનરખ નદીના પુલ નીચે બપોરના સમયે અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. પુલ નીચે મોટા પ્રમાણમાં એકઠો થયેલો કચરો સળગી ઊઠતાં ધૂમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. આ ધૂમાડાને કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કેટલાક અજાણ્યા વ્યક્તિઓએ કચરો બાળવા માટે આગ લગાડી હોવાની શક્યતા છે. રસ્તા પરથી પસાર થતા લોકોએ આ ઘટનાની જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરી હતી. સૂચના મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી



ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આ ઘટનાએ શહેરમાં કચરા વ્યવસ્થાપન અને લોકોની બેદરકારી જેવા મુદ્દાઓ તરફ ધ્યાન દોર્યું છે. સ્થાનિક તંત્રએ આવી ઘટનાઓ ન બને તે માટે કડક પગલાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે.

# ઠગાઇ:વિજય બેંકના મહિલા મેનેજરની 10 કાર લોન પાસ કરી 93.15 લાખની છેતરપિંડી

(એજન્સી) રાજકોટ | તા. 09

શહેરના મંગળા રોડ પર આવેલી વિજય કોમર્સિયલ કો-ઓપરેટિવ બેંકની મહિલા મેનેજરે પોતાની બ્રાંચમાં મળતિયાઓ સાથે મળી નકલી ડોક્યુમેન્ટના આધારે 10 કાર લોન પાસ કરી હતી. 10 કાર લોનના રૂ.93.15 લાખ ઉપડી ગયા હતા, પરંતુ એકપણ કારની ખરીદી થઇ નહોતી. એટલું જ નહીં લોનની રકમની પણ ભરપાઇ નહીં કરી છેતરપિંડી આચરવામાં આવી હતી. વિજય કોમર્સિયલ કો-ઓપરેટિવ બેંકની કનક રોડની મુખ્ય બ્રાંચમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતાં દુર્ગેશભાઇ વ્રજલાલ આચાર્ય (ઉ.વ.47)એ એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બેંકના મંગળા રોડ શાખાના મેનેજર દેવિકા વસા, લોન બ્રોકર શ્રુજય સંજય વોરા, લક્ષ્યાંક શૈલેષ વિઠલાણી, જૈન સાયન્ટિફિક ઉદ્યોગ નામની ભાગીદારી પેઢીના જવાબદારો, મહાકાલ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર મીત મહેશ પરમારના નામ આપ્યા હતા. દુર્ગેશભાઇ આચાર્યએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ચાર મહિના પહેલાં વિરેન પાંઉ તથા સમીર અઢિયાએ કાર લોન બાબતે અરજી કરી હતી, જે બાબતે તપાસ કરતાં બેંકની શાખા મેનેજર દેવિકાએ લોન બ્રોકર શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણીએ ઉપરોક્ત બે લોન ઉપરાંત અન્ય 8 કાર લોન પાસ કરાવી હતી, જે તમામ કાર લોનમાં લોનધારકરોએ મહાકાલ એન્ટરપ્રાઇઝના નામે રૂ.93.15 લાખના ક્વોટેશન રજૂ કર્યા હતા અને તે તમામ રકમ મહાકાલ એન્ટરપ્રાઇઝના નામે ચૂકવી હતી. તમામ કાર ટાટા કંપનીની અલ્ટ્રોઝ સીએનજી કાર દર્શાવવામાં આવી હતી, તમામ કારની લોન માટે આરસીબુક, ઇન્સ્યોરન્સ પોલિસી સહિતના દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ દસ્તાવેજોની ચકાસણી કરાતા તે તમામ નકલી હોવાનું ખુલ્યું હતું. આમ બેંકની શાખા મેનેજર દેવિકા વસાએ બે લોન બ્રોકર શ્રુજય તથા લક્ષ્યાંક સાથે ગુનાહિત કાવતરું ઘડી 10 કાર લોન નકલી ડોક્યુમેન્ટ પર પાસ કરી રૂ.93.15 લાખની લોન મંજૂર કરી તે રકમ ઉપાડી લીધી હતી.

# બાળકોમાં સતત વધી રહેલી બિમારી પાછળ સ્કૂલબેગનું વજન જવાબદાર? સંશોધનાત્મક તારણો રજૂ કર્યા

## 2023ના વર્ષ દરમિયાન રાજયના અલગ અલગ જિલ્લામાં હાર્ટએટેકથી છ વિદ્યાર્થીના મૃત્યુ થયા હતા



(એજન્સી) ભાવનગર । તા. 09

અભ્યાસક અને સહઅભ્યાસક પ્રવૃત્તિમાં તેજસ્વી અને હોશિયાર દેખાવાની ઘેલછાના કારણે આજનું બાળ માનસ સતત તણાવગ્રસ્ત થઈ રહ્યું છે જેના કારણે બાળ અવસ્થામાં જ હૃદયરોગથી લઈ અનેક નાની મોટી બિમારી ઘર કરી રહી છે. બાળકોમાં સતત વધી રહેલી બિમારી પાછળ તેમના સ્કૂલબેગના વજનથી લઈ શાળામાં સતત 12 કલાક સુધી બેસાડી રાખવાની બાબત પણ કારણભૂત હોવાનું તાજેતરમાં થયેલાં વિવિધ સંશોધનના તારણોમાં ફલિત થયું હોવાનું શહેરના બાળ નિષ્ણાંત તબીબે જણાવ્યું હતું. ભાવનગરના બાળ નિષ્ણાંત તબીબ ડૉ.આઈ.કે. વિજળીવાળાએ વિવિધ સંશોધનના તારણોને ટાંકતા જણાવ્યું કે, ગત - 2023ના વર્ષ દરમિયાન રાજયના અલગ અલગ જિલ્લામાં હાર્ટએટેકથી છ વિદ્યાર્થીના મૃત્યુ થયા હતા. આ કિસ્સામાં મોતના વિવિધ કારણોમાં એક કારણ તેમના ભણતરનું ભારણ તો નથીને? તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. જો કે, તેમણે ઉમેર્યું કે, બાળકના વજનના 10 ટકાથી વધુ સ્કૂલ બેગનું વજન ન હોવું જોઈએ તેવો કાયદો બનાવ્યો છે. પણ તેનું પાલન ક્યાંય થતું નથી. ભારે વજન ઉંચકવાથી માર્ફાન સિન્ડ્રોમ નામની બિમારી થાય છે. હાલ દર પાંચ હજાર બાળકોએ એક બાળક તેનો શિકાર હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે પરદેશની એક યુનિવર્સિટીએ રજૂ કરેલાં એક અભ્યાસના તારણને ટાંકતાં જણવયું કે, જે બાળકોના વજનના 8 ટકા સુધી સ્કૂલ બેગનું વજન હોય તો તે સામાન્ય ગણાય પરંતું, બાળકો પોતાના વજનનાં 10.5 ચકાથી લઈને કે 13 ટકા સુધીના વજન સાથેનું સ્કૂલ બેગનું ભારણ ઉપાડે તો તેમના તેમના હૃદયના ધબકારા તેમજ મિનિટ વેન્ટીલેશનમાં ખાસ્સો વધારો જોવા મળ્યો હતો. જે પણ આગળ જતાં મોટી તકલીફ નોતરી શકે તેમ હોવાનું કહ્યું હતું. ઉપરાંત, તેમણે હાલ શાળામાં સતત 1 કલાક બેસાડી રાખી અભ્યાસ કરાવવાની પ્રથા શરૂ થઈ છે તેના કારણે સર્જાતી બિમારી અંગેના સંશોધનાત્મક તારણો જણાવ્યા હતા. જેમાં તેમણે કહ્યું કે, લાંબો સમય એક જ સ્થળે બેસી રહેવાથી બાળકોમાં ઓબેસિટી એટલે કે સ્થુળતાનું જોખમ વધે છે. સાથે પગની નસોમાં લોહીનો પ્રવાહ ધીમો થવાથી અને એમાં લોહીનો ગઠ્ઠા જામી જવાનું જોખમ રહેલું છે. એક અભ્યાસ દરમ્યાન 21 4 બાળકોમાંથી લગભગ 199 બાળકોમાં આ તકલીફ જોવા મળી હતી. ધો. 10થી ધો.12ના બાળકો 24 કલાકમાંથી લગભગ 12 કલાક જેટલો સમય શાળામાં બેસી રહે છે. ઘણી શાળા બાળકોને વેકેશન પણ આપતી નથી, પરંતુ, રજાઓ તેમજ વેકેશનથી બાળક મોનોટોની એટલે કે સમાન રીતે થતી રોજિંદી કાર્યવાહીમાંથી છૂટકારો મેળવે છે.

### બાળકોને અકાળે મૃત્યુ પામતા અટકાવવાના સૂચનો

1. બાળકો તેમજ તરૂણો પુરી ઉંઘ લઈ શકે એ રીતે શાળા કાર્ય ગોઠવવું જોઈએ.
2. બાળકોને સતત બેસાડી ન રાખવા જોઈએ.
3. શાળાનો સમય અઠવાડીયે 30 કલાકથી વધારે ન જ હોવો જોઈએ.
4. રજાના દિવસે રજા જ હોવી જોઈએ, એક દિવસ બાળકોને ત્રણ કલાક ફરજીયાત ગ્રાઉન્ડમાં રમાડવાં જોઈએ.
5. દફતરનું વજન બાળકના વજનના 8 ટકાથી વધારે ન હોવું જોઈએ.
6. સિલેબસનું ભારણ ઘટાડવાથી ઘણા પ્રશ્નો હલ થઈ શકે.

## 2008 થી દર વર્ષે પાલખીયાત્રા નિકળે છે

## માતંગી મંદિરે પાટોત્સવ

## સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અખંડ યજ્ઞ યોજાશે



(એજન્સી) ભાવનગર । તા. 09

સમગ્ર ગુજરાત રાજયમાં એકમાત્ર ભાવનગરમાં આવેલા મોઢ સમાજના કુળદેવી માતંગી માતાજીના મંદિરમાં આગામી તા.10 મીએ યોજાનાર 24 માં પાટોત્સવ અવસરે સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધી નિશુલ્ક અખંડ યજ્ઞા યોજાશે. જેમાં નાત જાતના ભેદભાવ વગર તમામ ભાવીકો દ્વારા મંત્રોચ્ચાર વચ્ચે આહૂતિ અપાશે. તેમજ ભાવિકો શીખર સ્નાનનો પણ ધર્મલાભ લઈને ધન્યતા અનુભવશે.વિદ્યા અને કલાની દેવી ગણાતા માતંગી માતાજીના સમગ્ર ગુજરાત રાજયમાં 10થી વધુ સ્થળોએ માઈ મંદિર આવેલા છે. જે પૈકીના મહેસાણા પાસેના મોઢેરા બાદ ભાવનગર શહેર અને જિલ્લાના એકમાત્ર ગણાવાતા શહેરના સરદારનગરમાં આવેલ સમસ્ત મોઢ સમાજની આસ્થાના કેન્દ્ર સમાન માતંગી માતાજીના મંદિરમાં વર્ષ દરમિયાન અનેકવિધ ધાર્મિક, સામાજિક, આધ્યાત્મિક અને સેવાકીય પ્રવૃતિઓનો ધમધમાટ જોવા મળે છે. જેમાં ભાવનગરમાં સ્થાયી થયેલા મોઢ વણિક અને મોઢ બ્રાહ્મણ સમાજના 25 હજારથી વધુ ભાવિકો સહભાગી થતા હોય છે. મોઢેશ્વરી ઉર્ફે માતંગી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે 24 માં પાટોત્સવની ઉજવણીનો ગત તા.25મીથી પ્રારંભ થયો હતો. જેમાં 100 કિલો ફૂલોની પાંખડીની વૃષ્ટિ કરાશે. જયારે તા.10 ને સોમવારે સવારે 5-30 કલાકે કેસર સ્નાન, સવારે 6-30 કલાકે મંગળા આરતી થશે. ત્યારબાદ સવારે 7 કલાકે 51 લીટર ગાયના દૂધથી શિખરસ્નાન થશે, બાદ ધ્વજારોહણ, રાજોપચાર પૂજા, અભિષેક પૂજા થશે અને બપોરે 151 વાનગીઓનો અન્નકુટ ધરાશે. બપોરે 4 કલાકે અઢારેય વરણના ભાવિકોને સાથે રાખીને ઘોડા અને બગીઓ તેમજ જનજાગૃતિવર્ધક ફલોટસ સાથેની વિશાળ પાલખીયાત્રા નિકળશે. સાંજે 7 કલાકે મહાનિલાંજન આરતી અને ભવ્ય આતશબાજી થશે ત્યારબાદ મહાપ્રસાદ રાખેલ છે. ટ્રસ્ટ દ્વારા 2008 માં હાથીની અંબાણી પર માતાજીને બિરાજમાન કરાવી નગરયાત્રા યોજાઈ હતી, ત્યારથી દર વર્ષે રથયાત્રા નિકળે છે. જેમાં 2011 માં હેલીકોપ્ટર દ્વારા પાલખીયાત્રા પર પુષ્પવૃષ્ટિ કરાઈ હતી.

## છ કાર છ કિમી દોડાવી સ્ટંટ, એરગન લહેરાવી

# ગાંધીધામમાં ધોરણ 12ના 15 નબીરાએ મચાવી ધમાલ

(એજન્સી) ગાધીધામ । તા. 09

ગાધીધામનાં શિણાય - આદિપુર રોડ પર 10 જેટલી કાર લઈ જાહેર રોડ પર જોખમી રીતે સ્ટંટ કરી યુવાનોએ આખું ગાંધીધામ માથે લીધું હતુ. જેમાં 10 થી વધારે યુવાનોએ સોશિયલ મીડિયામાં ફેમસ થવા હાથમાં પિસ્તોલ જેવી દેખાતી એરગન લઈ જાહેર રસ્તા પર ગાડીની બહાર લટકી અને બેફામ કાર દોડાવી પોતાનું વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યો હતો. જે વીડિયો પૂર્વ કચ્છ પોલીસની નજરે ચડતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. જેમાં પોલીસે ગણતરીનાં કલાકોમાં જાહેર રોડ પર સીનસપાટા મારી પોતાનું અને બીજાનું જીવ જોખમમાં નાખનારા 10 કાયદાનાં સંઘર્ષમાં આવેલા કિશોરો સાથે અન્ય પાંચ શખ્સો સહીત કુલ 15 ઈસમોની ધરપકડ કરી લીધી હતી અને વીડિયોમાં દેખાતી 6 જેટલી કાર પણ પોતાના કબ્જામાં લઈ તમામ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગત 7 ફેબ્રુઆરીનાં સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર એક રીલ ખુબ ઝડપથી વાયરલ થઈ હતી. જેમાં અલગ અલગ કારમાં 10થી વધારે યુવાનોએ પોતાનું જીવ તેમજ રોડ પર ચાલતા રાહદારીઓ અને અન્ય વાહન ચાલકોનું જીવ જોખમમાં મૂકી પોતાની કાર ગાંધીધામનાં શિણાય - આદિપુર રોડ પર ખુબ જ પુરઝડપે અને જોખમી રીતે ચલાવી હાથમાં એરગન લઈ જાહેર રોડ પર સીનસપાટા કરી સોશિયલ મીડિયા પર ફેમસ થવા તે વિડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી દીધો હતો. જે વીડિયો ખુબ ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.





### સ્કૂલનાં ફેરવેલ પ્રોગ્રામમાં જતી વખતે ધમાલ મચાવ્યો

પ્રાપ્ત માહિતી અનુસાર શિણાય ખાતે આવેલી આત્મીયા વિધાપીઠ સ્કૂલમાં 12માં ધોરણમાં ભણતા વિધાર્થીઓ માટે ફેરવેલ ફન્શન યોજવામાં આવ્યો હતો. જે પોગ્રામમાં જતી વેળાયે 12માં ધોરણનાં 12 વિદ્યાર્થી અને બાકી તેમના ત્રણ મિત્રોએ 10 જેટલી કારો લઈ મુન્દ્રા સર્કલથી સ્કૂલ સુધીનાં 5 કિલોમીટરનાં દાયરામાં રીત સરનું સરઘસ કાઢ્યું હતુ. જેમાં નબીરાઓએ સ્પીડમાં કાર ચલાવી હાથમાં એયરગન લહેરાવી રીતસરનો ભયનો માહોલ ઉભો કર્યો હતો.

### નબીરાઓનાં વાલી અલગ અલગ ધંધાર્થી, પૈસાનાં નસામાં ચૂર કોઈનું જીવ લે તો જવાબદાર કોણ?

12માં ધોરણમાં ભણતા અને ફક્ત 17 થી 20 વર્ષનાં યુવાનો પોતાના બાપનાં રૂપિયાનાં નશામાં કેટલાની જિંદગીઓ જોખમમાં નાખી દીધી હતી. 6 કિલોમીટરની કાર રેશમાં કેટલી વાર વિડીયોમાં કાર બેકાબુ થતી હોવાનું પણ નજરે ચડે છે. પોલીસે વીડિયો બહાર આવ્યા બાદ આરોપીઓની ધરપકડ તો કરી લીધી હતી પરંતુ શું લાઈસન્સ વગર પોતાના બાળકોને બીજાનું જીવ જોખમમાં નાખવા ગાડી આપનારા વાલીઓ પર પોલીસ કાર્યવાહી કરશે?

### સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતા પોલીસ હરકતમાં આવી

આદિપુર - શિણાય રોડ પર ધમાલ મચવનારા નબીરાઓનો વિડીયો ટૂંક સમયમાંજ વાયરલ થઈ ગયો હતો. જે વિડીયો પોલીસની નઝરે ચડતા પોલીસે એક્સન લીધો હતો. જેમાં પોલીસે ગણતરીનાં કલાકોમાંજ કારની રેસ લગાડી પોતાનું તેમજ અન્ય લોકોનું જીવ જોખમમાં નાખનારા કાયદાનાં સંઘર્ષમાં આવેલા 10 બાળકિશોર અને તેમની સાથે અન્ય 5 ઈસમોને ઝડપી લીધા હતા અને તેમના પાસેથી 6 કાર કબ્જે કરી તેમના વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

### ત્રણેય વિરૂધ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો

## દીપકચોક નજીકથી દારૂ, બિયરના ટીન સાથે મહિલા સહિત 3 ઝડપાયા


(એજન્સી) ભાવનગર । તા. 09

શહેરના આડોડીયાવાસ દીપકચોકમાં જાહેર રોડ પરથી એક મહિલા અને પુરુષને વિદેશી દારૂ અને બિયરના ટીન સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા હતા.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર, પેરોલ ફર્લો સ્કવોડનાં સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન ભાવનગર શહેર, આડોડીયાવાસ, દીપકચોકમાં જાહેર રોડ ઉપર બે ઈસમો તથા એક મહીલા હાથમાં અલગ-અલગ કલરના નાના-મોટા પ્લાસ્ટીકના થેલાઓમાં કંઈક શંકાસ્પદ હાલતમાં લઈ ઉભેલ હોવાની બાતમીના આધારે દરોડો કરી દીપકચોકમાં ઉભેલા તુષાર ઉર્ફે ભોદુ પ્રકાશભાઈ પરમાર હીંમાશુ ભીખાભાઈ પરમાર અને ઉર્વશીબેન વિશાલભાઈ રાઠોડને અટકાવી તલાસી લેતાં પ્લસ્તિકના થેલામાંથી વિદેશી દારૂની બોટલ ૩૧૦,બિયરના ટીન ૨૩ મળી આવતા પોલીસે વિદેશી દારૂની બોટલ ૩૧૦ રૂ.૩૭,૨૦૦ , બિયરના ટીન ૨૩ રૂ.૩,૩૩૫ મળી કુલ રૂ.૪૧,૧૩૫ નાં મુદ્દામાલ સાથે મહિલા સહિત ત્રણને ઝડપી લીધા હતા.તેના વિરૂધ્ધ ભાવનગર શહેર, ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## વાગડ વિસ્તારમાં રવિવારે બપોરે સર્જાયેલા અકસ્માતે બેનો ભોગ લીધો

રાપર આડેસર માર્ગ વચ્ચે ભીમાસર નજીક અલ્ટો અને અર્ટિગા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આડેસર થી રાપર તરફ જઈ રહેલી અલ્ટો ગાડી સાથે સામેથી આવતી અર્ટિગા ધડાકાભેર અથડાઈ હતી જેના કારણે અલ્ટોમાં બેઠેલા બે યાત્રીઓ ઘટનાસ્થળે મૃત્યુ થયા હતા.



મહેશ એલ.સોની
નખત્રાણા

## આશા વર્કર કર્મચારીઓનું રાજયવ્યાપી સંમેલન, 22 પડતર પ્રશ્નોનોની બજેટમાં સમાવેશ કરવાની માંગ



(એજન્સી) ભાવનગર । તા. 09

લઘુતમ વેતનથી પણ ઓછું વેતન મેળવતાં આંગણવાડી- આશા વર્કર કર્મચારીઓ પાસે સરકારે ડિજિટલ કામગીરીનો આગ્રહ શરૂ કર્યો છે પરંતુ, આ કામ માટે મોબાઈલ ખરીદવા કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આપેલી રૂ.60 કરોડની ગ્રાન્ટ એક વર્ષથી વપરાયા વગરની ધૂળ ખાતી હોવાનો કર્મચારી સંગઠને આક્ષેપ કર્યો છે. જયારે, રાજ્ય સરકારના આગામી બજેટમાં આંગણવાડી- આશા વર્કર કર્મચારીઓના વિવિધ 22 પ્રશ્નોને સમાવિષ્ટ કરી તેનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ સાથે આજે રવિવારે અમદાવાદમાં આંગણવાડી- આશા વર્કર કર્મચારીઓનું રાજયવ્યાપી સંમેલન મળશે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠને આક્ષેપમાં જણાવ્યું કે, મહિલા અને બાઓળ વિકાસ વિભાગની પાયાની કામગીરી સંભાળતી રાજયની એકલાખથી વધુ આંગણવાડી વર્કર બહેનો તેમજ આરોગ્ય વિભાગ હેઠળ સેવા આપતી આશાવર્કર અને ફેસિલેટર બહેનો અનેક મુશ્કેલીઓ વચ્ચે સેવા બજાવી રહી છે. આંગણવાડી- આશા વર્કર કર્મચારીઓને અપાતા નજીવ વેતનની સુપ્રીમ કોર્ટે પણ ગંભીર નોંધ લીધી છે જ્યારે, હાઈકોર્ટે આ કર્મચારીઓને કાયમી કરી લઘુતમ વેતન આપવ આદેશ કર્યો છે. પરંતુ, હજુ સુધી તેનો અમલ થયો ન હોવાનું તેમણે આક્ષેપમાં ઉમેર્યું હતું. સંગઠને વધુમાં જણાવ્યું કે, એક તરફ કેન્દ્ર અને રાજયની વિવિધ યોજનાઓ અંગેની મોટાભાગની કામગીરી આંગણવાડી- આશા વર્કર કર્મચારીઓ પાસે જ કરાવવામાં આવે છે. હાલ આ કામગીરીને ડિજિટલ બનાવવામાં આવી રહી છે જેના ભાગરૂપે કર્મચારી બહેનોને કામગીરી માટે મોબાઈલ આપવા માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ગ્રાન્ટ પેટે રૂા.60 કરોડ આપ્યા છે પરંતુ, એક વર્ષથી આવેલી આ રકમનો ઉપયોગ થયો ન હોવાથી કર્મચારીઓની કામગીરી બેવડાઈ રહી છે. તેમણે અંતમાં આંગણવાડી- આશા વર્કર કર્મચારીઓના અલગ-અલગ 22 પ્રશ્નો અંગે વખતો વખત રજૂઆત કરવામાં આવી છે છતાં તેનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી.

## 3 વેપારીના રૂા. 62 લાખના હીરા લઈ કારખાનેદાર પરિવાર સાથે રફૂચક્કર

### કારખાને દાર વિરૂદ્ધ ઠગાઈની બે ફરિયાદ નોંધાઈ , ચોમેર મંદીના માહોલ વચ્ચે નામી કારખાનેદારે ઠગાઈ આચરી

(એજન્સી) ભાવનગર । તા. 09

હીરાબજારમાં ચોમેર મંદીના માહોલ વચ્ચે શહેરના બોરતળાવમાં હીરાનું કારખાનું ચલાવતાં નામી કારખાનેદારે અલગ-અલગ ત્રણ વેપારી પાસેથી રૂા.૬૨.૭૮ લાખના હીરા લઈ નાણાં ન ચૂકવી પોતાની ઓફિસ,કારખાનું અને ઘર બંધ હવામાં ઓગળી ગયો હતો. જો કે, ભારે શોધખોળ બાદ પણ કારખાનેદાર ન મળી આવતાં હીરા આપનાર વેપારીઆએ કારખાનેદાર વિરૂદ્ધ છેતરપિંડી આચર્યાની બે અલગ-અલગ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, આ બનાવના પગલે હીરાબજારમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. ભાવનગરમાં હીરાના વેપારીઓ સાથે છેતરપિંડીના બનાવોનું પ્રમાણ દિન પ્રતિદિન વધુ રહ્યું છે.હીરા ખરીદી રૂપિયા નહિ આપી છેતરપિંડી આચરવા જેવા બનાવો હીરા બજારમાં છશ વારે સામે આવી રહ્યા છે.ત્યારે વધુ એક છેતરપિંડીની ઘટના સામે આવી છે.જેમાં શહેરના જવેલ્સ સર્કલની બાજૂમાં આરટીઓ રોડ પર આવેલ શિવમ નગરમાં રહેતા અને આરટીઓ સામે હીરાની ઓફિસ તેમજ બોરતળાવ રોડ પર હીરાનું કારખાનું ધરાવતા લલિતભાઈ છગનભાઈ વઘાસિયાને બે અઢી વર્ષથી શહેરના બોરતળાવ રોડ આવેલાં તેમના કારખાની સામે હીરાનું કારખાનું ધરાવતા રમેશ વલ્લભ પટેલ ઉર્ફે આર.વી. (રહે. શિવશક્તિ રેસીડેન્સી, પ્રેસ ક્વાર્ટર બાજુમાં, ચિત્રા,ભાવનગર) સાથે હીરાની લેતીદેતી થતી હતી. બન્ને કારખાનેદારો એકબીજાને વર્ક ઓર્ડર ઉપર કામ કરી આપતા હતા, તેમજ રમેશ પટેલ માલ ખરીદી વેચાણ પણ કરી સમયસર નાણાં ચૂકવી આપતા લલિતભાઈને તેમના પર ધંધાકીય ભરોસો વધ્યો હતો. દરમિયાનમાં . રમેશ પટેલ લલિતભાઈને ઉધાર માલ પર સારી કિંમત અને વળતર આપવાની લાલચ આપતાં તે લાલચમાં આવી ગયા હતા.

### કારખાનેદારે અન્ય 4 વેપારી સાથે પણ ઠગાઈ આચરી : ડાયમંડ એસો. પ્રમુખ

હીરાના ત્રણ વેપારીઓ પાસેથી ઉધારમાં હીરા લઈ નાણાં કે હીરા પરત ન આપી પરિવાર સાથે રફૂચક્કર થઈ નાર રમેશ વલ્લભ ઉર્ફે આર.વી. પટેલ અને રમેશ વલ્લભ વૈષ્ણવ એક જ શખ્સ હોવાનું ભાવનગર ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ઘનશ્યામ ગોરસિયાએ જણાવ્યું હતું. આ જ શખ્સે અગાઉ અન્ય ચારેક વેપારીઓ પાસેથી પણ રૂા. ૯૦ લાખની કિંમતના હીરા મેળવી છેતરપિંડી આચર્યાનું તેમણે વિગત આપતાં જણાવ્યું હતું.

### કોરિયન ફ્લેગનું એલએનજી યોંગ જહાજ આખરી સફરે અલંગ આવી રહ્યું છે

## અલંગમાં આવી રહેલા જહાજમાં જોખમી કચરો હોવાની સંભાવના, એજન્સીઓ સતર્ક

(એજન્સી) ભાવનગર । તા. 09

અલંગમાં આખરી સફરે આવી રહેલા એલએનજી યોંગ નામના શિપમાં પર્યાવરણના દ્રષ્ટિકોણથી જોખમી કચરો હોવાની સંભાવનાને લઈને સરકારી એજન્સીઓ સતર્ક થઈ છે. કોરિયન ફ્લેગવાળું જહાજ આગામી સોમવારે અથવા મંગળવારે અલંગ પહોંચશે અને આ શિપમાં પર્ટાઈલનો જથ્થો હોવાની શંકાને પગલે જીપીસીબી દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, પર્યાવરણના દ્રષ્ટિકોણથી જોખમી આ જહાજને બાંગ્લાદેશ દ્વારા રિજેક્ટ કરવામાં આવ્યું હતું.



કોરિયન ફ્લેગના એલએનજી યોંગ નામના જહાજ પોતાની આખરી સફરે નિકળ્યું છે અને આગામી સોમવાર કે મંગલળાર સુધીમાં તે અલંગ માં ભાગાણાર્થે આવી પહોંચશે. જો કે, આ જહાજ અલંગ પહોંચે તે પૂર્વે જ તેના નામને લઈ વિવાદનો વંટોળ શરૂ થઈ ગયો છે. અલંગમાં આવી રહેલાં આ જહાજમાં પર્યાવરણના દ્રષ્ટિકોણથી જોખમી પદાર્થ હોવાની શંકાને પગલે જીએમબી, કસ્ટમ, જીપીસીબી સહિતની એજન્સીઓ સતર્ક થઈ છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમારૂ સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. આજે જો તમે કોઈને સલાહ આપશો.

**વૃષભ (બ,વ,ઉ)**
તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી.

**મિથુન (ક,છ,ઘ)**
તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે.

**કર્ક (ડ,હ)**
એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**સિંહ (મ,ટ)**
તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ જ આનંદપ્રદ હશે.

**કન્યા (પ,ઠ,ણ)**
લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો પરિવારના સભ્ય ।તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**તુલા (ર,ત)**
તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

**વૃશ્ચિક (ન,ય)**
તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.

**ધન (ભ,ધ,ફ)**
શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**મકર (ખ,જ)**
તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે.

**કુંભ (ગ,શ,સ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. આજે જો તમે કોઈને સલાહ આપશો-તો તે મેળવવા માટેની તૈયારી પણ રાખજો.

**મીન (દ,ચ,ઝ,થ)**
કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

### બજેટ દરખાસ્તો તથા વ્યાજ દરમાં કપાતથી ઈક્વિટીમાં વેચવાલી અટકવા અપેક્ષા

# શેરબજારમાંથી વિદેશી રોકાણકારોએ રૂપિયા એક લાખ કરોડ પાછા ખેંચ્યા

(એજન્સી) મુંબઈ | તા.09



૨૦૨૫માં એફઆઈઆઈની ભારતીય ઈક્વિટી કેશમાં વેચવાલીનો આંક ફેબ્રુઆરીમાં જ રૂપિયા એક લાખ કરોડની નજીક પહોંચી ગયો છે. ૨૦૨૪માં રૂપિયા એક લાખ કરોડની વેચવાલીનો આંક મેમાં પાર થયાનું જોવા મળ્યું હતું. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ભારતીય ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) વર્તમાન મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા છે. જાન્યુઆરીમાં ઈક્વિટી કેશમાં એફઆઈઆઈએ રૂપિયા ૮૭૩૭૪ કરોડની નેટ વેચવાલી કરી હતી. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં એફઆઈઆઈએ કેશમાં રૂપિયા ૧૦૧૭૯.૪૦ કરોડની નેટ વેચવાલી કરી છે. ૨૦૨૫માં અત્યારસુધી ઈક્વિટી કેશમાં રૂપિયા ૯૭૦૦૦ કરોડથી વધુની વેચવાલી આવી પડી છે. ૨૦૨૫માં એફઆઈઆઈ દ્વારા વેચવાલીની ગતિ જળવાઈ રહેશે તો ૨૦૨૪ના સંપૂર્ણ વર્ષના રૂપિયા ૩૦૪૨૧૭ કરોડની વેચવાલીનો આંક ટૂંકા ગાળામાં જ પાર થઈ જવાનું વિશ્લેષકો માની રહ્યા છે. ડોલર ઈન્ડેકસમાં મજબૂતાઈ તથા અમેરિકન બોન્ડ યીલ્ડસમાં વૃદ્ધિને કારણે વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટીસમાંથી રોકાણ પાછા ખેંચી રહ્યાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. જો કે ડોલર ઈન્ડેકસ તથા બોન્ડ યીલ્ડ ઘટવા લાગતા આગળ જતા એફઆઈઆઈની વેચવાલી પણ ધીમી પડવા શકયતા છે. આગામી નાણાં વર્ષના બજેટમાં આકર્ષક દરખાસ્તો અને રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજ દરમાં કપાતને જોતા શેરબજારમાં તબક્કાવાર સુધારો જોવા મળવાની અપેક્ષા હોવાનું બજારના એક નિષ્ણાતે જણાવ્યું હતું. જો કે આર્થિક વિકાસ દર તથા કંપનીઓના પરિણામો બજારની લાંબા ગાળાની દિશા નિશ્ચિત કરનારા પરિબળો બની રહેશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આવતા સપ્તાહે થનારી બેઠકમાં ભારત પ્રત્યેનો અમેરિકાનો અભિગમે કેવો રહેશે તે સ્પષ્ટ થશે.

# પૈસા તૈયાર રાખજો !

## આવતા અઠવાડિયે આવી રહ્યા છે 8 નવા IPO

(એજન્સી) મુંબઈ | તા.09

IPO રોકાણકારો માટે સારા સમાચાર આવી ગયા છે. આવતા અઠવાડિયે 1 નહીં 2 નહીં પણ 8 નવા IPO પ્રાથમિક બજારમાં સબસ્ક્રિપ્શન માટે ખુલશે, જેમાં SME સેગમેન્ટના પણ IPOનો સમાવેશ થાય છે. આ નવા ઈસ્યુ ઉપરાંત શેરબજારમાં 6 આઈપીઓનું લિસ્ટિંગ પણ થશે. મેઈનબોર્ડ સેગમેન્ટમાં, Ajax એન્જિનિયરિંગ અને હેક્સાવેર ટેક્નોલોજીસના IPO રોકાણકારો માટે ખુલશે. નિષ્ણાતોનું માનવું છે કે વર્ષ 2025 ઈતિહાસનું શ્રેષ્ઠ IPO માર્કેટ બની શકે છે. એવો અંદાજ છે કે આ વર્ષે કંપનીઓ IPO દ્વારા 3 લાખ કરોડ રૂપિયા એકત્ર કરી શકે છે. ચાલો તમને એ પણ જણાવીએ કે કઈ કંપનીઓ તેમના IPO લઈને આવી રહી છે. Ajax એન્જિનિયરિંગ IPO : કોંક્રિટ ઈક્વિપમેન્ટ નિર્માતા Ajax એન્જિનિયરિંગનો IPO 10 ફેબ્રુઆરીના રોજ જાહેર સબસ્ક્રિપ્શન માટે ખુલશે. કંપનીએ 599-629 રૂપિયાની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. IPOમાં કોઈ નવા શેરો વિના માત્ર હાલના શેરધારકો દ્વારા 2.01 કરોડ ઈક્વિટી શેરના OFSનો સમાવેશ થાય છે. Ajax, વિશ્વમાં SLCMના ત્રણ સૌથી મોટા ઉત્પાદકોમાંની એક, ભારતમાં SLCM માર્કેટમાં લગભગ 75 ટકા બજારહિસ્સો ધરાવે છે. ICICI સિક્યોરિટીઝ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા, જેએમ ફાઈનાન્શિયલ, નુવામા વેલ્થ મેનેજમેન્ટ અને SBI કેપિટલ માર્કેટ્સ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે. હેક્સાવેર ટેક્નોલોજીસ IPO: Hexaware Technologies તેના રૂ. 8,750 કરોડના IPOને શેર દીઠ રૂ. 674-708ના પ્રાઈસ બેન્ડ સાથે લોન્ચ કરશે. આ IPO સંપૂર્ણપણે OFS પર આધારિત છે, જેમાં પ્રમોટર કાર્લાઈલ તેનો હિસ્સો વેચી રહી છે. IPO પછી કાર્લાઈલનો હિસ્સો હાલના 95 ટકાથી ઘટીને 74.1 ટકા થઈ જશે. છૂટક રોકાણકારો લઘુત્તમ 21 શેર માટે બિડ કરી શકે છે, જેમાં લઘુત્તમ રૂ. 14,868ના રોકાણની જરૂર પડશે. 2004માં TCSની રૂ. 4,713 કરોડની ઓફરને વટાવીને આ ભારતીય IT સેવા કંપનીનો સૌથી મોટો IPO હશે.

### ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડનો IPO: રોકાણકારોના જબરદસ્ત સમર્થન સાથે ઐતિહાસિક સફળતા!




(એજન્સી) મુંબઈ | તા.09

ચામુંડા ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડે તેના IPO સાથે એક મુખ્ય સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેને રોકાણકારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. 14.60 કરોડના ઈસ્યુને 7000+ કરોડની કિંમતની અરજીઓ પ્રાપ્ત થઈ હતી- જે રોકાણકારોને કંપનીના વિઝન અને એક્ઝિક્યુશન ક્ષમતાઓ પરના મજબૂત વિશ્વાસનો પુરાવો છે.કેટલાક મીડિયા આઉટલેટ્સ ઓફિસ સ્પેસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, પરંતુ તેઓએ વાસ્તવિક કાર્ય જોવું જોઈએ કે જે ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ વાસ્વિતક રીતે જમીન સાથે જોડાઈ કામ કરી રહી છે. ચાલો આપણે સબસ્ટેશનો પર એક નજર કરીએ જ્યાં કંપની સક્રિય રીતે કાર્યરત છે: ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ દ્વારા સંચાલિત સબસ્ટેશન સાઈટ્સ: 1.ગોડથલ એસ.એસ, 2.ડુંગરા એસ.એસ, 3.મગોદ એસ.એસ, 4.સરીગામ એસ.એસ, 5.મહુવા એસ.એસ, 6. GETP SS 7.નવસારી એસ.એસ 8.માંગરોળ એસ.એસ. IPO ની સફળતાથી પણ આગળ, ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ એ ઉદ્યોગમાં અગ્રણી કુશળતા ધરાવતી કંપની છે. ટીમ કામગીરી, જાળવણી અને ટેસ્ટીંગમાં મોટા સબસ્ટેશન પ્રોજેક્ટ્સ પર સક્રિયપણે કામ કરી રહી છે.એક મોટું વિઝન! એન.કે. રાઠોડ 30 વર્ષનો અનુભવ ધરાવે છે. કંપનીને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે. કોઈ મોટી કંપની રાતોરાત સફળ થતી નથી - એપલ અને Gucci એ પણ નાના સ્ટોર્સથી શરૂ થઈ હતી અને આજે અબજો ડોલરની કંપનીઓ બની ગઈ છે. ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ માત્ર શરૂઆત જ નથી કરી રહી - તેણે પહેલેથી જ GETCO અને DNH DD પાસેથી 66 કરોડના પ્રતિષ્ઠિત ઓર્ડર્સ મેળવ્યા છે, જે તેની મજબૂત કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા દર્શાવે છે.

# રોકાણકારોનો મોહ તૂટી રહ્યો છે નવા ડીમેટ એકાઉન્ટની સંખ્યા ઘટી

(એજન્સી) મુંબઈ | તા.09




શેરબજારમાં વોલેટિલિટી વચ્ચે રિટેલ રોકાણકારોનો રસ દિવસોદિવસ ઘટી રહ્યાનું નવા ડીમેટ ખાતા ખોલવાની સંખ્યાને ધ્યાનમાં રાખી કહી શકાય એમ છે. ડિસેમ્બરમાં નવા ખાતા ખોલવાની માત્રા ધીમી પડયા બાદ જાન્યુઆરીમાં પણ તે ધીમી પડયાનું ડીપોઝિટરીસના આંકડા પરથી કહી શકાય એમ છે. ડીમેટ ખાતાની સંખ્યામાં વધારો થવાનું ચાલુ રહ્યું છે, પરંતુ નવા ખાતાનો ઉમેરો જાન્યુઆરીમાં ધીમો પડી ૧૪ મહિનાની નીચી સપાટીએ રહ્યો છે. જાન્યઆરીમાં ૨૮.૩૦ લાખ નવા ડીમેટ ખાતા ખૂલ્યા છેજે નવેમ્બર, ૨૦૨૩ બાદ સૌથી ઓછા છે. ડિસેમ્બરમાં કુલ ૩૨.૯૦ લાખ નવા ખાતા ખૂલ્યા હતા. ૨૦૨૪માં મહિને સરેરાશ ૩૮.૪૦ લાખ નવા ખાતા ખૂલ્યાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. જાન્યુઆરીના અંત સુધીમાં સીડીએસએલ તથા એનએસડીએલ પર ડીમેટ ખાતાની કુલ સંખ્યા વધી ૧૮.૮૧ કરોડ રહી હતી. ઈક્વિટી સેકન્ડરી માર્કેટમાં ગયા વર્ષના ઓકટોબરથી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારે વેચવાલી વચ્ચે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં ગાબડાં પડવાને કારણે રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારોનું માનસ ખરડાયું છે જેની અસર નવા ડીમેટ ખાતા ખોલવામાં જોવા મળી રહી છે. ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતીય ઈક્વિટીસમાં મોટું કરેકશન જોવા મળ્યું હતું. સેન્સેકસ ૭.૩૦ ટકા અને નિફટીમાં ૮.૩૦ ટકા ઘટાડો થયો હતો, જે ૨૦૨૨ના જૂન ત્રિમાસિક બાદ સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો રહ્યો હતો. કોરોના દરમિયાન ઘેરબેઠા આવકના નવા સ્રોત તરીકે શેરબજારોમાં આકર્ષણ વધ્યું હતું અને ત્યારપછી ડીમેટ ખાતાની સંખ્યામાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. ખાતા ખોલાવવામાં સરળતા વધી જવાને કારણે પણ ખાતામાં વધારો ચાલુ રહ્યો છે. માર્ચ ૨૦૨૦માં ડીમેટ ખાતાની સંખ્યા જે ૪.૧૦ કરોડ હતી તે હાલમાં ચાર ગણાથી પણ વધુ જોવા મળી રહી છે.

### એસબીઆઇ ફંડ્સ મેનેજમેન્ટે એજેક્સ એન્જિયરીંગમાં આઇપીઓ પહેલાં રૂ. 212 કરોડનું રોકાણ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.09

એસબીઆઇ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડે તેના બે ફંડ્સ દ્વારા કોંક્રિટ ઈક્વિપમેન્ટ ઉત્પાદક એજેક્સ એન્જિનિયરીંગમાં જાહેર ભરણા પહેલાં આઈપીઓ ખૂલે તે પહેલાં રૂ. 212 કરોડનું રોકાણ કર્યું છે. એસબીઆઇ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ અને એસબીઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા રોકાણ કરાશે. કંપનીની વેબસાઈટ ઉપર અપલોડ કરાયેલી રોકાણકારો માટે નોટિસ મૂજબ પ્રમોટર જેકોબ હેનસેન ફેમિલી ટ્રસ્ટ અને એસબીઆઇ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડ વચ્ચે 5 જાન્યુઆરીના રોજ શેર પર્ચેઝ એગ્રીમેન્ટ કરાયો હતો. આ કરાર મૂજબ જેકોબ હેનસેન ફેમિલી ટ્રસ્ટે કુલ 27.02 લાખ શેર્સ બે ફંડ્સ - એસબીઆઇ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ - ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને એસબીઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ - પ્રતિ શેર રૂ. 629ની કિંમતે ટ્રાન્સફર કર્યાં છે. આ ટ્રાન્ઝેક્શનનું કુલ કદ રૂ. 170 કરોડ છે. વ્યક્તિગત રીતે 19.07 લાખ ઈક્વિટી શેર્સ એસબીઆઇ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ - ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને 7.95 લાખ શેર્સ એસબીઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડને ટ્રાન્સફર કરાયા હતાં. આ પહેલાં 7 ફેબ્રુઆરીના રોજ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી એકત્રિત કરાયેલા કુલ ભંડોળના 11.03 ટકા એસબીઆઇ ફંડ્સ મેનેજમેન્ટને ફાળવાયા હતાં, જેમાં 3.17 લાખ શેર્સ એસબીઆઇ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ અને 3.47 લાખ શેર્સ એસબીઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડને ફાળવાયા હતાં. આ શેર્સ પ્રતિ શેર રૂ. 629ની કિંમતે ફાળવાયા હતાં, જે ટ્રાન્ઝેક્શનનું કદ લગભગ રૂ. 42 કરોડ થવા પામે છે.આ બે ટ્રાન્ઝેક્શન સાથે રોકાણની કુલ રકમ રૂ. 212 કરોડ થવા પામે છે. એસબીઆઇ ફંડ્સ મેનેજમેન્ટ આઇપીઓ બાદ કંપનીમાં 2.94 ટકા હિસ્સો ધરાવશે. બેંગ્લોરમાં મુખ્યાલય ધરાવતી કંપનીનું રૂ. 1,269 કરોડનું પ્રારંભિક જાહેર ભરણું જાહેર સબસ્ક્રિપ્શન માટે 10થી12 ફેબ્રુઆરી દરમિયાન ખુલ્લું રહેશે. કંપનીએ પ્રતિ શેર રૂ. 599-629 પ્રાઈઝ બેન્ડ નિર્ધારિત કર્યો છે.

# PM ધ ટાઈમ્સ ગ્રુપ ET NOW ગ્લોબલ બિઝનેસ સમિટ 2025માં ઉદ્યોગ ટાઈટન્સને સંબોધિત કરશે

(એજન્સી) મુંબઈ | તા.09

ધ ટાઈમ્સ ગ્રુપની એક મુખ્ય પહેલ, ET NOW ગ્લોબલ બિઝનેસ સમિટ એશિયાના અગ્રણી વિચાર નેતૃત્વ પ્લેટફોર્મ તરીકે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યાં સૌથી પ્રભાવશાળી અવાજો પરિવર્તન લાવવા માટે એક સાથે આવે છે. આ વર્ષની થીમ, ‘, ઈવોલ્વ, ઈમર્જ, એક્સપાન્ડ‘, વૈશ્વિક આર્થિક અને ઔદ્યોગિક પરિદ્રશ્યને ફરીથી વ્યાખ્યાયિત કરતા સ્મારક પરિવર્તનોને પ્રતિબિંબિત કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર સમિટમાં હાજરી આપી રહ્યા છે, તેમની દૂરંદેશી આંતરદ્રષ્ટિ આ ગતિશીલ ફેરફારોને નેવિગેટ કરવા અને વૃદ્ધિ અને નવીનતા માટે નવા રસ્તાઓ ખોલવા માટે એક રોડમેપ પ્રદાન કરશે. તેની ૯મી આવૃત્તિમાં, ધ ટાઈમ્સ ગ્રુપ ET NOW ગ્લોબલ બિઝનેસ સમિટ તાજ પ્લેસ, નવી દિલ્હી ખાતે પરિવર્તનશીલ સંવાદોને પ્રોત્સાહન આપવાની તેની વારસો ચાલુ રાખે છે. ૨૦૨૪ ના શિખર સંમેલનમાં, વડા પ્રધાન મોદીએ એક આકર્ષક મુખ્ય ભાષણ આપ્યું, જેમાં ભારત માટે પરિવર્તનશીલ આર્થિક માર્ગનું વચન આપ્યું. તેમણે મજબૂત વિકાસ દર, ઘટતી જતી રાજકોષીય ખાધ અને દાવોસમાં ભારતના સકારાત્મક સ્વાગત પર પ્રકાશ પાડતા, વૈશ્વિક આર્થિક પાવરહાઉસ તરીકે રાષ્ટ્રના ઉદયની ખાતરી આપી. તેમણે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની કલ્પના કરી, જે સુપર-સ્કિલ્સ દ્વારા સંચાલિત બોલ્ડ ૩૦ વર્ષના રોડમેપ દ્વારા સમર્થિત છે. આજે, પ્રતિબદ્ધતા મુજબ, તે દ્રષ્ટિકોણ સાકાર થઈ રહ્યો છે - ભારતનું અર્થતંત્ર પ્રભાવશાળી ગતિએ વિકાસ પામી રહ્યું છે, રાજકોષીય શિસ્ત પ્રાથમિકતા રહે છે, અને દેશ નવીનતા, ઉત્પાદન અને ડિજિટલ પરિવર્તનમાં વૈશ્વિક નેતા તરીકે તેની સ્થિતિ મજબૂત કરી રહ્યો છે. ભારતના આર્થિક અને વૈશ્વિક પુનરુત્થાનના શિલ્પી તરીકે, પ્રધાનમંત્રી મોદી એક મુખ્ય ભાષણ આપશે જે ભારતના વિસ્તરતા વૈશ્વિક પદચિહ્ન, ટકાઉ આર્થિક પ્રગતિ અને એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં સહયોગની ભૂમિકામાં મહત્વપૂર્ણ આંતરદ્દષ્ટિ પ્રદાન કરશે. ભારતના આર્થિક પુનરુત્થાનના શિલ્પી તરીકે, તેમના શબ્દો ફક્ત દેશની નોંધપાત્ર યાત્રા પર જ પ્રતિબિંબિત થશે નહીં પરંતુ ભવિષ્ય માટે એક દ્રષ્ટિ પણ પ્રદાન કરશે - જે વ્યવસાયો અને રોકાણકારો ઉત્સુકતાથી જોશે. એવા સમયે જ્યારે ઉદ્યોગો તેમના માર્ગોને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છે, પીએમ મોદીની હાજરી ભવિષ્ય માટે તૈયાર અર્થતંત્ર માટે બોલ્ડ વિચારો, સ્વપ્નદ્રષ્ટા સંવાદો અને વ્યૂહરચનાઓનો માર્ગ મોકળો કરશે. આ સમિટ ફક્ત વાતચીત વિશે નથી - તે કાર્યક્ષમ આંતરદ્દષ્ટિ, અર્થપૂર્ણ સહયોગ અને રમત-પરિવર્તનશીલ દ્રષ્ટિકોણ વિશે છે જે આગામી દાયકાને આકાર આપશે. ધ ટાઈમ્સ ગ્રુપના ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટની ૭મી આવૃત્તિ, ઈવોલ્વ, ઈમર્જ, એક્સપાન્ડ થીમ પર, વૈશ્વિક આર્થિક અને ઔદ્યોગિક લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાયિત કરતા પરિવર્તનશીલ પરિવર્તનોની શોધ માટે એક અગ્રણી પ્લેટફોર્મ તરીકે તેના વારસાને ચાલુ રાખે છે. વૈશ્વિક સીઈઓ, નીતિ નિર્માતાઓ અને સ્વપ્નદ્રષ્ટા વિચારશીલ નેતાઓને એકસાથે લાવીને, આ સમિટ ચર્ચાઓથી આગળ વધે છે - તે કાર્યક્ષમ આંતરદ્દષ્ટિ કેળવે છે, અસરકારક સહયોગને પ્રોત્સાહન આપે છે અને આગામી દાયકાને આકાર આપનારા રમત-પરિવર્તનશીલ દ્રષ્ટિકોણને સ્પાર્ક કરે છે.

## કરદાતાઓ પર શું અસર થશે,સંસદમાં ક્યારે રજૂ થશે?

(એજન્સી) મુંબઈ | તા.09


સરકાર આવતીકાલથી શરુ થતા અઠવાડિયામાં સંસદમાં નવુ આવકવેરા બિલ રજૂ કરી શકે છે. જેને ગયા શુક્વારે કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી પણ મળી ગઈ છે. નાણામંત્રી સીતારમણે 1 ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા બજેટ 2025માં નવા આવકવેરા બિલની રજૂઆતની જાહેરાત કરી હતી. અને હવે તેના વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. ગયા શુક્રવારે આ નવા આવરવેરા બિલ 2025ને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે. અને નાણામંત્રીએ શનિવારે જાહેરાત કરી હતી કે આ નવું બિલ આવતા અઠવાડિયે સત્રમાં સંસદમાં રજૂ કરવામાં આવશે. જાણીએ કે આનાથી સામાન્ય કરદાતાઓ પર શું અસર પડશે? તેને વર્તમાન બજેટ સત્રમાં જ રજૂ કરવામાં આવશે. ત્યારપછી જ સંસદીય સમિતિ તેની સમીક્ષા કરશે. જણાવી દઈએ કે બજેટનો પહેલો તબક્કો 13 ફેબ્રુઆરીએ પૂરો થવાનો છે. શનિવારે થયેલી બેઠક પછી ટેક્સ બિલને લઈ આ અપડેટ આપ્યુ છે. નોંધનીય છે કે દેશમાં 63 વર્ષ પછી નવો આવકવેરો લાગૂ થશે. અને નવુ આવકવેરા બિલ હાલના આવકવેરા કાયદા 1961ની જગ્યા લેશે. જે એપ્રિલ 1962થી અમલમાં છે. કરવેરા બિલની સમીક્ષાનો ઉદ્દેશ્ય આવકવેરા સંબંધિત કાયદાઓને સરળ બનાવવાનો છે તે સામાન્ય કરદાતાઓ માટે વધુ સંક્ષિપ્ત અને સમજવામાં સરળ બને અને અર્થ સ્પષ્ટ છે કે કરદાતાને આવકવેરામાં પોતાની જવાબદારી સમજવા માટે CA કે અન્ય કોઈ વકીલ પાસે દોડવાની જરૂર નહી પડે અને તે તેને સરળતાથી સમજી શકશે અને પોતાની આવક અનુસાર કરની ગણતરી કરી શકશે નવા કર બિલમાં શું ફેરફાર થશે?

### નવા ટેક્સ બિલ વિશે શું બદલાશે?

હવે આવકવેરા કાયદાને બજેટ સત્ર દરમિયાન સંસદમાં રજૂ કરવાનો સ્થાન મોકળો થઈ ગયો છે. અને અહેવાલ અનુસાર જાણીએ તો સોમવારે રજૂ કરવામાં આવી શકે છે. જો વાત કરીએ તો નવા ટેક્સ બિલ વિશે શું બદલાશે? સરકારનો ઉદ્દેશ્ય એ છે કે, કરદાતાઓ ટેક્સના કાયદાને સરળતાથી સમજી શકે તેવો બનાવવાનો અને તેણે જોડાયેલી જટીલતાઓને દૂર કરવાનો છે.

# ITR ફાઈલ કર્યા છતાં 12 લાખ લોકોના રિફંડ પેન્ડિંગ

(એજન્સી) મુંબઈ | તા.09





ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નાણાકીય વર્ષ 2023-24 માટે ITR ફાઈલ કરનારાઓમાંથી લગભગ 12 લાખ લોકોને ટેક્સ રિફંડ હજુ સુધી મળ્યું નથી. આ માહિતી રાજ્યસભામાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આપી છે. તેમણે કહ્યું કે કુલ 3.68 કરોડ આવકવેરા રિટર્નમાંથી 3.56 કરોડ લોકોને રિફંડ મળી ચૂક્યુ છે. હજુ પણ લગભગ 12 લાખ ITR રિટર્નમાં રિફંડ જમા થઈ શક્યું નથી. આ માટે ઘણા કારણો પણ આપવામાં આવ્યા છે. આમાં ITRમાં ખોટી બેન્ક ખાતાની વિગતો, PAN અને આધાર લિંક ન થવું, બાકી બેલેન્સ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કેટલાક કરદાતાઓએ આવકવેરા વિભાગ દ્વારા મોકલવામાં આવેલી નોટિસનો જવાબ આપ્યો નથી. આ કારણે રિફંડ પ્રક્રિયા પૂર્ણ થઈ શકી નથી. આ 12 લાખ કેસમાં રિફંડ ક્રેડિટ ન થવાનું મુખ્ય કારણ એ છે કે બેન્ક એકાઉન્ટ નંબર કે બેન્ક એકાઉન્ટ ખોટા છે અથવા અપડેટ થયેલા નથી. બીજું કારણ એ છે કે ઘણા કિસ્સાઓમાં PAN અને આધાર લિંક નહોતા. જેના કારણે રિફંડની પ્રક્રિયા પૂર્ણ થઈ શકી નથી. ત્રીજું કારણ એ છે કે આવકવેરા કાયદાની કલમ 245(1) અને 245(2) હેઠળ બાકી લેણાં બાકી છે. કેટલાક કિસ્સાઓમાં કરદાતાઓ દ્વારા નોટિસનો જવાબ આપવામાં પણ આવ્યો ન હતો. જો તમને પણ લાગે છે કે તમારું રિફંડ હજુ સુધી આવ્યું નથી અને તમને નોટિસ મળી છે તો તમે આવકવેરા ઈ-ફાઈલિંગ પોર્ટલની મુલાકાત લઈને તેને ચકાસી શકો છો. આ માટે તમારે પોર્ટલમાં લોગિન કરવું પડશે અને ‘e-Proceedings’ ટેબ પર જવું પડશે.

### ટૂંક સમયમાં ટેક્સ રિફંડ મળશે

જો તમે નોટિસ સાથે સહમત છો તો ’Agree’ બટન પર ક્લિક કરો અને સાચી માહિતી સાથે તમારું ITR ફાઈલ કરો. જો તમારે તમારી આવક અથવા છૂટમાં ફેરફાર કરવાની જરૂર હોય તો તમારે સુધારેલું ITR ફાઈલ કરવી પડશે. આ પ્રક્રિયાને અનુસરીને તમે તમારી રિફંડ સમસ્યાનું નિરાકરણ લાવી શકો છો અને ટૂંક સમયમાં તમારું ટેક્સ રિફંડ મેળવી શકો છો.

### બેંકો, બ્રોકરો અને પેમેન્ટ એપ્લિકેશન્સની નકલ કરતી બનાવટી એપ્લિકેશન્સના વધતા જોખમને પહોંચી વળવા પગલાં લેવા જરૂરી

# શેર બજાર પર AIનું ગ્રહણ છેતરપિંડી વધારશે




(એજન્સી) મુંબઈ | તા.09

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ ડિજિટલ નાણાકીય છેતરપિંડીને રોકવા માટે તમામ ભારતીય બેંકો માટે એક વિશિષ્ટ ડોટબેંકડોટઈન ઈન્ટરનેટ ડોમેનની જાહેરાત કર્યાના એક દિવસ બાદ ઝેરોધાના સ્થાપક અને સીઈઓ નીતિન કામથે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને અરજ કરી છે કે, બેંકો, બ્રોકરો અને પેમેન્ટ એપ્લિકેશન્સની નકલ કરતી બનાવટી એપ્લિકેશન્સના વધતા જતા જોખમને પહોંચી વળવા પગલાં લેવા જરૂરી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર તેમણે શેર કરતાં કહ્યું છે કે, કેવી રીતે સાયબર ફ્રોડ્સ ચાલુ રહેશે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મોટી સંભાવનાઓના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થશે. ડિજિટલ ફ્રોડની સંખ્યા અને વિવિધતા આશ્ચર્યજનક છે, જેથી એઆઈના કારણે અહીંથી પરિસ્થિતિ વધુ વણસતી જોવાઈ શકે છે. સેબી અને આરબીઆઈ બન્ને લોકોને શિક્ષિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને છેતરપિંડીઓનો સામનો કરવા માટેના પગલાંનો અમલ કરી રહ્યા છે.’બનાવટી એપ્લિકેશન્સ દ્વારા ફિશિંગ કૌભાંડ એ સાયબર ક્રાઈમનો સંદર્ભ આપે છે જ્યાં એપ્લિકેશન્સ જે કાયદેસર દેખાય છે. ઘણીવાર જાણીતી બ્રાન્ડસની નકલ કરે છે, તે યુઝર્સને લોગિન ક્રેડેન્શિયલ્સ, ક્રેડિટ કાર્ડની વિગતો અથવા અન્ય સંવેદનશીલ ડેટા જેવી સંવેદનશીલ વ્યક્તિગત માહિતી પ્રદાન કરવા માટે છેતરવા માટે બનાવવામાં આવે છે.’ તેમણે સેબીના એક કન્સલ્ટેશન પેપરને ટાંકતા જણાવ્યું છે, ’’તેમાં બ્રોકરો માટે યુનિક યુપીઆઈ આઈડીની દરખાસ્ત કરવામાં આવી છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે, રોકાણકારો માત્ર સેબી-રજીસ્ટર્ડ બ્રોકરોને જ નાણા ટ્રાન્સફર કરે છે અને બ્રોકરના નામ સાથે યુપીઆઈ આઈડીનો ઉપયોગ કરીને સ્કેમસ્ટર્સને નહીં.’’ આ પગલાંથી રોકાણકારો સેબી-રજીસ્ટર્ડ માર્કેટ કંપનીઓની ઓળખ કરી શકશે. તેમણે આ સિવાય નોંધ્યું છે કે, ચૂકવણી અને વેબસાઈટ છેતરપિંડી સિવાય અન્ય એક મોટો ઉપદ્રવ એ છે કે, બેંકો, બ્રોકરો અને પેમેન્ટ એપ્લિકેશન્સની નકલ કરતી બનાવટી એપ્લિકેશનનો ફેલાવો. આ એપ્લિકેશન્સ વિશે પણ કંઈક કરવાની જરૂર છે.

### બજેટ દરખાસ્તો તથા વ્યાજ દરમાં કપાતથી ઈક્વિટીમાં વેચવાલી અટકવા અપેક્ષા

# શેરબજારમાંથી વિદેશી રોકાણકારોએ રૂપિયા એક લાખ કરોડ પાછા ખેંચ્યા

(એજન્સી) મુંબઈ | તા.09



૨૦૨૫માં એફઆઈઆઈની ભારતીય ઈક્વિટી કેશમાં વેચવાલીનો આંક ફેબ્રુઆરીમાં જ રૂપિયા એક લાખ કરોડની નજીક પહોંચી ગયો છે. ૨૦૨૪માં રૂપિયા એક લાખ કરોડની વેચવાલીનો આંક મેમાં પાર થયાનું જોવા મળ્યું હતું. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ભારતીય ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) વર્તમાન મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા છે. જાન્યુઆરીમાં ઈક્વિટી કેશમાં એફઆઈઆઈએ રૂપિયા ૮૭૩૭૪ કરોડની નેટ વેચવાલી કરી હતી. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં એફઆઈઆઈએ કેશમાં રૂપિયા ૧૦૧૭૯.૪૦ કરોડની નેટ વેચવાલી કરી છે. ૨૦૨૫માં અત્યારસુધી ઈક્વિટી કેશમાં રૂપિયા ૯૭૦૦૦ કરોડથી વધુની વેચવાલી આવી પડી છે. ૨૦૨૫માં એફઆઈઆઈ દ્વારા વેચવાલીની ગતિ જળવાઈ રહેશે તો ૨૦૨૪ના સંપૂર્ણ વર્ષના રૂપિયા ૩૦૪૨૧૭ કરોડની વેચવાલીનો આંક ટૂંકા ગાળામાં જ પાર થઈ જવાનું વિશ્લેષકો માની રહ્યા છે. ડોલર ઈન્ડેકસમાં મજબૂતાઈ તથા અમેરિકન બોન્ડ યીલ્ડસમાં વૃદ્ધિને કારણે વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટીસમાંથી રોકાણ પાછા ખેંચી રહ્યાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. જો કે ડોલર ઈન્ડેકસ તથા બોન્ડ યીલ્ડ ઘટવા લાગતા આગળ જતા એફઆઈઆઈની વેચવાલી પણ ધીમી પડવા શકયતા છે. આગામી નાણાં વર્ષના બજેટમાં આકર્ષક દરખાસ્તો અને રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજ દરમાં કપાતને જોતા શેરબજારમાં તબક્કાવાર સુધારો જોવા મળવાની અપેક્ષા હોવાનું બજારના એક નિષ્ણાતે જણાવ્યું હતું. જો કે આર્થિક વિકાસ દર તથા કંપનીઓના પરિણામો બજારની લાંબા ગાળાની દિશા નિશ્ચિત કરનારા પરિબળો બની રહેશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આવતા સપ્તાહે થનારી બેઠકમાં ભારત પ્રત્યેનો અમેરિકાનો અભિગમે કેવો રહેશે તે સ્પષ્ટ થશે.

# પૈસા તૈયાર રાખજો !

## આવતા અઠવાડિયે આવી રહ્યા છે 8 નવા IPO

(એજન્સી) મુંબઈ | તા.09

IPO રોકાણકારો માટે સારા સમાચાર આવી ગયા છે. આવતા અઠવાડિયે 1 નહીં 2 નહીં પણ 8 નવા IPO પ્રાથમિક બજારમાં સબસ્ક્રિપ્શન માટે ખુલશે, જેમાં SME સેગમેન્ટના પણ IPOનો સમાવેશ થાય છે. આ નવા ઈસ્યુ ઉપરાંત શેરબજારમાં 6 આઈપીઓનું લિસ્ટિંગ પણ થશે. મેઈનબોર્ડ સેગમેન્ટમાં, Ajax એન્જિનિયરિંગ અને હેક્સાવેર ટેક્નોલોજીસના IPO રોકાણકારો માટે ખુલશે. નિષ્ણાતોનું માનવું છે કે વર્ષ 2025 ઈતિહાસનું શ્રેષ્ઠ IPO માર્કેટ બની શકે છે. એવો અંદાજ છે કે આ વર્ષે કંપનીઓ IPO દ્વારા 3 લાખ કરોડ રૂપિયા એકત્ર કરી શકે છે. ચાલો તમને એ પણ જણાવીએ કે કઈ કંપનીઓ તેમના IPO લઈને આવી રહી છે. Ajax એન્જિનિયરિંગ IPO : કોંક્રિટ ઈક્વિપમેન્ટ નિર્માતા Ajax એન્જિનિયરિંગનો IPO 10 ફેબ્રુઆરીના રોજ જાહેર સબસ્ક્રિપ્શન માટે ખુલશે. કંપનીએ 599-629 રૂપિયાની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. IPOમાં કોઈ નવા શેરો વિના માત્ર હાલના શેરધારકો દ્વારા 2.01 કરોડ ઈક્વિટી શેરના OFSનો સમાવેશ થાય છે. Ajax, વિશ્વમાં SLCMના ત્રણ સૌથી મોટા ઉત્પાદકોમાંની એક, ભારતમાં SLCM માર્કેટમાં લગભગ 75 ટકા બજારહિસ્સો ધરાવે છે. ICICI સિક્યોરિટીઝ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા, જેએમ ફાઈનાન્શિયલ, નુવામા વેલ્થ મેનેજમેન્ટ અને SBI કેપિટલ માર્કેટ્સ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે. હેક્સાવેર ટેક્નોલોજીસ IPO: Hexaware Technologies તેના રૂ. 8,750 કરોડના IPOને શેર દીઠ રૂ. 674-708ના પ્રાઈસ બેન્ડ સાથે લોન્ચ કરશે. આ IPO સંપૂર્ણપણે OFS પર આધારિત છે, જેમાં પ્રમોટર કાર્લાઈલ તેનો હિસ્સો વેચી રહી છે. IPO પછી કાર્લાઈલનો હિસ્સો હાલના 95 ટકાથી ઘટીને 74.1 ટકા થઈ જશે. છૂટક રોકાણકારો લઘુત્તમ 21 શેર માટે બિડ કરી શકે છે, જેમાં લઘુત્તમ રૂ. 14,868ના રોકાણની જરૂર પડશે. 2004માં TCSની રૂ. 4,713 કરોડની ઓફરને વટાવીને આ ભારતીય IT સેવા કંપનીનો સૌથી મોટો IPO હશે.

### ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડનો IPO: રોકાણકારોના જબરદસ્ત સમર્થન સાથે ઐતિહાસિક સફળતા!




(એજન્સી) મુંબઈ | તા.09

ચામુંડા ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડે તેના IPO સાથે એક મુખ્ય સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેને રોકાણકારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. 14.60 કરોડના ઈસ્યુને 7000+ કરોડની કિંમતની અરજીઓ પ્રાપ્ત થઈ હતી- જે રોકાણકારોને કંપનીના વિઝન અને એક્ઝિક્યુશન ક્ષમતાઓ પરના મજબૂત વિશ્વાસનો પુરાવો છે.કેટલાક મીડિયા આઉટલેટ્સ ઓફિસ સ્પેસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, પરંતુ તેઓએ વાસ્તવિક કાર્ય જોવું જોઈએ કે જે ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ વાસ્વિતક રીતે જમીન સાથે જોડાઈ કામ કરી રહી છે. ચાલો આપણે સબસ્ટેશનો પર એક નજર કરીએ જ્યાં કંપની સક્રિય રીતે કાર્યરત છે: ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ દ્વારા સંચાલિત સબસ્ટેશન સાઈટ્સ:1.ગોડથલ એસ.એસ, 2.ડુંગરા એસ.એસ,3.મગોદ એસ.એસ, 4.સરીગામ એસ.એસ,5.મહુવા એસ.એસ, 6. GETP SS 7.નવસારી એસ.એસ 8.માંગરોળ એસ.એસ. IPO ની સફળતાથી પણ આગળ, ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ એ ઉદ્યોગમાં અગ્રણી કુશળતા ધરાવતી કંપની છે. ટીમ કામગીરી, જાળવણી અને ટેસ્ટીંગમાં મોટા સબસ્ટેશન પ્રોજેક્ટ્સ પર સક્રિયપણે કામ કરી રહી છે.એક મોટું વિઝન! એન.કે. રાઠોડ 30 વર્ષનો અનુભવ ધરાવે છે. કંપનીને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે. કોઈ મોટી કંપની રાતોરાત સફળ થતી નથી - એપલ અને Gucci એ પણ નાના સ્ટોર્સથી શરૂ થઈ હતી અને આજે અબજો ડોલરની કંપનીઓ બની ગઈ છે. ચામુંડા ઈલેક્ટ્રિકલ્સ માત્ર શરૂઆત જ નથી કરી રહી - તેણે પહેલેથી જ GETCO અને DNH DD પાસેથી 66 કરોડના પ્રતિષ્ઠિત ઓર્ડર્સ મેળવ્યા છે, જે તેની મજબૂત કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા દર્શાવે છે.

# રોકાણકારોનો મોહ તૂટી રહ્યો છે નવા ડીમેટ એકાઉન્ટની સંખ્યા ઘટી

(એજન્સી) મુંબઈ | તા.09




શેરબજારમાં વોલેટિલિટી વચ્ચે રિટેલ રોકાણકારોનો રસ દિવસોદિવસ ઘટી રહ્યાનું નવા ડીમેટ ખાતા ખોલવાની સંખ્યાને ધ્યાનમાં રાખી કહી શકાય એમ છે. ડિસેમ્બરમાં નવા ખાતા ખોલવાની માત્રા ધીમી પડયા બાદ જાન્યુઆરીમાં પણ તે ધીમી પડયાનું ડીપોઝિટરીસના આંકડા પરથી કહી શકાય એમ છે. ડીમેટ ખાતાની સંખ્યામાં વધારો થવાનું ચાલુ રહ્યું છે, પરંતુ નવા ખાતાનો ઉમેરો જાન્યુઆરીમાં ધીમો પડી ૧૪ મહિનાની નીચી સપાટીએ રહ્યો છે. જાન્યઆરીમાં ૨૮.૩૦ લાખ નવા ડીમેટ ખાતા ખૂલ્યા છેજે નવેમ્બર, ૨૦૨૩ બાદ સૌથી ઓછા છે. ડિસેમ્બરમાં કુલ ૩૨.૬૦ લાખ નવા ખાતા ખૂલ્યા હતા. ૨૦૨૪માં મહિને સરેરાશ ૩૮.૪૦ લાખ નવા ખાતા ખૂલ્યાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. જાન્યુઆરીના અંત સુધીમાં સીડીએસએલ તથા એનએસડીએલ પર ડીમેટ ખાતાની કુલ સંખ્યા વધી ૧૮.૮૧ કરોડ રહી હતી. ઈક્વિટી સેકન્ડરી માર્કેટમાં ગયા વર્ષના ઓકટોબરથી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારે વેચવાલી વચ્ચે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં ગાબડાં પડવાને કારણે રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારોનું માનસ ખરડાયું છે જેની અસર નવા ડીમેટ ખાતા ખોલવામાં જોવા મળી રહી છે. ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતીય ઈક્વિટીસમાં મોટું કરેકશન જોવા મળ્યું હતું. સેન્સેકસ ૭.૩૦ ટકા અને નિફટીમાં ૮.૩૦ ટકા ઘટાડો થયો હતો, જે ૨૦૨૨ના જૂન ત્રિમાસિક બાદ સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો રહ્યો હતો. કોરોના દરમિયાન ઘેરબેઠા આવકના નવા સ્રોત તરીકે શેરબજારોમાં આકર્ષણ વધ્યું હતું અને ત્યારપછી ડીમેટ ખાતાની સંખ્યામાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. ખાતા ખોલાવવામાં સરળતા વધી જવાને કારણે પણ ખાતામાં વધારો ચાલુ રહ્યો છે. માર્ચ ૨૦૨૦માં ડીમેટ ખાતાની સંખ્યા જે ૪.૧૦ કરોડ હતી તે હાલમાં ચાર ગણાથી પણ વધુ જોવા મળી રહી છે.

### એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટે એજેક્સ એન્જિયરીંગમાં આઈપીઓ પહેલાં રૂ. 212 કરોડનું રોકાણ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.09

એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડે તેના બે ફંડ્સ દ્વારા કોંક્રિટ ઈક્વિપમેન્ટ ઉત્પાદક એજેક્સ એન્જિનિયરીંગમાં જાહેર ભરણા પહેલાં આઈપીઓ ખૂલે તે પહેલાં રૂ. 212 કરોડનું રોકાણ કર્યું છે. એસબીઆઈ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ અને એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા રોકાણ કરાશે. કંપનીની વેબસાઈટ ઉપર અપલોડ કરાયેલી રોકાણકારો માટે નોટિસ મૂજબ પ્રમોટર જેકોબ હેનસેન ફેમિલી ટ્રસ્ટ અને એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડ વચ્ચે 5 જાન્યુઆરીના રોજ શેર પર્ચેઝ એગ્રીમેન્ટ કરાયો હતો. આ કરાર મૂજબ જેકોબ હેનસેન ફેમિલી ટ્રસ્ટે કુલ 27.02 લાખ શેર્સ બે ફંડ્સ - એસબીઆઈ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ - ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ - પ્રતિ શેર રૂ. 629ની કિંમતે ટ્રાન્સફર કર્યાં છે. આ ટ્રાન્ઝેક્શનનું કુલ કદ રૂ. 170 કરોડ છે. વ્યક્તિગત રીતે 19.07 લાખ ઈક્વિટી શેર્સ એસબીઆઈ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ - ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને 7.95 લાખ શેર્સ એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડને ટ્રાન્સફર કરાયા હતાં. આ પહેલાં 7 ફેબ્રુઆરીના રોજ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી એકત્રિત કરાયેલા કુલ ભંડોળના 11.03 ટકા એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટને ફાળવાયા હતાં, જેમાં 3.17 લાખ શેર્સ એસબીઆઈ મેગ્નમ ચિલ્ડ્રન્સ બેનિફિટ ફંડ અને 3.47 લાખ શેર્સ એસબીઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડને ફાળવાયા હતાં. આ શેર્સ પ્રતિ શેર રૂ. 629ની કિંમતે ફાળવાયા હતાં, જે ટ્રાન્ઝેક્શનનું કદ લગભગ રૂ. 42 કરોડ થવા પામે છે.આ બે ટ્રાન્ઝેક્શન સાથે રોકાણની કુલ રકમ રૂ. 212 કરોડ થવા પામે છે. એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ આઈપીઓ બાદ કંપનીમાં 2.94 ટકા હિસ્સો ધરાવશે. બેંગ્લોરમાં મુખ્યાલય ધરાવતી કંપનીનું રૂ. 1,269 કરોડનું પ્રારંભિક જાહેર ભરણું જાહેર સબસ્ક્રિપ્શન માટે 10થી12 ફેબ્રુઆરી દરમિયાન ખુલ્લું રહેશે. કંપનીએ પ્રતિ શેર રૂ. 599-629 પ્રાઈઝ બેન્ડ નિર્ધારિત કર્યો છે.

# PM ધ ટાઈમ્સ ગ્રુપ ET NOW ગ્લોબલ બિઝનેસ સમિટ 2025માં ઉદ્યોગ ટાઈટન્સને સંબોધિત કરશે

(એજન્સી) મુંબઈ | તા.09

ધ ટાઈમ્સ ગ્રુપની એક મુખ્ય પહેલ, ET NOW ગ્લોબલ બિઝનેસ સમિટ એશિયાના અગ્રણી વિચાર નેતૃત્વ પ્લેટફોર્મ તરીકે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યાં સૌથી પ્રભાવશાળી અવાજો પરિવર્તન લાવવા માટે એક સાથે આવે છે. આ વર્ષની થીમ, ', ઈવોલ્વ, ઈમર્જ, એક્સપાન્ડ', વૈશ્વિક આર્થિક અને ઔદ્યોગિક પરિદ્દશ્યને ફરીથી વ્યાખ્યાયિત કરતા સ્મારક પરિવર્તનોને પ્રતિબિંબિત કરે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર સમિટમાં હાજરી આપી રહ્યા છે, તેમની દૂરદેશી આંતરદ્દષ્ટિ આ ગતિશીલ ફેરફારોને નેવિગેટ કરવા અને વૃદ્ધિ અને નવીનતા માટે નવા રસ્તાઓ ખોલવા માટે એક રોડમેપ પ્રદાન કરશે. તેની ૯મી આવૃત્તિમાં, ધ ટાઈમ્સ ગ્રુપ ET NOW ગ્લોબલ બિઝનેસ સમિટ તાજ પ્લેસ, નવી દિલ્હી ખાતે પરિવર્તનશીલ સંવાદોને પ્રોત્સાહન આપવાની તેની વારસો ચાલુ રાખે છે. ૨૦૨૪ ના શિખર સંમેલનમાં, વડા પ્રધાન મોદીએ એક આકર્ષક મુખ્ય ભાષણ આપ્યું, જેમાં ભારત માટે પરિવર્તનશીલ આર્થિક માર્ગનું વચન આપ્યું. તેમણે મજબૂત વિકાસ દર, ઘટતી જતી રાજકોષીય ખાધ અને દાવોસમાં ભારતના સકારાત્મક સ્વાગત પર પ્રકાશ પાડતા, વૈશ્વિક આર્થિક પાવરહાઉસ તરીકે રાષ્ટ્રના ઉદયની ખાતરી આપી. તેમણે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની કલ્પના કરી, જે સુપર-સ્કિલ્સ દ્વારા સંચાલિત બોલ્ડ ૩૦ વર્ષના રોડમેપ દ્વારા સમર્થિત છે. આજે, પ્રતિબદ્ધતા મુજબ, તે દ્રષ્ટિકોણ સાકાર થઈ રહ્યો છે - ભારતનું અર્થતંત્ર પ્રભાવશાળી ગતિએ વિકાસ પામી રહ્યું છે, રાજકોષીય શિસ્ત પ્રાથમિકતા રહે છે, અને દેશ નવીનતા, ઉત્પાદન અને ડિજિટલ પરિવર્તનમાં વૈશ્વિક નેતા તરીકે તેની સ્થિતિ મજબૂત કરી રહ્યો છે. ભારતના આર્થિક અને વૈશ્વિક પુનરુત્થાનના શિલ્પી તરીકે, પ્રધાનમંત્રી મોદી એક મુખ્ય ભાષણ આપશે જે ભારતના વિસ્તરતા વૈશ્વિક પદચિહ્ન, ટકાઉ આર્થિક પ્રગતિ અને એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં સહયોગની ભૂમિકામાં મહત્વપૂર્ણ આંતરદ્દષ્ટિ પ્રદાન કરશે. ભારતના આર્થિક પુનરુત્થાનના શિલ્પી તરીકે, તેમના શબ્દો ફક્ત દેશની નોંધપાત્ર યાત્રા પર જ પ્રતિબિંબિત થશે નહીં પરંતુ ભવિષ્ય માટે એક દ્રષ્ટિ પણ પ્રદાન કરશે - જે વ્યવસાયો અને રોકાણકારો ઉત્સુકતાથી જોશે. એવા સમયે જ્યારે ઉદ્યોગો તેમના માર્ગોને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છે, પીએમ મોદીની હાજરી ભવિષ્ય માટે તૈયાર અર્થતંત્ર માટે બોલ્ડ વિચારો, સ્વપ્નદ્રષ્ટા સંવાદો અને વ્યૂહરચનાઓનો માર્ગ મોકળો કરશે. આ સમિટ ફક્ત વાતચીત વિશે નથી - તે કાર્યક્ષમ આંતરદ્દષ્ટિ, અર્થપૂર્ણ સહયોગ અને રમત-પરિવર્તનશીલ દ્રષ્ટિકોણ વિશે છે જે આગામી દાયકાને આકાર આપશે. ધ ટાઈમ્સ ગ્રુપના ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટની ૭મી આવૃત્તિ, ઈવોલ્વ, ઈમર્જ, એક્સપાન્ડ થીમ પર, વૈશ્વિક આર્થિક અને ઔદ્યોગિક લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાયિત કરતા પરિવર્તનશીલ પરિવર્તનોની શોધ માટે એક અગ્રણી પ્લેટફોર્મ તરીકે તેના વારસાને ચાલુ રાખે છે. વૈશ્વિક સીઈઓ, નીતિ નિર્માતાઓ અને સ્વપ્નદ્રષ્ટા વિચારશીલ નેતાઓને એકસાથે લાવીને, આ સમિટ ચર્ચાઓથી આગળ વધે છે - તે કાર્યક્ષમ આંતરદ્દષ્ટિ કેળવે છે, અસરકારક સહયોગને પ્રોત્સાહન આપે છે અને આગામી દાયકાને આકાર આપનારા રમત-પરિવર્તનશીલ દ્રષ્ટિકોણને સ્પાર્ક કરે છે.

## કરદાતાઓ પર શું અસર થશે,સંસદમાં ક્યારે રજૂ થશે?

(એજન્સી) મુંબઈ | તા.09

સરકાર આવતીકાલથી શરુ થતા અઠવાડિયામાં સંસદમાં નવુ આવકવેરા બિલ રજૂ કરી શકે છે. જેને ગયા શુક્રવારે કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી પણ મળી ગઈ છે. નાણામંત્રી સીતારમણે 1 ફેબ્રુઆરીએ રજૂ કરાયેલા બજેટ 2025માં નવા આવકવેરા બિલની રજૂઆતની જાહેરાત કરી હતી. અને હવે તેના વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. ગયા શુક્રવારે આ નવા આવરવેરા બિલ 2025ને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે. અને નાણામંત્રીએ શનિવારે જાહેરાત કરી હતી કે આ નવું બિલ આવતા અઠવાડિયે સત્રમાં સંસદમાં રજૂ કરવામાં આવશે. જાણીએ કે આનાથી સામાન્ય કરદાતાઓ પર શું અસર પડશે? તેને વર્તમાન બજેટ સત્રમાં જ રજૂ કરવામાં આવશે. ત્યારપછી જ સંસદીય સમિતિ તેની સમીક્ષા કરશે. જણાવી દઈએ કે બજેટનો પહેલો તબક્કો 13 ફેબ્રુઆરીએ પૂરો થવાનો છે. શનિવારે થયેલી બેઠક પછી ટેક્સ બિલને લઈ આ અપડેટ આપ્યુ છે. નોંધનીય છે કે દેશમાં 63 વર્ષ પછી નવો આવકવેરો લાગૂ થશે. અને નવુ આવકવેરા બિલ હાલના આવકવેરા કાયદા 1961ની જગ્યા લેશે. જે એપ્રિલ 1962થી અમલમાં છે. કરવેરા બિલની સમીક્ષાનો ઉદ્દેશ્ય આવકવેરા સંબંધિત કાયદાઓને સરળ બનાવવાનો છે તે સામાન્ય કરદાતાઓ માટે વધુ સંક્ષિપ્ત અને સમજવામાં સરળ બને અને અર્થ સ્પષ્ટ છે કે કરદાતાને આવકવેરામાં પોતાની જવાબદારી સમજવા માટે CA કે અન્ય કોઈ વકીલ પાસે દોડવાની જરૂર નહી પડે અને તે તેને સરળતાથી સમજી શકશે અને પોતાની આવક અનુસાર કરની ગણતરી કરી શકશે નવા કર બિલમાં શું ફેરફાર થશે?

### નવા ટેક્સ બિલ વિશે શું બદલાશે?

હવે આવકવેરા કાયદાને બજેટ સત્ર દરમિયાન સંસદમાં રજૂ કરવાનો સ્થાન મોકળો થઈ ગયો છે. અને અહેવાલ અનુસાર જાણીએ તો સોમવારે રજૂ કરવામાં આવી શકે છે. જો વાત કરીએ તો નવા ટેક્સ બિલ વિશે શું બદલાશે? સરકારનો ઉદ્દેશ્ય એ છે કે, કરદાતાઓ ટેક્સના કાયદાને સરળતાથી સમજી શકે તેવો બનાવવાનો અને તેણે જોડાયેલી જટીલતાઓને દૂર કરવાનો છે.

# ITR ફાઈલ કર્યા છતાં 12 લાખ લોકોના રિફંડ પેન્ડિંગ

(એજન્સી) મુંબઈ | તા.09





ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નાણાકીય વર્ષ 2023-24 માટે ITR ફાઈલ કરનારાઓમાંથી લગભગ 12 લાખ લોકોને ટેક્સ રિફંડ હજુ સુધી મળ્યું નથી. આ માહિતી રાજ્યસભામાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આપી છે. તેમણે કહ્યું કે કુલ 3.68 કરોડ આવકવેરા રિટર્નમાંથી 3.56 કરોડ લોકોને રિફંડ મળી ચૂક્યુ છે. હજુ પણ લગભગ 12 લાખ ITR રિટર્નમાં રિફંડ જમા થઈ શક્યું નથી. આ માટે ઘણા કારણો પણ આપવામાં આવ્યા છે. આમાં ITRમાં ખોટી બેન્ક ખાતાની વિગતો, PAN અને આધાર લિંક ન થવું, બાકી બેલેન્સ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કેટલાક કરદાતાઓએ આવકવેરા વિભાગ દ્વારા મોકલવામાં આવેલી નોટિસનો જવાબ આપ્યો નથી. આ કારણે રિફંડ પ્રક્રિયા પૂર્ણ થઈ શકી નથી. આ 12 લાખ કેસમાં રિફંડ ક્રેડિટ ન થવાનું મુખ્ય કારણ એ છે કે બેન્ક એકાઉન્ટ નંબર કે બેન્ક એકાઉન્ટ ખોટા છે અથવા અપડેટ થયેલા નથી. બીજું કારણ એ છે કે ઘણા કિસ્સાઓમાં PAN અને આધાર લિંક નહોતા. જેના કારણે રિફંડની પ્રક્રિયા પૂર્ણ થઈ શકી નથી. ત્રીજું કારણ એ છે કે આવકવેરા કાયદાની કલમ 245(1) અને 245(2) હેઠળ બાકી લેણાં બાકી છે. કેટલાક કિસ્સાઓમાં કરદાતાઓ દ્વારા નોટિસનો જવાબ આપવામાં પણ આવ્યો ન હતો. જો તમને પણ લાગે છે કે તમારું રિફંડ હજુ સુધી આવ્યું નથી અને તમને નોટિસ મળી છે તો તમે આવકવેરા ઈ-ફાઈલિંગ પોર્ટલની મુલાકાત લઈને તેને ચકાસી શકો છો. આ માટે તમારે પોર્ટલમાં લોગિન કરવું પડશે અને 'e-Proceedings' ટેબ પર જવું પડશે.

### ટૂંક સમયમાં ટેક્સ રિફંડ મળશે

જો તમે નોટિસ સાથે સહમત છો તો 'Agree' બટન પર ક્લિક કરો અને સાચી માહિતી સાથે તમારું ITR ફાઈલ કરો. જો તમારે તમારી આવક અથવા છૂટમાં ફેરફાર કરવાની જરૂર હોય તો તમારે સુધારેલું ITR ફાઈલ કરવી પડશે. આ પ્રક્રિયાને અનુસરીને તમે તમારી રિફંડ સમસ્યાનું નિરાકરણ લાવી શકો છો અને ટૂંક સમયમાં તમારું ટેક્સ રિફંડ મેળવી શકો છો.

### બેંકો, બ્રોકરો અને પેમેન્ટ એપ્લિકેશન્સની નકલ કરતી બનાવટી એપ્લિકેશન્સના વધતા જોખમને પહોંચી વળવા પગલાં લેવા જરૂરી

# શેર બજાર પર AIનું ગ્રહણ છેતરપિંડી વધારશે




(એજન્સી) મુંબઈ | તા.09

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ ડિજિટલ નાણાકીય છેતરપિંડીને રોકવા માટે તમામ ભારતીય બેંકો માટે એક વિશિષ્ટ ડોટબેંકડોટઈન ઈન્ટરનેટ ડોમેનની જાહેરાત કર્યાના એક દિવસ બાદ ઝેરોધાના સ્થાપક અને સીઈઓ નીતિન કામથે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને અરજ કરી છે કે, બેંકો, બ્રોકરો અને પેમેન્ટ એપ્લિકેશન્સની નકલ કરતી બનાવટી એપ્લિકેશન્સના વધતા જતા જોખમને પહોંચી વળવા પગલાં લેવા જરૂરી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર તેમણે શેર કરતાં કહ્યું છે કે, કેવી રીતે સાયબર ફ્રોડ્સ ચાલુ રહેશે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મોટી સંભાવનાઓના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થશે. ડિજિટલ ફ્રોડની સંખ્યા અને વિવિધતા આશ્ચર્યજનક છે, જેથી એઆઈના કારણે અહીંથી પરિસ્થિતિ વધુ વણસતી જોવાઈ શકે છે. સેબી અને આરબીઆઈ બન્ને લોકોને શિક્ષિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને છેતરપિંડીઓનો સામનો કરવા માટેના પગલાંનો અમલ કરી રહ્યા છે.'બનાવટી એપ્લિકેશન્સ દ્વારા ફિશિંગ કૌભાંડ એ સાયબર ક્રાઈમનો સંદર્ભ આપે છે જ્યાં એપ્લિકેશન્સ જે કાયદેસર દેખાય છે. ઘણીવાર જાણીતી બ્રાન્ડસની નકલ કરે છે, તે યુઝર્સને લોગિન ક્રેડેન્શિયલ્સ, ક્રેડિટ કાર્ડની વિગતો અથવા અન્ય સંવેદનશીલ ડેટા જેવી સંવેદનશીલ વ્યક્તિગત માહિતી પ્રદાન કરવા માટે છેતરવા માટે બનાવવામાં આવે છે.' તેમણે સેબીના એક કન્સલ્ટેશન પેપરને ટાંકતા જણાવ્યું છે, ''તેમાં બ્રોકરો માટે યુનિક યુપીઆઈ આઈડીની દરખાસ્ત કરવામાં આવી છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે, રોકાણકારો માત્ર સેબી-રજીસ્ટર્ડ બ્રોકરોને જ નાણા ટ્રાન્સફર કરે છે અને બ્રોકરના નામ સાથે યુપીઆઈ આઈડીનો ઉપયોગ કરીને સ્કેમસ્ટર્સને નહીં.'' આ પગલાંથી રોકાણકારો સેબી-રજીસ્ટર્ડ માર્કેટ કંપનીઓની ઓળખ કરી શકશે. તેમણે આ સિવાય નોંધ્યું છે કે, ચૂકવણી અને વેબસાઈટ છેતરપિંડી સિવાય અન્ય એક મોટો ઉપદ્રવ એ છે કે, બેંકો, બ્રોકરો અને પેમેન્ટ એપ્લિકેશન્સની નકલ કરતી બનાવટી એપ્લિકેશનનો ફેલાવો. આ એપ્લિકેશન્સ વિશે પણ કંઈક કરવાની જરૂર છે.

# ફિટ અને હેલ્ધી રહેવા માટે આટલુ કરવાની જરૂર

## લાઈફસ્ટાઈલમાં મહત્વપૂર્ણ ફેરફારો કરીને ૨૦૨૫માં ફિટ અને હેલ્ધી રહેવાનો દ્રઢ સંકલ્પ સરળતાથી પાર કરી શકાશે. નવા વરસના સંકલ્પોમાં શરીર પરની વધારાની ચરબી ઓછી કરવી, હેલ્ધી ડાયટ તેમજ વ્યાયામ મહત્વના છે.



### સવારનો નાસ્તો

શરીરને સ્વસ્થ રાખવા માટે સવારનો નાસ્તો કરીને જ ઘરની બહાર નીકળવું. સવારનો નાસ્તો હેલ્ધી હોય તેનું ખાસ ધ્યાન રાકવું. સવારના નાસ્તામાં સલાડ, પનીર, દૂધ, ફળો, ફ્રુટજ્યૂસ તેમજ દૂધ જે પણ મળે તેનો નાસ્તો કરવો.



### સવારે ચાલવા જવું

સવારે ચાલવાનો વ્યાયામ એક ઉત્તમ વ્યાયામ છે. તેનાથી શરીરને સ્ફૂર્તિ આવે છે તેમ જ ભૂખ પણ ઊઘડે છે.



### સવારે જલદી ઉઠવાની આદત

દિવસ દરમિયાન સ્ફૂર્તિલા રહેવાથી સવારે જલદી ઉઠવાની આદત પાડવી. સૂર્યોદથ પહેલા ઉઠવાથી આપણું શરીર નિરોગી બની રહે છે. સવારે ઉઠીને મેડિટેશન તેમજ અભ્યાસ કરવાથી સફળતા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત દિવસભર તાજગીનો અનુભવ થાય છે.



### પ્રર્યાપ્ત માત્રામાં પાણી પીવું

શરીરને ઉર્જાવાન અને હાઈડ્રેટ બનાવી રાખવા માટે પ્રયાપ્ત માત્રામાં પાણીનું સેવન કરવું જરૂરી છે. જે લોકો ઓછું પાણી પીએ છે તે જલદી થાક અન ેનબળાઈનો અનુભવ કરે છે. તેમજ વિવધ બીમારીઓના ભરડામાં આવવાની શક્યતા વધી જાય છે. શરીરને હાઈડ્રેટ રાખીને ઘણા ઈન્ફેકશનથી બચાવી શકીએ છીએ. પાણીનું ભરપુર સેવન અધિક વજન વધતું અટકાવે છે. તેથી નિયમિત પાણી વધુને વધુ પીવાની આદત પાડો.



### પૂરતા પ્રમાણમાં નિંદ્રા

સારી નિંદ્રા ઈમ્યુન સિસ્ટમને મજબૂત બનાવવામાં મદદ કરે છે. તેમજ દિમાગને રિલેક્સ અને રિચાર્જ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પથારી પર સૂવા જતા પહેલા શાંતીથી ઊંઘ આવી જો તેવો માહોલ કરવાથી પણ સારી ઊંઘ આવવામાં મદદ કરે છે. જો અનિંદ્રાની ફરિયાદ હોય તો તાણ દૂર કરવાના ઉપાયો કરવા.




### સવારનો વ્યાયામ

સવારનો વ્યાયામ રાતના ઊંઘમાં અકળાયેલા શરીરને ઢીલું કરે છે અને સરળતાથી હરીફરી શકાય છે. તેમજ શરીરમા સ્ફૂર્તિ આવે છે. એક જ કસરત ઓછામાં ઓછી પાંચ વખત કરવાથી પણ થોડો ફાયદો જરૂર થાય છે ધીરે ધીરે કસરત અને સમય વધારવો જરૂરી છે.



### દિવસના થોડીથોડી વારે ખાવાની આદત

એક સાથે પેટમાં ઠુંસીને ખાવાથી અપચો થવાની શક્યતા રહે છે. તેથી ખાસ કરીને જમતી વખતે પેટ થોડું ખાલી રાખવું. દિવસ દરમિયના ત્રણ-ત્રણ કલાકના આંતરે થોડું થોડુ ખાવાની આદત પાડવી. જોકે તેમાં વધુ પડતા તળેલા ખાદ્યપદાર્થો ન હોવા જોઈએ. ફળ-સીંગ-ચણા જેવા હળવા નાસ્તા થોડી થોડી વારે કરવાથી શરીરમાં સ્ફૂર્તિ જળવાઇ રહે છે.



### તડકામા બેસવું

સવારના સમય હોય તો ફુફાળા તડકાનો શરીરને સેક આપવો. જે હાડકાને મજબૂત કરે છે. તેમજ પગને પણ સેક આપવાથી પગમાં પણ જોર આવે છે. વિટામિન ડીની ઊણપને સવારનો તડકો દૂર કરે છે.

# પ્રેમ સબંધ





લેખક- રુપાલી દવે

શું આરજુ યાર તું પણ સમજુ છું કે તારે ઓફિસ માં કામ ની ખૂબ જવાબદારીઓ વધારે હોય છે આમજ ટોચ પોસ્ટ પર થોડું બેસાય છે.. જો બકા, મારા જન્મ દિવસ નું વધારે ટેન્શન ન લે તું જ્યારે આવીશ ત્યારે મારો જન્મ દિવસ એન્જોય કરશુ..ડાર્લિંગ!!તુ બિલકુલ વધારે સ્ટ્રેસ ના લે ઓકે. યાર!!તુ મમ્મી ની ચિંતા ના કરતી, મમ્મીને સાંભળી લઈશ ઓકે..તારી ગિફ્ટ મળી ખૂબ સરસ છે તને કેમ ખબર પડી કે મારે ગિફ્ટ માં ન્યુ બ્રાન્ડ સ્પીકર જોતા હતા..યાર!! આરજુ તારી પસંદગી એટલે તારી જ,તારું મોકલાવેલ બ્રાન્ડેડ ટીશર્ટની કલર પેટર્ન શું મસ્ત છે? આરજુ એ કહ્યું કે સોરી અની,મને અંદરથી ખૂબ ગિલ્ટ થાય છે તારા જન્મ દિવસ માં આગલી રાત્રે બાર વાગ્યે વિશ કરવાનું ભૂલાઈ ગયું..કાલ નો આખો દિવસ ખૂબ જ હેકટીક રહીયો હતો.બકા!!ચાર પાંચ મિટિંગ હતી ને ઉપરથી રૂટિન ઓફિસ વર્ક તો ખરું જ. ઓફિસ થી ઘરે આવી એ ભેગી કાલ થાકી હતી એટલે જમ્યા વગર સોફા પર ઘસ ઘસાટ ઊંઘી ગઈ હતી. સવારે ઊઠીને ફોન કરવાનું વિચાર્યું ત્યાં ઘડિયાળ તરફ નજર કરતા ૯વાગ્યા હતા..શું કરું ઓફિસ જવાનું લેટ થઈ ગયું હતું એટલે.. અનુજ એ આરજુ ને રિલેક્સ કરવા બેત્રણ ફની જોક્સ સંભળાવી ને ખડખડાટ હસાવતા કહ્યું કે બેબી,ભલે મારી આરજુ મારાથી ખાસ્સા અંતરે બેંગલોર છે પરંતુ મારા હદય ના પ્રત્યેક ધબકારમાં મારી આરજુ જ માત્ર ધબકે છે..

વરંડા ના હીંચકા માં બેઠા બેઠા માધુરી ને એના દીકરા અનુજ નો અવાજ સંભળાતો હતો.દીકરાની મોબાઈલ પર વહુ સાથેની પ્રેમભરી વાતો સાંભળીને એ વિચારવા લાગ્યા કે બન્ને ના લગ્ન ને ત્રણ વર્ષ થયા છે આમ છતાંય બન્નેનો પ્રેમ એકબીજા પ્રત્યેનો દૂર રહેવા છતાંય પ્રેમભર્યો છે.લગ્ન બાદ છ મહિના માં જ આરજુ ને બેંગલોરની પ્રખ્યાત સોફ્ટ વેર કંપની માં જોબ મળી ત્યારે થયું હતું કે અનુજ નક્કી આરજુ ને જોબ કરવાની ના પાડશે. લગ્ન ના શરૂઆત ના દિવસો પતિ પત્ની માટે ખાસ હોય છે. આ દિવસો એકબીજા ને સમજવાના ને સાથે રહેવાના વધારે હોય છે. લગન બાદ સ્કૂલ મા શિક્ષિકા ની મને જોબ મળી ત્યારે મધુર એ સ્પષ્ટ શબ્દો કીધું હતું કે તારી જોબ ના લીધે મારા પરિવારમાં સમસ્યા ના થવી જોઈએ.કેમ? પૂછ્યું ત્યારે ખંધુ હાસ્ય કરતા મધુર એ કીધું હતું એ મારા માટે તું પછી પ્રથમ મારો પરિવાર રહેશે.

ભૂતકાળના સંઘર્ષમય દિવસો યાદ આવતા માધુરીની આંખ માંથી આંસુઓ સરવા લાગ્યા. સાડી ના પાલવથી આંખ સાફ કરતા માધુરી બોલી કે ભૂલથી અનુજ ની નજર આંસુઓ પર પડશે તો ઘર માથે લઈ લેશે.મારો અનુજ તદ્દન મારા જેવો પ્રેમાળ અને જમાના અનુસાર મોર્ડન વિચાર શૈલી ધરાવે છે.દીકરાની જોબ સરકારી છે એટલે ટ્રાન્સફર ગુજરાત બહાર થાય જ નહિ. એમાં બન્ને ને એકબીજા થી આટલા દૂર વસે છે.બન્નેના પ્રેમ સબંધ નિહાળતા સમજાયું કે પ્રેમ એટલે શું? પ્રેમ એટલે શરીર કરતા આત્મીય સંબંધ નો અવર્ણનીય આનંદ છે. જ્યાં હદય અને આત્મા ના એકબીજા સાથે મજબૂત સબંધો ધબકતા હોય છે ત્યાં મજબૂરીના લીધે એકબીજા થી દૂર રહેવાનું થાય તો પણ પ્રેમનું એકબીજા પ્રત્યે નું આકર્ષણ અકબંધ રહેતુ હોય છે. બન્ને જોબ માંથી ફ્રી થાય ત્યારે નિયમિત કલાકો ના કલાકો એકબીજાની વાત પ્રેમથી સાંભળે છે ને સમજે પણ છે..સાચા અર્થમાં પ્રેમ ની વ્યાખ્યા અનુજ અને આરજુ ના અતૂટ બંધન માં સાર્થક થાય છે.

માધુરી મનોમન ખુશ થતા બોલ્યા કે જો સબંધ બંધન બની જાય તો એવા સબંધો નું આયુષ્ય ટૂંકું થઈ જતું હોય છે.આરજુ અને અનુજ એકબીજા ની લાઇફ માં ચંચુપાત કરતા નથી એટલે જ બન્નેનું ત્રણ વર્ષ નું લગ્ન જીવન ખુશ ખુશાલ દોડી રહ્યું છે.

ઊંડો નિસાસો નાખતા ૨૫વર્ષ પહેલાંની કડવી યાદો યાદ આવતા માધુરી ને મધુર ના વેધક વાક્યો: "મારા પરિવાર પર કેમ ધ્યાન નથી આપતી? ખબર છે ને તને મારી માં કામ કરે એ મને પસંદ નથી" આમ મોટે મોટેથી બોલી ને મધુર એ નાનકડા અનુજ સાથે ઘર માંથી ધક્કા મારીને કાઢી મૂકી હતી.મારી ભૂલ શું હતી? એ વાત મને આજ પણ સમજતી નથી.છ સભ્યો ના પરિવાર ની રસોઈ થી લઈને ઘરનું કામકાજ ને વડીલો ની સેવા સાત વર્ષ સુધી સતત રાત દિવસ કરતી હતી

ભૂતકાળ યાદ આવતા માધુરી વિચારવા લાગી કે એ દિવસે માર્ચ એડિંગના લીધે ઓફિસ કામથી સખત થાકી હતી.છતાંય ઘરે આવીને નિયમિત બનતી રાતની રસોઈ શાક,ભાખરી અને ખીચડી બધું રેડી કરીને ટેબલ પર મૂકી દીધું હતું. સલાડ સમારી આપવા માટે બા એ આગ્રહ કર્યો હતો એટલે એને બધું આપીને બેડરૂમ માં પાંચ મિનિટ બેડ પર સૂતી હતી. મધુર ને ઘર માં પ્રવેશતા જોઈને બા એ રડારોળ શરૂ કરી દીધી.મધુર ને બા એ રડતા રડતા કીધું કે કામચોર વહુ ને પૌત્ર સાથે કાઢી મુક..એ ભેગા મધુર એ મારી એકપણ વાત સાંભળ્યા વિના અડધી રાત્રે ઘર માંથી કાઢી મૂકી હતી.જ્યારે પત્ની ને નવ મહિનાના બાળક સાથે કાઢી મૂકી ત્યારે મધુર સાત વર્ષ સુધી "પ્રેમ કરું છું" બોલીને શારીરિક સુખ માણ્યું,એનાપરિવારની ગધેડાની માફક સેવા કરાવી અને દર મહિનાનો મારો પગાર કબજે કર્યો એ બધું જ ભૂલી ગયો હતો. આવા શારીરિક આકર્ષણ માં સ્વાર્થ ભર્યા પ્રેમ કરતા અનુજ અને આરજુ ના નિસ્વાર્થ પ્રેમ ને લાખ લાખ સન્માન છે.

અનુજ અને આરજુ ના એકબીજાના અતૂટ આત્મીય પ્રેમ સબંધ અને વિશ્વાસ જોતા ગર્વ અનુભવું છું.

રસોડામાં મમ્મીને વિચારો મા ખોવાયેલ જોતા અનુજ બોલ્યો કે સોરી!!મમ્મી,આરજુ તરફથી હું માફી માંગુ છું એ..

માધુરીએ દીકરા પૂછ્યું કે કેમ તારે માફી માંગવી પડી? માફી નું કઈક રાજ તો હશેને.

અનુજ એ ધીમેથી કીધું કે સોરી મમ્મી,આજ મારો બર્થ ડે છે ને આરજું ને લીવ ના મળી એટલે.. મને ફર્ક નથી પડતો પણ તને કદાચ..

માધુરી એ દીકરા અનુજ નો કાન પકડતા કહ્યું કે ખબરદાર ફરી સોરી..પ્લીઝ બોલ્યો છો તે.એમાં મને શું ખરાબ લાગે? હું પણ નોકરિયાત હતી એટલે સમજુ છું. ચાલ ફટાફટ પ્રશ્નો પૂછ્યા વગર રેડી થઈ જા..


માધુરી એ કાર ડ્રાઈવ કરીને અનુજ નીમનપસંદ રેસ્ટોરન્ટ ના પાર્કિંગ મા કાર પાર્ક કરી. જેવો અનુજ કાર નો દરવાજો ખોલીને બહાર નીકળ્યો એ ભેગા સામે બ્લ્યુ ડિઝાઈનર ગાવુન માં "સરપ્રાઈઝ" બોલીને આરજુ એ અનુજ ને બર્થ ડે વિશ કર્યું.

આરજૂ ના મોમ ડેડ સાથે કંચન બેન એ દીકરા અનુજ નો આરજુની ફેવરિટ ચીઝ કેક માં બર્થ ડે સેલિબ્રિટ કર્યો..દૂર રેસ્ટોરન્ટ ના ટેબલ પર બેઠેલ સિત્તેર વર્ષ આસપાસની નજીકની વ્યક્તિ તરફ માધુરી ગાંધીની નજર પડવા છતાંય એણે નજર ફેરવી લીધી.વર્તમાનની ખુશીઓને ભરપુર માણવાનું નક્કી કર્યું.

ભૂતકાળના ઓછ્યામાં દર્દ ના નિશાન ફરી તાજા કરવા કે પ્રેમ નામના આભાસી શબ્દ સાથે બંધન માં પડવા કરતાં વર્તમાનની સુખની ખુશખુશાલ ક્ષણો માં જીવવું માધુરી ગાંધીને ઉચિત લાગ્યું..

# સંગીતકાર પ્રીતમ ચક્રવર્તીના સ્ટુડિયોમાં ચોરી થઈ

**સ્પોટ બોય પર 40 લાખ રૂપિયા ચોરીને ભાગી જવાનો આરોપ, FIR નોંધાઈ**



(એજન્સી) મુંબઈ | તા.09

સંગીતકાર પ્રીતમ ચક્રવર્તીના મુંબઈ સ્ટુડિયોમાંથી 40 લાખ રૂપિયાની લૂંટ થઈ છે.
અહેવાલો અનુસાર, સ્ટુડિયોનો સ્પોટબોય આશિષ સયાલ (32 વર્ષ) પૈસા લઈને ભાગી ગયો છે. પોલીસે FIR નોંધી છે અને આ મામલાની તપાસ કરી રહી છે.
આ મામલે મુંબઈના મલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ઘટનાની જાણ પ્રીતમ ચક્રવર્તીના મેનેજર દ્વારા કરવામાં આવી છે.
સૂત્રોના જણાવ્યા અનુસાર, ચોરી 4 ફેબ્રુઆરીના રોજ બપોરે 2 વાગ્યાની આસપાસ પ્રીતમ ચક્રવર્તીના મ્યુઝિક સ્ટુડિયો, યુનિમસ રેકોર્ડ્સ પ્રાઈવેટ લિમિટેડમાં થઈ હતી. તેમનું કાર્યાલય ગોરેગાંવ, મુંબઈમાં આવેલું છે.
તે જ દિવસે, એક પ્રોડક્શન હાઉસનો સભ્ય 40 લાખ રૂપિયા ભરેલી બેગ ઓફિસમાં લાવ્યો. તેણે બેગ પ્રીતમના મેનેજર વિનીત ચેડ્ડાને આપી. આ સમયે સ્ટુડિયોમાં આશિષ સયાલ, અહેમદ ખાન અને કમલ દિશા પણ હાજર હતા.
2024ની ફિલ્મ 'એનિમલ'ના ગીતો માટે પ્રીતમને શ્રેષ્ઠ સંગીત દિગ્દર્શકનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો છે

## પોલીસે કહ્યું- શંકાસ્પદ વ્યક્તિની શોધ ચાલુ છે

આ મામલે એક પોલીસ અધિકારીનું નિવેદન સામે આવ્યું છે. તેણે કહ્યું, 'પૈસા ભરેલી બેગ મળ્યા પછી, મેનેજરે તેને ટ્રોલી બેગમાં રાખી દીધી.' પછી તે એ જ બિલ્ડિંગમાં રહેતા પ્રીતમના ફ્લેટમાં કેટલાક કાગળો પર સહી કરાવવા ગયો.
જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેણે જોયું કે ટ્રોલીમાં પૈસા નહોતા. તેણે તરત જ અન્ય સ્ટાફ સભ્યો સાથે પૂછપરછ કરી અને જાણવા મળ્યું કે આશિષ પ્રીતમના ઘરે જવાના બહાને પૈસાવાળી બેગ લઈને સ્ટુડિયોમાંથી નીકળી ગયો હતો. મેનેજરે આશિષનો સંપર્ક કરવાનો પણ પ્રયાસ કર્યો, પરંતુ ત્યારથી તેનો ફોન બંધ આવી રહ્યો છે.
ત્યારબાદ મેનેજરે પ્રીતમને ઘટના વિશે જાણ કરી, જેમણે તેને તાત્કાલિક ફરિયાદ નોંધાવવા કહ્યું.
પોલીસે વધુમાં કહ્યું, 'અમે ચોરીનો કેસ નોંધ્યો છે.' અમે શંકાસ્પદ વ્યક્તિને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

# 'લોકો કહેતાં હતાં કે હું ફોરેનર જેવી દેખાઉં છું'

**શ્રુતિ હાસને પહેલી ફિલ્મ તૂટેલા નાક સાથે કરી હતી, કહ્યું- સર્જરી કરાવી હતી, એમાં ખોટું શું છે**

(એજન્સી) મુંબઈ | તા.09



એક્ટ્રેસ શ્રુતિ હાસને ઘણીવાર પોતાના અંગત જીવન વિશે ખુલીને વાત કરે છે. એક ઈન્ટરવ્યૂમાં, તેણે તેના નાકની સર્જરી અને ફિલર્સ વિશે વાત કરી. એક્ટ્રેસે કહ્યું કે જો તેણે નાકની સર્જરી કરાવી છે, તો તેમાં શું ખોટું છે?
તૂટેલા નાક સાથે કરી હતી પહેલી ફિલ્મ હોટરફ્લાયના શો ધ મેલ ફેમિનિસ્ટમાં, શ્રુતિ હાસને ફિલર્સ અને નાકની સર્જરી સાથે પહેલી ફિલ્મ કરી હોવાની વાત સ્વીકારી હતી. તેણે જણાવ્યું કે જ્યારે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તેનું નાક તૂટી ગયું હતું, પરંતુ ઘણા લોકો તેને બહાનું માનતા હતા.
શ્રુતિએ કહ્યું, મેં મારું નાકનો ઈલાજ કરાવ્યો અને સ્પષ્ટ થઈ ગયું કે મારી સર્જરી થઈ છે. ઈજાના કારણે મારું નાક તૂટી ગયું હતું. મેં મારી પહેલી ફિલ્મ સર્જરી વગર કરી હતી, પછી લોકો કહેતા હતા કે હું ડિવિએટેડ સેપ્ટમનું બહાનું બનાવી રહી છું. પણ મારા નાકમાં ખરેખર ડિવિએટેડ સેપ્ટમ (નાકની અંદરનો ભાગ વળેલો હોવો) હતું અને તે ખૂબ જ પીડાદાયક હતું. શ્રુતિ હાસને પણ સ્વીકાર્યું કે તેણે ફિલર્સ કરાવ્યા છે અને કહ્યું કે જો તે ભવિષ્યમાં ફેસલિફ્ટ કરાવવાનું નક્કી કરે છે, તો પણ તે તેનો નિર્ણય હશે.
શ્રુતિ હાસનના મતે, આ તેનું શરીર છે અને તેના પર તેનો અધિકાર છે. જોકે, એક્ટ્રેસ આવી સર્જરીનો પ્રચાર કે વિરોધ કરતી નથી. તેમનું માનવું છે કે દરેક વ્યક્તિએ એ જ કરવું જોઈએ જે તેમના માટે યોગ્ય હોય. તે ઈચ્છે છે કે લોકો તેના અંગત નિર્ણયોની ટીકા કરવાને બદલે તેના કામ પર ધ્યાન કેન્દ્રિત કરે.
'મારો ચહેરો વિદેશી જેવો લાગે છે' શ્રુતિએ એમ પણ કહ્યું કે શરૂઆતમાં તેને કહેવામાં આવ્યું હતું કે તે હિરોઈન જેવી દેખાતી નથી.
લોકો તેના વિશે કહેતાં હતાં કે, શ્રુતિનો ચહેરો વિદેશી જેવો દેખાય છે, તેની પાસે પ્રતિભા છે પણ તે ભારતીય જેવી દેખાતી નથી. જોકે, જ્યારે તેને ફિલ્મો કરવાનું શરૂ કર્યું, ત્યારે તેને ગામડાની છોકરીની વધુ ભૂમિકાઓ મળી. શ્રુતિએ 1999માં પોતાની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી શ્રુતિએ 1999માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે સાઉથ ઈન્ડિયા સિનેમાની એક ફેમસ એક્ટ્રેસ છે. શ્રુતિએ 'ડી-ડે', 'રમૈયા વસ્તાવૈયા', 'ગબ્બર ઈઝ બેક', 'વેલકમ બેક' અને 'રોકી હેન્ડસમ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તે શોર્ટ ફિલ્મ 'દેવી'માં પણ જોવા મળી હતી.



# સલમાને ભત્રીજાને બ્રેકઅપમાંથી બહાર નીકળવાની સલાહ આપી

**અરહાનને કહ્યું- જો ગર્લફ્રેન્ડ દગો કરે તો તેને જવા દેવી જોઈએ, રડીને મન હળવું કરવું વધુ સારું**

(એજન્સી) મુંબઈ | તા.09



સલમાન ખાને તાજેતરમાં જ તેના ભત્રીજા આહરાનને બ્રેકઅપનો સામનો કેવી રીતે કરવો તે અંગે કેટલીક સલાહ આપી હતી. તે કહે છે કે વ્યક્તિએ લાંબા સમય સુધી બ્રેકઅપના દુ:ખમાં ન રહેવું જોઈએ. તેના બદલે, વ્યક્તિએ રડવું જોઈએ અને આમાંથી આગળ વધવું જોઈએ.
તાજેતરમાં, સલમાન પહેલીવાર તેના ભત્રીજા અરહાનના પોડકાસ્ટમાં જોવા મળ્યો હતો. અહીં તેણે કહ્યું, "જો તમારી ગર્લફ્રેન્ડ તમારાથી અલગ થઈ ગઈ હોય, તો તેને જવા દો. આ બધી બાબતોમાંથી ઝડપથી બહાર નીકળવું જોઈએ. આ માટે, એક રૂમમાં જાઓ, રડી લો અને મામલો સમાપ્ત કરો. બહાર આવો અને લોકોને કહો - શું થઈ રહ્યું છે? કેમ છે બધું?
'વાતચીત દરમિયાન, સલમાને વિશ્વાસઘાતનો સામનો કરવા માટે સલાહ પણ આપી. "તમે ગમે તેટલો સમય સાથે વિતાવો, પછી ભલે સંબંધ બાંધો," તેમણે કહ્યું. તમે 40-50 વર્ષ વિતાવી શકો છો અને તમને ખ્યાલ આવશે કે તમારી પીઠમાં છરો ભોંકવામાં આવ્યો છે. પરંતુ આ વાત સમજાતાની સાથે જ તમારે તરત જ તે સંબંધમાંથી બહાર નીકળી જવું જોઈએ. પછી તમારે પહેલાની પરિસ્થિતિઓમાં પોતાને ઢાળવા જોઈએ.'
આ હમણાં જ મારી સાથે બન્યું. પણ મેં મારી જાતને એવું સમજાવ્યું કે આ મારી સાથે 6 મહિના પહેલા થયું હતું, તેથી દર્દ ઘણું ઓછું થયું છે.'
સલમાને આગળ કહ્યું, 'જોકે, કોઈ પણ માણસ એવો જન્મ્યો નથી જેણે ભૂલ ન કરી હોય.' ભૂલો તો થવાની જ છે. પણ ભૂલનું પુનરાવર્તન કરવું એ વધુ ખોટું છે. તો પછી આવા વ્યક્તિથી દૂર રહેવું વધુ સારું છે. તે જ સમયે, જ્યારે તમને ખ્યાલ આવે કે તમે ભૂલ કરી છે, ત્યારે તમારે તરત જ માફી માંગવી જોઈએ.'

# 'તારી હેસિયત શું છે?': મમતા કુલકર્ણીએ અમીષા પટેલ સાથેના ઝઘડા પર સ્પષ્ટતા કરી, કહ્યું- માર્કેટમાં ખોટી વાતો ફરી રહી છે





(એજન્સી) મુંબઈ | તા.09

1990ના દાયકામાં મમતા કુલકર્ણી અને અમીષા પટેલ વચ્ચે ઝઘડો થયો હતો. અમિષાનો આરોપ છે કે વિવાદ વધ્યા પછી મમતાએ ગુસ્સામાં પૂછ્યું કે, તારી ઓકાત શું છે? મારી ફી 15 લાખ છે અને તારી માત્ર 1 લાખ છે. હવે મમતા કુલકર્ણીએ અમીષાના આ આરોપો પર સ્પષ્ટતા આપી છે. તેમણે કહ્યું છે કે એ વાત સાચી છે કે અમારી વચ્ચે ઝઘડો થયો હતો. પણ મેં મારા સ્ટેટસ વિશે કોઈ નિવેદન આપ્યું નથી.
શું હતો આખો મામલો? તાજેતરમાં મમતા કુલકર્ણી રજત શર્માના શો 'આપ કી અદાલત'માં આવી હતી. શોના હોસ્ટે તેમને પૂછ્યું કે શું તમારી અને અમીષા પટેલ વચ્ચે કોઈ ઝઘડો થયો છે? આના પર મમતાએ કહ્યું, 'હા, આવું થયું હતું.' અમે એડ ફિલ્મના શૂટિંગ માટે ચારથી પાંચ દિવસ એક જ જગ્યાએ હતા. શૂટિંગ પછી એક દિવસ, બધા રાત્રે જમવા માટે ભેગા થયા. ફૂડ બુફેમાં માત્ર નોન-વેજની જ વાનગી હતી. કોઈ વાનગીનું પૂરું નામ લખેલું નહોતું.
જોકે, મેં તે વાનગી ખાવા માટે લીધી. જ્યારે મેં તે વાનગી ખાધી, ત્યારે તેને ચાવવામાં ખૂબ મુશ્કેલ પડી રહી હતી. શ્રી બજાજ મારી બાજુમાં બેઠા હતા. મેં તેને પૂછ્યું કે આ કેવું નોનવેજ છે જે હું ચાવી પણ નથી શકતી. તેણે કહ્યું કે તે હરણનું માંસ છે.
આના પર મેં રિક્વેસ્ટ કરતાં કહ્યું કે દરેક વાનગીની આગળ તેનું નામ ચોક્કસથી લખવું જોઈએ, કારણ કે આપણે સામાન્ય રીતે ફક્ત ચિકન, માછલી અથવા મટન જ ખાતાં હોય, હરણનું માંસ કોણ ખાય છે? ત્યારે ત્યાં હાજર અમીષા પટેલે કહ્યું- આ હિરોઈનોનાં એટલા નખરાં હોય છે ને. આ લોકોને દરેક મુદ્દા પર પહાડ બનાવવાની આદત હોય છે. હું તે સમયે અમીષાને ઓળખતી નહોતી. તે આ ઈન્ડસ્ટ્રીમાં નવી હતી.



# 'લગ્ન, તલાક, એન્ઝાઈટી અને મોત...': હુમલાના 23 દિવસ બાદ બેબોએ ક્રિપ્ટિક પોસ્ટ કરી લખ્યું, 'તમે ક્યારેય સમજી શકતા નથી...'; ફેન્સ ગોથે ચડ્યાં

(એજન્સી) મુંબઈ | તા.09

એક્ટર સૈફ અલી ખાન પર થયેલા હુમલા બાદ, એક્ટ્રેસ કરીના કપૂરે સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી, જેમાં તેણે કહ્યું કે જ્યારે તમારાં પ્રિયજનો સાથે આવી કોઈ ઘટનાઓ બને છે ત્યારે તમને વિનમ્ર બનાવી દે છે.
કરીનાની ઈન્સ્ટાગ્રામ પર ક્રિપ્ટિક પોસ્ટ કરીના કપૂરે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, જીવનની પરિસ્થિતિઓ વિશેના સિદ્ધાંતો અને ધારણાઓ વાસ્તવિક નથી. તમે લગ્ન, છૂટાછેડા, ચિંતા, બાળકનો જન્મ, કોઈ પ્રિયજનનું મૃત્યુ, પાલન-પોષણ જેવી બાબતોને ક્યારેય સાચી રીતે સમજી શકતા નથી, જ્યાં સુધી તે ખરેખર તમારી બની ન જાય. જ્યાં સુધી તમારો વારો નથી આવતો અને જીવન તમને વિનમ્ર નથી બનાવતું, ત્યાં સુધી આપણને લાગે છે કે આપણે બીજા કરતાં વધુ સમજદાર છીએ.
સૈફ પર હુમલા બાદ એક્ટ્રેસે કરેલી પોસ્ટ અગાઉ, કરીના કપૂરે સૈફ પર થયેલા હુમલા બાદ ઈન્સ્ટાગ્રામ પર એક નોટ શેર કરી હતી, જેમાં તેણે મીડિયાને લિમિટ્સનું સન્માન કરવા અને પોતાની સ્પેસ આપવા કહ્યું હતું. તેણે વધુમાં કહ્યું હતું કે, આ અમારા પરિવાર માટે એક પડકારજનક દિવસ રહ્યો છે અને અમે હજુ પણ બનેલી ઘટનાઓને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. હું મીડિયા અને પાપારાઝીને નમ્ર વિનંતી કરું છું કે આ મુશ્કેલ સમયમાં અટકળોથી દૂર રહે. અમે તમારી ચિંતા અને સમર્થનની પ્રશંસા કરીએ છીએ, પરંતુ સતત તપાસ અને ધ્યાન ફક્ત ભારે જ નહીં પરંતુ અમારી સલામતી માટે એક મોટું જોખમ પણ છે.
સૈફ હુમલા કેસ પર અપડેટ સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી મોહમ્મદ શહજાદના ફિંગરપ્રિન્ટ્સ મેચ થઈ ગયા છે. મુંબઈ પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, 16 જાન્યુઆરીએ સૈફ અલી ખાન પર હુમલો કરનારા આરોપીઓના ફિંગરપ્રિન્ટના નમૂના તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. રિપોર્ટમાં પુષ્ટિ મળી છે કે કેટલાક ફિંગરપ્રિન્ટ્સ મેચ થયા છે. જોકે, પોલીસ હાલમાં અંતિમ રિપોર્ટની રાહ જોઈ રહી છે.

# '4 કરોડ લઈ લીધા, પણ મને હિરોઈન ન બનાવી', પૂર્વ મુખ્યમંત્રીની દીકરી સાથે થઈ મોટી છેતરપિંડી

(એજન્સી) મુંબઈ | તા.09

ઉતરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ડો. રમેશ પોખરિયાલની પુત્રી અને અભિનેત્રી-નિર્માત્રી આરુષિ નિશંક સાથે છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. મીડિયા રીપોર્ટસ અનુસાર, તેણે મુંબઈના ફિલ્મ નિર્માતા માનસી અરુણ બાગલા અને વરુણ પ્રમોદ કુમાર બાગલા સામે ચાર કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ દેહરાદુનના કોતવાલી શહેરમાં નોંધાવી છે. આ કેસમાં આરુષિએ માત્ર છેતરપિંડીનો જ આરોપ નથી લગાવ્યો, પરંતુ માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીનો પણ આરોપ લગાવ્યો છે.
પોતાની ફરિયાદમાં આરુષિએ જણાવ્યું હતું કે, 'ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવાની લાલચ આપી અને મોટા નફાનું વચન આપીને મારા પાસેથી પૈસા પડાવવામાં આવ્યા હતા.' આરુષિની પોતાની પ્રોડક્શન કંપની છે જેનું નામ 'હિમશ્રી' ફિલ્મ્સ છે અને તે ફિલ્મોનું નિર્માણ કરે છે. પોતાની ફરિયાદમાં તેણે સમગ્ર ઘટનાની વિગતો આપી હતી.
આરુષિએ કહ્યું હતું કે, 'મુંબઈના નિર્માતા માનસી અને વરુણે એક ફિલ્મને લઈને મારો સંપર્ક કર્યો હતો. બંનેએ મને પોતે મીની ફિલ્મ પ્રાઈવેટ લિમિટેડના નિર્દેશક હોવાનું જણાવીને કહ્યું હતું કે, તેઓ એક ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' બનાવી રહ્યા છે. જેમાં શનાયા કપૂર અને વિક્રાંત મેસી મુખ્ય ભૂમિકામાં હશે. તેમને મને આ ફિલમાં લીડ હિરોઈન બનાવવાની વાત કહી હતી.'



# પ્રસિદ્ધ અભિનેત્રી શાબાના આઝમી પંચ કલાતીર્થ તરીકે જાણીતા નિરોણાની મુલાકાતે

મહેશ એલ.સોની | નખત્રાણા

ધોરડો હવે વિશ્વ વિખ્યાત બની ચૂક્યું છે ત્યારે સફેદ રણનું સૌંદર્ય નિહાળવા દેશ વિદેશમાંથી લાખોની સંખ્યામાં પર્યટકો દર વર્ષે ઉમટી પડેછે. ત્યારે અનેક સુપ્રસિદ્ધ હસ્તીઓ પણ અવાર નવાર સફેદ રણની મુલાકાત લેતી હોય છે. હાલમાં જ ટીના અંબાણી, જયા બચ્ચન, નવ્યા નંદા જેવી સેલિબ્રિટી સફેદ રણની મુલાકાત લીધી હતી. ધોરડો જતા કે આવતા દેશ વિદેશના પ્રવાસીઓ પાંચ કલા માટે પ્રસિદ્ધ નિરોણા ગામની પણ મુલાકાતે પણ અચુક પધારતા હોય છે. ગઈકાલે જ વિશ્વ વિખ્યાત ફિલ્મ અભિનેત્રી શાબાના આઝમી નિરોણા પધારેલ ત્યારે પાવરપટ્ટી કચ્છમિત્ર બ્યુરો ન્યૂઝની ઓફિસની મુલાકાત લઈ કચ્છમિત્રના સુનીલભાઈ માતંગ પાસેથી જરૂરી માહિતી મેળવી હતી.



# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનાર ભારત-ઈંગ્લેન્ડ મેચની ટિકિટ મળશે ઓફલાઈન

(એજન્સી) અમદાવાદ તા 09

અમદાવાદ ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત - ઈંગ્લેન્ડ વચ્ચે વન ડે મેચ રમાવાની છે. જેને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. ત્યારે ક્રિકેટ રસીઓ માટે સારા સમાચાર આવી રહ્યાં છે. ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની વન ડે મેચની ટિકિટનું હવે ઓફલાઈન પણ વેચાણ કરવામાં આવશે. આજથી એટલે કે 9 ફેબ્રુઆરીથી 11 ફેબ્રુઆરી સુધી ટિકિટનું વેચાણ કરવામાં આવશે. ઓફલાઈન ટિકિટ સવારે 10 થી 6 વાગ્યા વચ્ચેના સમયગાળામાં ખરીદી શકો છો. ત્યાં 1000 થી વધુના ભાવની ટિકિટોનું ઓફલાઈન વેચાણ કરવામાં આવશે. ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની મેચના ગેટ નંબર 1 પરથી ટિકિટ ખરીદી શકાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 12 ફેબ્રુઆરીએ રમાશે બંને વચ્ચે વન ડે મેચ રમાવાની છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 12 ફેબ્રુઆરીએ ભારત - ઈંગ્લેન્ડ વચ્ચે વન ડે મેચ યોજાવાની છે. જેનો લાભ દર્શકો સરળતાથી લઈ શકે તેના માટે ઓફલાઈન ટિકિટ વેચાણનું આયોજન કરવામાં આવ્યુ છે. જ્યાં 1 હજારથી વધુની કિંમતની ટિકિટનું વેચાણ કરવામાં આવશે.




# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાની PM કરવા લાગ્યા ભારતને હરાવવાની વાત

(એજન્સી) કરાંચી તા 09

19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની દરેક વ્યક્તિ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન, પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે તેમની ટીમના ખેલાડીઓને ભારતને હરાવીને ટુર્નામેન્ટ જીતવાની અપીલ કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. આ ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન 23 ફેબ્રુઆરીએ ટકરાશે. એનો અર્થ એ કે આ બ્લોકબસ્ટર સ્પર્ધા માટે હજુ લગભગ બે અઠવાડિયા બાકી છે. પરંતુ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે 'યુદ્ધ' શરૂ કરી દીધું છે અને ભારતને હરાવવાની વાત શરૂ કરી દીધી છે.

લાહોરના ગદ્દાફી સ્ટેડિયમના નવીનીકરણ કાર્ય પૂર્ણ થયા બાદ તેના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન તેમણે પોતાના ખેલાડીઓને સંબોધન કર્યું. તેમણે ટીમના કેપ્ટન મોહમ્મદ રિઝવાન અને અન્ય ખેલાડીઓને ભારતને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફી કબજે કરવાની અપીલ કરી. ભારત અને પાકિસ્તાન છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીમાં





2017 ની ફાઈનલમાં આમને-સામને થયા હતા. ત્યારબાદ પાકિસ્તાને ટીમ ઈન્ડિયાને હરાવીને આ ખિતાબ જીત્યો. હવે બંને ફરી ટકરાવવાના છે. અગાઉ, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે તેમના ખેલાડીઓને કહ્યું હતું કે તેમનો ઉદ્દેશ્ય ફક્ત ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાનો નથી, પરંતુ પાડોશી દેશને હરાવવાનો પણ છે. તેમણે આગામી ટુર્નામેન્ટ અને ગદ્દાફી સ્ટેડિયમ માટે પાકિસ્તાની ટીમની જર્સીના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન આ વાતો કહી. શાહબાઝ શરીફે કહ્યું, 'અમારી ટીમ ખૂબ સારી છે અને ખેલાડીઓએ છેલ્લા કેટલાક સમયથી સારું પ્રદર્શન કર્યું છે.' પરંતુ હવે ખરું કાર્ય આપણી સામે છે અને અમારું લક્ષ્ય ફક્ત ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીતવાનું જ નથી, પરંતુ દુબઈમાં યોજાનારી મેચમાં પડોશી દેશને હરાવવાનું પણ છે. આખો દેશ તમારી સાથે ઉભો છે. જો તમે જીતશો તો 24 કરોડ લોકો ખુશ થશે. હાલમાં, ભારતનો જસપ્રીત બુમરાહ રિવર્સ સ્વિંગમાં નિષ્ણાત છે. પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેના રમવા અંગે સસ્પેન્સ છે. જો આપણે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચોની વાત કરીએ, તો આ ટુર્નામેન્ટમાં પડોશી દેશનો હાથ ઉપર છે. સામાન્ય રીતે ટીમ ઈન્ડિયા આઈસીસી ઈવેન્ટ્સમાં વધુ જીતે છે. પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં, બંને ટીમો 5 વખત ટકરાઈ છે, જેમાં ભારત 2 વખત અને પાકિસ્તાન 3 વખત જીત્યું છે.

# બેડમિન્ટનની રમતમાં થયો મોટો ફેરફાર કરવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી તા 09



બેડમિન્ટનની રમત વિશ્વની સૌથી લોકપ્રિય રમતોમાંની એક છે. બેડમિન્ટન આખી દુનિયામાં રમાય છે. જ્વાલા ગુટ્ટા, પીવી સિંધુ અને સાઈના નેહવાલ જેવા પ્રખ્યાત ખેલાડીઓ ભારત માટે અનેક ખિતાબો જીતી ચૂક્યા છે. તાજેતરમાં બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) એ બેડમિન્ટન અંગે એક મોટો નિર્ણય લીધો હતો. BWFના એક નિર્ણય પછી આ રમત સંપૂર્ણપણે બદલાઈ જશે. આમાં, જૂની સ્કોરિંગ સિસ્ટમના સ્થાને નવી સ્કોરિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. ચાલો જાણીએ કે બેડમિન્ટનમાં કયા ફેરફારો થવાના છે? બેડમિન્ટનમાં આવશે નવી સ્કોરિંગ સિસ્ટમ હાલમાં બેડમિન્ટન ત્રણ સેટમાં રમાય છે. હાલમાં પણ રમત ત્રણ સેટમાં ચાલુ રહેશે પરંતુ પોઈન્ટ બદલાશે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) એ નવેમ્બર 2024માં મલેશિયામાં એક નવી સ્કોરિંગ સિસ્ટમનો પ્રસ્તાવ મૂક્યો હતો. હાલમાં બેડમિન્ટન ત્રણ સેટમાં રમાય છે. દરેક સેટમાં 21 પોઈન્ટ છે. પરંતુ હવે દરેક સેટમાં 15 પોઈન્ટ હશે. આનો સૌથી મોટો ફાયદો એ થશે કે રમત હવે પહેલા કરતા ટૂંકી થઈ જશે, જે દર્શકોને વધુ મનોરંજન પૂરું પાડશે. ઉપરાંત, ખેલાડીઓના ઘાયલ થવાની શક્યતાઓ પણ ઓછી થશે.અહીં સૌથી મોટો સવાલ એ છે કે, નવી સ્કોરિંગ સિસ્ટમ ક્યારથી લાગુ થશે? BWFએ લગભગ ત્રણ મહિના પહેલા આ પ્રસ્તાવ રાખ્યો હતો.

# હવે રન બનાવવા પડશે', રોહિત શર્માના ખરાબ ફોર્મ પર આર.અશ્વિનનો ટોણો

(એજન્સી) ચેન્નાઈ તા 09

છેલ્લા ઘણાં સમયથી ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન રોહિત શર્મા ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો છે. T20 વર્લ્ડકપ 2024માં શાનદાર પ્રદર્શન કર્યા બાદ રોહિત એકપણ મોટી ઈનિંગ રમ્યો નથી. આગામી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં રોહિતના ફોર્મને લઈને ટીમ મેનેજમેન્ટ ચિંતિત છે. આ દરમિયાન રોહિતના ફોર્મને લઈને પૂર્વ દિગ્ગજ ખેલાડી રવિચંદ્રન અશ્વિને મોટું નિવેદન આપ્યું છે. તેણે રોહિતના પ્રદર્શનને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આ પહેલા બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં રોહિતે રમેલી છેલ્લી પાંચ ઈનિંગ્સમાં અનુક્રમે 3, 9, 10, 3 અને 6 રન બનાવ્યા હતા. તેની પહેલા ન્યુઝીલેન્ડ સામે રમાયેલી ત્રણ ટેસ્ટ મેચની સીરિઝમાં પણ તેનું બેટ હતું. તેણે 6 ઈનિંગ્સમાં માત્ર એક જ અડધી સદી ફટકારી હતી.



**શું કહ્યું અશ્વિને?** : રોહિતને લઈને અશ્વિને જણાવ્યું હતું કે, 'રોહિત માટે આ મુશ્કેલ સમય છે. તેણે પોતાના ટીકાકારોનું મોઢું બંધ કરવા માટે એક મોટી ઈનિંગ રમવી પડશે. રોહિતે આ ઈનિંગ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા રમવાની કોશિશ કરવી જોઈએ. રોહિતે વનડે ફોર્મેટમાં સારું પ્રદર્શન કર્યું છે અને તે આને જાળવી રાખવા માંગશે. પરંતુ ક્રિકેટ જોનારા ચાહકો રોહિતના ખરાબ ફોર્મ પર સવાલો તો પૂછશે જ? તેણે હવે રન બનાવવા જ પડશે. તમે આ સવાલોથી બચી શકતા નથી.'

**જાડેજાની અશ્વિને કરી પ્રશંસા:** તાજેતરમાં ભારતનો જાદુઈ સ્પીનર રવીન્દ્ર જાડેજાએ ઈંગ્લેન્ડ સામે રમાયેલી પહેલી વનડે મેચમાં પોતાની 600 આંતરરાષ્ટ્રીય વિકેટ પૂરી કરી હતી. આ મેચમાં જાડેજાએ ત્રણ વિકેટ મેળવી હતી. જાડેજાના આ શાનદાર પ્રદર્શનની અશ્વિને પ્રશંસા કરતા કહ્યું હતું કે, 'જાડેજા દબાણમાં શાનદાર બેટિંગ પણ કરે છે. તેણે જો રૂટની વિકેટ પણ લીધી હતી. ફિલ્ડીંગ દરમિયાન તે પૂરા મેદાનમાં દોડી શકે છે. તે એક શાનદાર ફિલ્ડર છે.' હાલમાં ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી વનડે સીરિઝની પહેલી વનડે મેચમાં રોહિતે માત્ર 2 રન બનાવ્યા હતા.

# હવે ઘરડો થઈ ગયો છું, ફાસ્ટ બોલ નહીં રમી શકું: સેહવાગ

(એજન્સી) નવી દિલ્હી તા 09

ભારતીય ક્રિકેટ ટીમનો ભૂતપૂર્વ વિસ્ફોટક ઓપનર વીરેન્દ્ર સહેવાગ સામે બોલિંગ કરવા માટે ભલભલા બોલરો ડરી જતા હતા. સહેવાગની આદત હતી કે તે પહેલા જ બોલ પર ચોગ્ગો ફટકારતો હતો. વર્ષ 2011ના વર્લ્ડકપની વિજેતા ટીમનો મહત્ત્વપૂર્ણ સભ્ય રેહેલા સહેવાગે આ ટુર્નામેન્ટ દરમિયાન મોટાભાગની મેચોમાં પહેલા બોલ પર ચોગ્ગા ફટકાર્યા હતા. જો કે, વીરેન્દ્ર સહેવાગમાં પહેલા જેવો ઉત્સાહ રહ્યો નથી. જેને લઈને તેણે ખુલાસો કરતા કહ્યું હતું કે, 'હવે મારું હેન્ડ અને આઈનું કોર્ડીનેશન (હાથ અને આંખનું સંકલન) પહેલા જેવું નથી રહ્યું. હવે હું ઝડપી બોલરોનો સામનો કરી શકું તેમ નથી. હું કદાચ ફરી ક્યારેય ફ્રેન્ચાઈઝી લીગમાં રમવા જોવા મળીશ નહીં કારણ કે મારામાં હવે પહેલા જેવો ઉત્સાહ રહ્યો નથી. જો હાલમાં જ કોઈ ભારતીય ખેલાડી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને IPLમાંથી નિવૃત થયો છે અને જો તે રમવા માંગે છે કે તો આ ટુર્નામેન્ટ તેના માટે સારો મંચ છે.' હું આ ટુર્નામેન્ટમાં યુવરાજ સિંહને રમતો જોવા માંગું છું. તે સિક્સર કિંગ છે. પરંતુ હું નહિ રમી શકું. હું હવે ઘરડો થઈ ગયો છું. હું હવે ઝડપી બોલિંગનો સામનો નથી કરી શકતો.' આ દરમિયાન વીરેન્દ્ર સહેવાગને પૂછવામાં આવ્યું હતું કે, તમે વિવિધ T20 લીગને ક્યાં ક્રમમાં રાખવાનું પસંદ કરશે.



# ગિલની સદી પૂર્ણ થાય તે માટે રાહુલે ટીમને નુકસાન પહોંચાડ્યું?



હતો. આ દરમિયાન કોમેન્ટ્રી કરી રહેલા પૂર્વ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે રાહુલની બેટિંગ સ્ટાઈલ પર ભડકી ગયા હતા શું હતો સમગ્ર વિવાદ? હકીકતમાં 249 રનના ટાર્ગેટનો પીછો કરી રહેલી ભારતીય ટીમની 221ના સ્કોર પર ચોથી વિકેટ પડી હતી. જેમાં અક્ષર પટેલ 52 રન બનાવીને આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ નંબર-6 પર બેટિંગ કરવા કે એલ રાહુલ ક્રીઝ પર આવ્યો હતો. ત્યારે શુભમન ગિલ સદી પૂરી કરવાની નજીક હતો. આ દરમિયાન રાહુલ જયારે બેટિંગ કરી રહ્યો હતો ત્યારે ભારતીય ટીમ જીતની નજીક પહોંચતી જોઈએ ગિલને સદી માટે સિંગલ લઈને સ્ટ્રાઈક બદલવાનું વિચાર્યું. રાહુલ પોતાની નેચરલ ગેમથી વિરુદ્ધ ગિલને રમવાની તક આપવાના ચક્કરમાં તેણે આદિલ રાશિદના બોલ પર સોફ્ટ શોટ રમવા જતાં કેચ આઉટ થઈ ગયો હતો. કે એલ રાહુલ આઉટ થયા બાદ સુનિલ ગાવસ્કર ગુસ્સે થઈ ગયા હતા અને કહ્યું હતું કે, 'કે એલ રાહુલે પોતાની નેચરલ ગેમ રમવી જોઈતી હતી. તે ખાતરી કરવા માંગતો હતો કે, તેના સાથેના ખેલાડી ગિલને સદી કરવાની તક મળે. આ પ્રકારના વર્તન કરનારાઓને ટીમમાં સ્થાન ન આપવું જોઈએ. રાહુલે જે કર્યું તે યોગ્ય ન હતું.' જો કે રાહુલ આઉટ થયા છતાં પણ ગિલ સદી પૂરી કરી શક્યો નહોતો. તે 96 બોલમાં 87 રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

# પેટ કમિન્સને આપ્યા ગુડ ન્યૂઝ

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 09

ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમના કેપ્ટન પેટ કમિન્સ ઈજાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે, પરંતુ આ દરમિયાન તેને એક સારા સમાચાર મળ્યા છે. પેટ કમિન્સ બીજી વખત પિતા બન્યા છે. જેની જાણકારી તેમણે સોશિયલ મીડિયા દ્વારા ફેન્સ સાથે શેર કરી છે.

પેટ કમિન્સ અને તેની પત્ની બીજી વખત માતા-પિતા બન્યા છે. તેની પત્ની બેકીએ એક પુત્રીને જન્મ આપ્યો છે. આ કારણે પેટ કમિન્સે શ્રીલંકા સાથે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાંથી આરામ લીધો હતો. હવે કમિન્સ અને બેકીએ સોશિયલ મીડિયા દ્વારા ચાહકો સાથે તેમની સૌથી મોટી ખુશી શેર કરી છે.છેલ્લી ટેસ્ટ મેચ દરમિયાન પેટ કમિન્સ ઈજાગ્રસ્ત થયો હતો. કમિન્સને પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી, જેના કારણે તેને હવે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થવું પડ્યું છે. કમિન્સનું ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થવું ઓસ્ટ્રેલિયા માટે મોટો ફટકો છે. હવે છે. જોશ હેઝલવુડ અને મિશેલ માર્શ પણ આઉટ આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ઓસ્ટ્રેલિયાનું ટેન્શન ઘણું વધી ગયું છે. ટીમના ઘણા મજબૂત ખેલાડીઓ ઈજાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે.

# ચહલએ ધનશ્રીને આપ્યા કરોડો રૂપિયા?

(એજન્સી) નવી દિલ્હી તા 09

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્મા છૂટાછેડાના સમાચારને કારણે ચર્ચા થઈ રહી છે. હવે આ દરમિયાન એક ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ ચહલે ધનશ્રી વર્મા સાથે સેટલમેન્ટ કરી લીધું છે. આ સેટલમેન્ટ માટે ચહલે ધનશ્રી વર્માને કરોડો રૂપિયા આપ્યા છે. તમને જણાવી દઈએ કે શું છે સમગ્ર મામલો. તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી એક પોસ્ટમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ચહલે ધનશ્રી વર્મા સાથે સેટલમેન્ટ કરવા માટે તેને 60 કરોડ રૂપિયા આપ્યા છે. તમને જણાવી દઈએ કે સોશિયલ મીડિયા પર અત્યાર સુધીમાં ઘણા દાવા કરવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના ખોટા સાબિત થયા છે.60 કરોડ રૂપિયાના સમાધાન દાવા અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. આ બાબતે ધનશ્રીએ હજુ સુધી કોઈએ સત્તાવાર નિવેદન આપ્યું નથી. આ સિવાય યુઝવેન્દ્ર ચહલે પણ આવું કંઈ કહ્યું નથી. આ પહેલા યુઝવેન્દ્ર ચહલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં તેને તેના પરિવાર, મૂલ્યો અને ફેન્સના સમર્થન વિશે વાત કરી હતી અને કોઈ નાણાકીય વ્યવહારનો ઉલ્લેખ નથી. તમને જણાવી દઈએ કે ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની કુલ હાલમાં, યુઝવેન્દ્ર ચહલની કુલ સંપત્તિ આશરે 45 કરોડ રૂપિયા છે. જ્યારે, યુઝવેન્દ્ર ચહલની પત્ની ધનશ્રી 23 કરોડ રૂપિયાથી વધુની માલિક છે. બંને વચ્ચે કયા કારણોસર અણબનાવ થયો તે અંગે હજુ સુધી કોઈ માહિતી બહાર આવી નથી. આ સમાચાર સોશિયલ મીડિયા વાયરલ થઈ રહેલી પોસ્ટને આધારે લખવામાં આવ્યા છે, સંદેશ ન્યૂઝ તેની પુષ્ટિ કરતું નથી.



# નવા સિઝનની IPL સિઝનના શિડ્યુલને સમજો 5 પોઈન્ટમાં

(એજન્સી) મુંબઈ તા 09

IPL 2025ની શરુઆત ટૂંક સમયમાં શરુ થવા જઈ રહી છે. તાજેતરમાં જ તેની શરુઆતની અને અંતિમ મેચોની તારીખ જાહેર કરવામાં આવી હતી. ટૂંક સમયમાં તેનું સંપૂર્ણ સમયપત્રક બહાર પાડવામાં આવશે. તે પહેલા અમે તમને જણાવીશું કે સૌથી મોંઘો વિદેશી અને ભારતીય ખેલાડી કોણ હશે? જો કે IPL 2025ની સમયપત્રક જાહેર થશે. જાણો નવા સીઝનની 5 સૌથી મોટી અને ખાસ વાતો ઈન્ડિયન પ્રીમયર લીગની આગામી સમયમાં નવા સીઝનની શરુઆત થવાની છે. IPL 2025ની પહેલી મેચ અને ફાયનલ મેચ ક્યારે રમાશે. પાછલા દિવસોમાં તેની માહિતી સામે આવી હતી. પરંતુ તેનુ સંપૂર્ણ સમયપત્રક હજુ સુધી સામે આવ્યું નથી. ટૂંક સમયમાં જ BCCI તેનુ શેડ્યુલ જાહેર કરશે. આ પહેલા જાણો કે IPL સીઝનની 5 સૌથી મોટી વાતો અમે તમને જણાવીશું કે સૌથી મોંઘો વિદેશી અને ભારતીય ખેલાડી કોણ છે? સૌથી મોટી ઉંમરનો અને સૌથી નાનો ખેલાડી કોણ છે ? કઈ ટીમોએ તેમના કેપ્ટનના નામ જાહેર કર્યા છે અને કોના કેપ્ટન હજુ સુધી નક્કી નથી થયા? ચાલો જાણીએ આ આગામી IPL સીઝન વિશે 5 મોટી ખાસ વાતો IPL 2025 માટેની હરાજી 24 અને 25 નવેમ્બર 2025ના રોજ જેહાદ, સાઉદી અરેબિયામાં યોજાઈ હતી. આ સમયગાળા દરમિયાન ઈંગ્લેન્ડના વિકેટ કીપર બેટ્સમેન જોસ બટલર સૌથી મોંઘો વિદેશી ખેલાડી બન્યો હતો. તેમને ગુજરાત ટાઈટન્સે 15.75 કરોડ રુપિયામાં ખરીદ્યો હતો. સૌથી મોંઘો ભારતીય ખેલાડી વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતને સિલ્કટ કર્યો હતો.

# ચેમ્પિયન્સ ટ્રોફીના પહેલા ટીમને મોટો ઝટકો, સ્ટાર ખેલાડીની ઈજાએ વધાર્યું ટીમનું ટેન્શન

(એજન્સી) ન્યુઝીલેન્ડ તા 09

ખેલાડીઓની ઈજાને કારણે ઘણી ટીમોનું ટેન્શન વધી ગયું છે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની ટીમના ઘણા મજબૂત ખેલાડીઓ ઈજાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે. હવે ન્યુઝીલેન્ડની ટીમને પણ મોટો ઝટકો લાગે છે. ટીમનો સ્ટાર ખેલાડી ઈજાગ્રસ્ત છે, જેના કારણે આ ખેલાડી માટે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવું મુશ્કેલ માનવામાં આવે છે. દુબઈમાં રમાઈ રહેલી ILT20 લીગમાં ઘણા દેશોના મોટા ખેલાડીઓ રમી રહ્યા છે. જેમાં ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસનનું નામ પણ સામેલ છે. લોકી ડેઝર્ટ વાઈપર્સ ટીમ તરફથી રમી રહ્યો હતો. આ સમય દરમિયાન, તે દુબઈ કેપિટલ્સ સાથે રમાયેલી પ્રથમ ક્વોલિફાયર મેચમાં હેમસ્ટ્રિંગની સમસ્યા સાથે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. જેના કારણે તેને મેદાન છોડવું પડ્યું હતું. જે બાદ લોકી ફર્ગ્યુસનને સ્કેન માટે જવું પડ્યું. લોકી ફર્ગ્યુસન પણ આ ટુર્નામેન્ટમાં ડેઝર્ટ વાઈપર્સ ટીમની કેપ્ટનશીપ કરી રહ્યા હતા.



ન્યુઝીલેન્ડના મુખ્ય કોચ ગેરી સ્ટેડે માહિતી આપી હતી

ન્યૂઝીલેન્ડ ટીમના મુખ્ય કોચ ગેરી સ્ટેડે પાકિસ્તાનમાં ત્રિકોણીય શ્રેણી પહેલા કહ્યું હતું કે, "લોકીને યુએઈમાં સ્કેન કરવામાં આવ્યો હતો. અમારી પાસે તસવીરો છે અને અમે રેડિયોલોજિસ્ટ પાસેથી રિપોર્ટ મેળવવાની રાહ જોઈ રહ્યા છીએ કે તે કેટલું ગંભીર છે. "એવું લાગે છે કે હેમસ્ટ્રિંગમાં નાની ઈજા છે, તેથી અમે સલાહ માટે સમયમર્યાદાની રાહ જોઈ રહ્યા છીએ, પછી જ અમે નક્કી કરીશું કે લોકી અહીં આવશે કે અમારે ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેના સ્થાને અન્ય કોઈને લાવવું પડશે."

ડેઝર્ટ વાઈપર્સ હારી ગયા

ILT20 લીગની પ્રથમ ક્વોલિફાયર મેચ ડેઝર્ટ વાઈપર્સ અને દુબઈ કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. જેમાં ડેઝર્ટ વાઈપર્સને દુબઈ કેપિટલ્સના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો.

# હાથમાં રાઈફલ લઈને રમ્યા ફુટબોલ મેચ, વીડિયા વાયરલ

(એજન્સી) મણિપુર તા 09

મણિપુરના કાંગપોકપી જિલ્લાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયોમાં કેટલાક ખેલાડીઓ અસોલ્ટ રાઈફલ હાથમાં લઈને ફુટબોલ રમી રહ્યા હોવાનું દેખાઈ રહ્યુ છે. આ ઘટનાએ જાતીય સંઘર્ષની વચ્ચે હથિયારોની વધી રહેલી હાજરી મામલે ચિંતા કરી છે. મણિપુરના કાંગપોકપી જિલ્લામાં રમાયેલી ફુટબોલ મેચ હાલ તો ચર્ચાનો વિષય બની છે. હાથમાં રાઈફલ જોઈને લોકો પરેશાન છે. હાથમાં રાઈફલ રાખીને મેચ રમતા દ્રશ્યોએ સૌ કોઈને આકર્ષ્યા હતા. ઘણા લાંગા સમયથી મણિપુરમાં સ્થિતી વણસી છે. અન્ય રાજ્યોમાં શાંતિ સ્થાપવા માટે પ્રયાસ હાથ ધરાયા છે. હથિયાર લઈને ફુટબોલ રમતા ખેલાડીઓનો વાયર વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. આ હથિયારો કોઈ સાદા હથિયાર નથી. પરંતુ વીડિયોમાં દેખાતા ખેલાડીઓ પાસે AK-47 અને અમેરિકાની M શ્રેણીની એસોલ્ટ રાઈફલ્સ છે. આ વિડીયો સૌપ્રથમ મણિપુરના કાંગપોક્પી જિલ્લાના એક સોશિયલ મીડિયા પ્રભાવકના પેજ પર દેખાયો હતો. આ બંદૂકોના બેરલ પર લાલ રિબન પણ બાંધવામાં આવે છે.

વીડિયોમાં બતાવેલ ઈવેન્ટ પોસ્ટર મુજબ, ફૂટબોલ મેચ 20 જાન્યુઆરીએ શરૂ થઈ હતી. પોસ્ટરમાં સ્થળનું નામ પણ દેખાય છે. આ સ્થળ નોહજાંગ કિપજેન મેમોરિયલ પ્લેગ્રાઉન્ડ છે, જે ગામનોમ્ફાઈ ગામમાં આવેલું છે. આ સ્થળ રાજધાની ઈમ્ફાલથી લગભગ 30 કિલોમીટર દૂર છે. આ ઘટનાએ વંશીય સંઘર્ષ વચ્ચે શસ્ત્રોની વધતી હાજરી અંગે પ્રશ્નો ઉભા કર્યા છે. જોકે, આ વીડિયો પોસ્ટ કરનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે હવે આ વીડિયો પોતાના એકાઉન્ટમાંથી હટાવી દીધો છે અને એક નવો વીડિયો શેર કર્યો છે જેમાં બંદૂકધારીઓ દેખાતા નથી.

## યુદ્ધવિરામ કરાર હેઠળ બંધકોની મુક્તિ: 3 ફેબ્રુઆરી સુધી બધું બરાબર રહેશે

# હમાસે 3 બંધક તો ઈઝરાયલે 183 પેલેસ્ટિનિયન મુક્ત કર્યા

(એજન્સી) તેલ અવીવ તા 09

યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસે શનિવારે વધુ ત્રણ ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે. બીજી તરફ બંધકોના આગમન પછી ઈઝરાયલ 183 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. આ ત્રણ બંધકોને રેડક્રોસ સંસ્થાને સોંપવામાં આવ્યા હતા. રેડક્રોસ તેમને ગાઝાથી ઈઝરાયલ ખસેડશે. તેમની મુક્તિ પછી ત્રણેય બંધકોની તસવીરો બહાર પાડવામાં આવી છે, જેમાં તેઓ ખૂબ જ પાતળા અને બીમાર દેખાઈ રહ્યા છે. સમાચાર એજન્સી એપી અનુસાર બંધકોનાં નામ એલી શરાબી, ઓહદ બેન અમી અને ઓર લેવી તરીકે હતા. કરાર અમલમાં આવ્યા પછી કુલ 16 ઈઝરાયલી અને પાંચ થાઈ બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. આ સોદાના છેલ્લા તબક્કામાં ગાઝાનું પુનર્વસન કરવામાં આવશે. આમાં 3થી 5 વર્ષ લાગશે. હમાસની કેદમાં માર્યા ગયેલા બંધકોના મૃતદેહો પણ ઈઝરાયલને સોંપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે 7 ઓક્ટોબર, 2023ના રોજ હજારો હમાસ લડવૈયાઓએ ઈઝરાયલ પર હુમલો કર્યો અને 1200 લોકોને બંધક બનાવ્યા. આ સાથે 250થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા.

આના થોડા કલાકો પછી, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસ સામે યુદ્ધની ઘોષણા કરી હતી. પ્રથમ તબક્કો: ગાઝામાં 19 જાન્યુઆરીથી1 માર્ચ સુધી સંપૂર્ણ યુદ્ધવિરામ રહેશે. હમાસ 33 ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે. ઈઝરાયલ દરરોજ પોતાના એક બંધકના બદલામાં 33 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. દરેક ઈઝરાયલી મહિલા સૈનિક માટે, 50 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવામાં આવશે.

બીજો તબક્કો: જો પહેલા તબક્કાના 16મા દિવસ સુધી એટલે કે 3 ફેબ્રુઆરી સુધી બધું બરાબર રહેશે, તો બીજા તબક્કાના આયોજન પર ચર્ચા શરૂ થશે. આ સમય દરમિયાન કોઈ હુમલા કરવામાં આવશે નહીં. બાકીના જે બંધકો જીવિત છે તેમને મુક્ત કરવામાં આવશે. ઈઝરાયલ 1,000 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે, જેમાંથી લગભગ 190 કેદીઓને 15 વર્ષથી વધુ સમયથી સજા ફટકારવામાં આવી છે.



### આ સોદાના છેલ્લા તબક્કામાં ગાઝાનું પુનર્વસન કરવામાં આવશે

આ સોદાના છેલ્લા તબક્કામાં ગાઝાનું પુનર્વસન કરવામાં આવશે. આમાં 3થી 5 વર્ષ લાગશે. હમાસની કેદમાં માર્યા ગયેલા બંધકોના મૃતદેહો પણ ઈઝરાયલને સોંપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે 7 ઓક્ટોબર, 2023ના રોજ હજારો હમાસ લડવૈયાઓએ ઈઝરાયલ પર હુમલો કર્યો અને 1200 લોકોને બંધક બનાવ્યા. આ સાથે 250થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. આના થોડા કલાકો પછી, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસ સામે યુદ્ધની ઘોષણા કરી હતી. પ્રથમ તબક્કો: ગાઝામાં 19 જાન્યુઆરીથી1 માર્ચ સુધી સંપૂર્ણ યુદ્ધવિરામ રહેશે. હમાસ 33 ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે. ઈઝરાયલ દરરોજ પોતાના એક બંધકના બદલામાં 33 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. દરેક ઈઝરાયલી મહિલા સૈનિક માટે, 50 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવામાં આવશે.

## વ્હાઈટ હાઉસ ખાતે બાઈડન પરિવાર સાથે ટ્રમ્પ પરિવાર

# બાઈડનને ગુપ્ત અમેરિકન ફાઈલો જોવા પર પ્રતિબંધ ટ્રમ્પનો આદેશ, કહ્યું- તેમની યાદશક્તિ સારી નથી

અમેરિકા :અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનની સુરક્ષા મંજૂરી (ગુપ્તચર માહિતીની એક્સેસ) રદ કરી દીધી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે, બાઈડનને ગુપ્ત માહિતી મેળવવાની કોઈ જરૂર નથી. અમે બાઈડનની સુરક્ષા મંજૂરી રદ કરી રહ્યા છીએ અને તેમની દૈનિક ગુપ્તચર બ્રીફિંગ બંધ કરી રહ્યા છીએ, જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે. હુર રિપોર્ટ ફેબ્રુઆરી 2024માં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે, બરાક ઓબામાના ઉપરાષ્ટ્રપતિ તરીકેના કાર્યકાળ દરમિયાન બાઈડન તેમના પુત્રના મૃત્યુનું વર્ષ અને ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ ભૂલી ગયા હતા. જોકે, પછી બાઈડને આ અહેવાલને ફગાવી દીધો. ટ્રમ્પને સુરક્ષા મંજૂરી આપવાનો કોઈ અર્થ નથી.



### બાઈડને ટ્રમ્પની સુરક્ષા મંજૂરી પણ રદ કરી

ટ્રમ્પે લખ્યું- બાઈડને 2021માં એક ઉદાહરણ બેસાડ્યું. ત્યાર બાદ તેમણે ગુપ્તચર સમુદાયને યુનાઈટેડ સ્ટેટ્સના 45મા રાષ્ટ્રપતિ (ટ્રમ્પ)ની સુરક્ષા મંજૂરી રદ કરવાનો આદેશ આપ્યો. જ્યારે આ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓને આપવામાં આવેલું સૌજન્ય છે. આ પહેલી વાર હતું જ્યારે કોઈ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિની સુરક્ષા મંજૂરી અટકાવવામાં આવી હતી. બાઈડને કહ્યું હતું કે ટ્રમ્પના વર્તનને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. તેમના પર વિશ્વાસ કરી શકાય નહીં.

### 2021માં રાષ્ટ્રપતિ બન્યા પછી બાઈડને ટ્રમ્પ સાથે પણ આવું જ કર્યું.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ન્યાય વિભાગના અહેવાલમાં ખુલાસો થયો છે કે બાઈડનની યાદશક્તિ નબળી છે. આવી સ્થિતિમાં સંવેદનશીલ માહિતી પર વિશ્વાસ કરી શકાય નહીં. ટ્રમ્પે લખ્યું- હું હંમેશા આપણી રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ કરીશ.

**સુરક્ષા મંજૂરી મેળવવાનો અર્થ શું? :** અમેરિકી રાષ્ટ્રપતિઓને સુરક્ષા મંજૂરીની જરૂર હોતી નથી અને તેમના પદના આધારે તેમને ગુપ્ત માહિતીની એક્સેસ હોય છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ પરંપરાગત રીતે ગુપ્ત માહિતી બ્રીફિંગ મેળવતા આવ્યા છે, જોકે તેમની એક્સેસ વર્તમાન રાષ્ટ્રપતિના વિવેકબુદ્ધિ પર આધારિત છે.

**ટ્રમ્પે 50થી વધુ અધિકારીઓની મંજૂરી અટકાવી દીધી :** ટ્રમ્પ પહેલાથી જ 50થી વધુ ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારીઓની સુરક્ષા મંજૂરીઓ રદ કરી ચૂક્યા છે. આ બધા પર 2020ની ચૂંટણીમાં બાઈડનના પક્ષમાં દખલ કરવાનો આરોપ હતો. સુરક્ષા મંજૂરી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓને વિશ્વમાં શું થઈ રહ્યું છે તેની સમજ મેળવવાની મંજૂરી આપે છે, ખાસ કરીને એવા દેશો વિશેની ગુપ્ત માહિતી જે યુએસ હિતો સાથે જોડાયેલા છે.

## રશિયાએ યુક્રેનના જર્જિસ્ક શહેર પર કબજો કર્યો:

# અહીં 5 મહિનામાં 26 હજાર યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા



(એજન્સી) કિવ તા 09

રશિયાના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે એક વીડિયો બહાર પાડ્યો હતો જેમાં યુક્રેનિયન શહેર જર્જિસ્ક પર કબજો કરવાનો દાવો કરવામાં આવ્યો હતો. રશિયન ન્યૂઝ આઉટલેટ આરટી અનુસાર, યુક્રેનના ડોનેટ્સક ક્ષેત્રમાં સ્થિત આ શહેર રશિયા દ્વારા કબજે કરવામાં આવ્યું છે. જર્જિસ્ક ઉપરાંત, રશિયાએ બે ગામો ડ્રુઝબા અને ક્રિમસ્કોયે પર નિયંત્રણની પણ વાત કરી. રશિયન સૈન્યએ કહ્યું છે કે, યુક્રેને શહેરની રક્ષા માટે લગભગ 40,000 સૈનિકો તૈનાત કર્યા છે. તેમાંથી 26,000 સૈનિકો 5 મહિના ચાલેલા યુદ્ધમાં મૃત્યુ પામ્યા. વીડિયો ફૂટેજમાં રશિયન ડ્રોન યુક્રેનિયન લોજિસ્ટિક્સ અને સૈનિકોને નિશાન બનાવતા દર્શાવવામાં આવ્યા હતા.આ વીડિયોમાં રશિયન હુમલાઓના અનેક ફૂટેજ બતાવવામાં આવ્યા છે, જેમાં રશિયા જર્જિસ્ક શહેરને કબજે કરવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે.24 ફેબ્રુઆરી, 2022ના રોજ શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધને ટૂંક સમયમાં ત્રણ વર્ષ પૂર્ણ થશે. યુક્રેનનો દાવો છે કે યુદ્ધના મોરચે હજુ પણ સંઘર્ષની સ્થિતિ યથાવત છે. જોકે, યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે વાત કરવા સંમત થયા છે.ઝેલેન્સકી કહે છે કે, જો પુતિન સાથે વાતચીત જ યુક્રેનમાં શાંતિ લાવવાનો એકમાત્ર રસ્તો છે, તો આપણો દેશ ચોક્કસપણે તેને અપનાવશે. જોકે, સંવાદના ટેબલ પર હું પુતિન પ્રત્યે ખૂબ જ નિર્દય રહીશ. સાચું કહું તો, હું તેને દુશ્મન માનું છું અને તે પણ મને દુશ્મન માને છે.ઝેલેન્સકીએ મંગળવારે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, રશિયા સાથેના યુદ્ધમાં અત્યાર સુધીમાં 45,100 યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા છે.

# ધરતી ધણધણતા ફફડાટ, કેરેબિયન દેશોમાં 7.6ની તીવ્રતાનો ભૂકંપ

(એજન્સી) કેરેબિયન તા 09

ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રૂજી ઉઠી છે. આ વખતે કેરેબિયન દેશોમાં ભૂકંપ આવ્યો છે. નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એસોસિએશન અને યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) એ ભૂકંપની પુષ્ટિ કરી હતી અને રિપોર્ટ આપ્યો હતો કે કેમેન ટાપુઓની દક્ષિણપશ્ચિમમાં કેરેબિયન સમુદ્રમાં ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 7.6 હતી. કેરેબિયન સમુદ્ર કિનારે આવેલા દેશો હૈતી, મેક્સિકો, ક્યુબા, હોન્ડુરાસ, બેલીઝમાં આટલી તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે ત્યાં રહેતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભૂકંપના કારણે સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન અનુસાર, આ તીવ્રતાના ભૂકંપના કારણે સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. હૈતી, બેલીઝ અને બહામામાં સુનામીનું જોખમ રહેલું છે, જ્યારે પ્યુઅર્ટો રિકો અને વર્જિન ટાપુઓ માટે અન્ય ભૂકંપની ચેતવણી જારી કરવામાં આવી છે. અમેરિકાના નેશનલ સુનામી



વોર્નિંગ સેન્ટરનું કહેવું છે કે સુનામીની કોઈ શક્યતા નથી, પરંતુ લોકોએ સતર્ક રહેવું પડશે.

એપીના અહેવાલ મુજબ, ભૂકંપ ગઈકાલે સાંજે ભારતીય સમય અનુસાર લગભગ 6:23 વાગ્યે આવ્યો હતો અને તેની ઊંડાઈ 10 કિલોમીટર હતી. તેનું કેન્દ્ર કેમેન ટાપુઓમાં જ્યોર્જ ટાઉનની દક્ષિણ-દક્ષિણપશ્ચિમમાં 130 માઈલ (209 કિલોમીટર) ની ઊંડાઈએ સ્થિત હતું. આ ભૂકંપ નોર્થ અમેરિકન અને કેરેબિયન ટેક્ટોનિક પ્લેટની સીમા પાસે આવ્યો હતો, જેના કારણે અત્યાર સુધી કોઈ જાનહાની થઈ નથી, પરંતુ કેરેબિયન દેશોના કેટલાક શહેરોમાં મોટું નુકસાન થયું છે. કેમેન ટાપુઓના કિનારે 235 કિલોમીટર દૂર 6.9 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## હજ યાત્રામાં ભીડના કારણે લેવાયો નિર્ણય : હવેથી માત્ર સિંગલ એન્ટ્રી વિઝા જ આપવામાં આવશે

# સાઉદી અરેબિયાએ ભારતીયો માટે વિઝા નિયમો બદલ્યા

(એજન્સી) સાઉદી તા 09

સાઉદી અરબે પોતાની વિઝા નીતિમાં મોટા ફેરફાર કર્યા છે, સાઉદીએ ભારત સહિત 14 દેશોના નાગરિકોને અપાતા મલ્ટિપલ વિઝા પર રોક લગાવી દીધી છે, હવેથી માત્ર સિંગલ એન્ટ્રી વિઝા જ આપવામાં આવશે. આ નિયમ 1 ફેબ્રુઆરીથી અમલમાં ગણાશે. મલ્ટિપલ વિઝાનો લાભ લઈને અયોગ્ય રીતે હજ યાત્રા કરનારાઓને અટકાવવા સાઉદીએ આ નિર્ણય લીધો છે. આ 14 દેશ થશે પ્રભાવિત સાઉદી સરકારે જે દેશોના મલ્ટિપલ વિઝા પર પ્રતિબંધ મુકી દીધો છે તેમાં ભારત, ઈન્ડોનેશિયા, ઈરાક, જોર્ડન, મોરક્કો, નાઈઝીરિયા, પાકિસ્તાન, સુદાન, યમન, બાંગ્લાદેશ જેવા કુલ 14 દેશોનો સમાવેશ થાય છે. જેમાં ભારતને બાદ કરતા



મોટાભાગના મુસ્લિમ બહુમતવાળા દેશો છે. જોકે ભારતમાંથી પણ હજ યાત્રા માટે લાખો મુસ્લિમો સાઉદી જતા હોવાથી તેનો પણ સમાવેશ આ યાદીમાં કરાયો છે.

સાઉદીમાં હજ યાત્રામાં ભારે ભીડના કારણે વિઝા નિયમો કડક કર્યા

સાઉદી અરેબિયાના મલ્ટીપલ એન્ટ્રી વિઝા ધરાવતા લોકો હજ દરમિયાન હજ પરમિટ વિના અનધિકૃત રીતે હજ કરે છે, જેના કારણે મક્કામાં ભીડ વધે છે, જેને પગલે હજ યાત્રામાં વ્યવસ્થા પર અસર પહોંચે છે.

સિંગલ એન્ટ્રી વિઝા સાથે, વ્યક્તિ માત્ર એક જ વાર દેશમાં પ્રવેશી શકે છે, જ્યારે મલ્ટિપલ એન્ટ્રી વિઝા એ લાંબા ગાળાનો વિઝા છે જે વિઝા ધારકને તે દેશની ઘણી વખત મુલાકાત લેવાની મંજૂરી આપે છે.

સાઉદી વિઝા નીતિમાં મોટા ફેરફારો

બદલાયેલા નિયમો અનુસાર, વિવિધ દેશોમાંથી આવતા પ્રવાસીઓ સિંગલ એન્ટ્રી વિઝા માટે જ અરજી કરી શકે છે. આ વિઝા 30 દિવસ માટે માન્ય રહેશે અને પ્રવાસીઓ સાઉદીમાં વધુમાં વધુ 30 દિવસ જ રહી શકશે. જો કે, હજ, ઉમરાહ, રાજદ્વારી અને રેસિડેન્સી વિઝા પર આ ફેરફારથી કોઈ અસર થશે નહીં.

સાઉદી અધિકારીઓનું કહેવું છે કે મલ્ટીપલ વિઝા એન્ટ્રીનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. કેટલાક પ્રવાસીઓ લાંબા ગાળાના વિઝા પર દેશમાં આવતા હતા અને બાદમાં સાઉદી અરેબિયામાં હજ કરવા અથવા કામ કરવા માટે અનધિકૃત સમયગાળા માટે રોકાય જાય છે. જેના કારણે વ્યવસ્થા પર અસર પડે છે.

સાઉદી સરકારને આશા છે કે વિઝાના નિયમોમાં ફેરફારથી માત્ર અધિકૃત હજયાત્રીઓ જ હજ કરી શકશે, જેના કારણે શહેરમાં ભીડ ઓછી થશે અને દરેક વ્યક્તિ ગરમીથી બચવા માટે કરવામાં આવેલી વ્યવસ્થાનો લાભ લઈ શકશે. સાઉદી અધિકારીઓએ મલ્ટીપલ એન્ટ્રી વિઝાના સસ્પેન્શનને કામચલાઉ ગણાવ્યું છે.

# લિબિયામાં 29 માઈગ્રન્ટ્સના મૃતદેહ મળ્યા, માનવ તસ્કરીનો મોટો ખેલ

(એજન્સી) લિબિયા તા 09

લિબિયામાં 2011ની વસંતના 14 વર્ષ પછી પણ શાંતિ નથી આવી. સિક્યોરિટી ડિરેક્ટોરેટ અને લિબિયન રેડ ક્રેસેન્ટે ગુરુવારે જણાવ્યું હતું કે લિબિયાના દક્ષિણ-પૂર્વ અને પશ્ચિમમાં બે સ્થળોએ ઓછામાં ઓછા 29 સ્થળાંતર કરનારાઓના મૃતદેહ મળી આવ્યા છે. મુઅમ્મર ગદ્દાફીના પતન પછી, લિબિયામાં કોઈ સ્થિર સરકારની રચના થઈ નથી અને તે આફ્રિકાથી યુરોપના માર્ગ જેવું બની ગયું છે. જીખારા વિસ્તારની એક સામૂહિક કબરમાંથી 19 મૃતદેહો મળી આવ્યા

અલવાહત ડિસ્ટ્રિક્ટ સિક્યુરિટી ડિરેક્ટોરેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે લિબિયાના બીજા સૌથી મોટા શહેર બેનગાઝીથી લગભગ 441 કિલોમીટર દૂર આવેલા જીખારા વિસ્તારમાં એક સામૂહિક કબરમાંથી 19 મૃતદેહો મળી આવ્યા હતા અને જણાવ્યું હતું કે મૃત્યુ દાણચોરીની પ્રવૃત્તિઓ સાથે સંબંધિત છે. ડિરેક્ટોરેટે ફેસબુક પર ફોટા પોસ્ટ કર્યા, જેમાં પોલીસ અધિકારીઓ અને જાલુ રેડ ક્રેસન્ટ સ્વયંસેવકો મૃતદેહોને કાળી પ્લાસ્ટિકની થેલીઓમાં મૂકતા દર્શાવે છે.

અગાઉ પણ 20 લોકોના મૃતદેહ મળી આવ્યા હતા લિબિયનરેડ ક્રેસેન્ટે ગુરુવારે મોડી રાત્રે ફેસબુક પર જણાવ્યું હતું કે લોકોએ દિવસ દરમિયાન 10 સ્થળાંતર કરનારાઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા, જેઓ રાજધાની ત્રિપોલીથી લગભગ 40 કિલોમીટર દૂર ઝાવિયા શહેરમાં દિલા બંદર નજીક બોટ ડૂબી જતાં મૃત્યુ પામ્યા હતા. લિબિયાના રણમાં ખોવાઈ ગયેલા 20 લોકોના મૃતદેહ મળી આવ્યા છે, બચાવકર્તાના જણાવ્યા અનુસાર, જેઓ માને છે કે જૂથ તરસથી મૃત્યુ પામ્યું હતું. આ મૃતદેહો રણમાંથી મુસાફરી કરી રહેલા એક ટ્રક ડ્રાઈવર દ્વારા મળી આવ્યા હતા અને મંગળવારે કુફ્રાના દક્ષિણપશ્ચિમમાં લગભગ 320 કિલોમીટર (198 માઈલ) અને ચાડની સરહદથી 120 કિલોમીટર (74 માઈલ) દૂર મળી આવ્યા હતા. આ સિવાય પણ 2015 માં 95 2017 માં 70 થી વધુ મૃતદેહો મળી આવ્યા હતા. 2015માં મળી આવેલ 95 માંથી ગણા મૃતદેહો દરિયાકાંઠે તણાઈને પડ્યા હતા. લિબિયા યુરોપ જવાનું ડંકી રુટ બન્યું

રેડ ક્રેસન્ટે ફોટા પોસ્ટ કર્યા જેમાં સ્વયંસેવકો ડોકસાઈડ પર સફેદ પ્લાસ્ટિકની થેલીઓમાં મૃતદેહ મૂકતા હતા, જ્યારે સ્વયંસેવકે એક બેગ પર નંબરો લખ્યા હતા. સંઘર્ષ અને ગરીબીથી ભાગી રહેલા સ્થળાંતર કરનારાઓ માટે લિબિયા ભૂમધ્ય સમુદ્ર પાર કરીને યુરોપનો પરિવહન માર્ગ બની ગયો છે.

# બ્રિટિશ નૌકાદળમાં મહિલા કર્મચારીઓને સાડી પહેરવાની મંજૂરી

(એજન્સી) લંડન તા 09

બ્રિટનની રોયલ નેવીએ તેની મહિલા અધિકારીઓ માટે તેના સાંસ્કૃતિક ડ્રેસ કોડમાં સાડી, સલવાર કમીઝ અને લહેંગાનો સમાવેશ કર્યો છે. બ્રિટિશ નેવીએ પોતાના ડ્રેસને વધુ સમાવેશી બનાવવા માટે આ નિર્ણય લીધો છે. આ નવા ડ્રેસ કોડ હેઠળ હવે મહિલા અધિકારીઓ કોઈપણ ઔપચારિક કાર્યક્રમના પ્રસંગે મેસ જેકેટ હેઠળ સાડી અને અન્ય સાંસ્કૃતિક પોશાક પહેરી શકશે. મહિલા અધિકારીઓને સાંસ્કૃતિક પોશાક પહેરવાની પરવાનગી અપાઈ રોયલ નેવી રેસ ડાયવર્સિટી નેટવર્કના પ્રમુખ લાન્સ કોર્પોરલ જેક કાનાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લિંક્ડિન પર ડ્રેસ કોડ અંગે માહિતી શેર કરી છે. આ સાથે તેણે એક તસવીર પણ શેર કરી છે, જેમાં કેપ્ટન દુર્દાના અંસારી જેકેટની નીચે સાડી પહેરેલી જોવા મળી રહી છે. તમને જણાવી દઈએ કે મહિલાઓએ પણ સાડી પર કાળો બો(ટાઈ) અને શર્ટ પહેરવો પડશે. યુકે સર્વિસના રેસ ડાયવર્સિટી નેટવર્ક દ્વારા લોબિંગ બાદ કર્મચારીઓને હવે ઔપચારિક મેસ ડિનરમાં તેમના મેસ જેકેટની



નીચે સાડી, સલવાર કમીઝ, લહેંગા અને અન્ય સાંસ્કૃતિક પોશાક પહેરવાની પરવાનગી આપવામાં આવી છે. કમરથી ઉપર ઓળખી શકાય તેવા નૌકાદળના ગણવેશના હાલના ધોરણો જાળવવા માટે તેઓએ સાડીની ઉપર કાળી બો ટાઈ અને સફેદ શર્ટ પણ પહેરવો પડશે. કિલ્ટ અને ટર્ટન ડ્રેસ પહેરવા સાથે આવું જ છે. અન્ય બ્રિટિશ સંસ્કૃતિઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો કાનાનીના જણાવ્યા મુજબ વર્તમાન નીતિ પહેલાથી જ આઈરિશ, સ્કોટિશ, કોર્નિશ, વેલ્શ અને માંક્સ હેરિટેજના લોકોને ટાર્ટન અને કિલ્ટ પહેરવાની મંજૂરી આપે છે. હવે રોયલ નેવીમાં સેવા આપતી અન્ય બ્રિટિશ સંસ્કૃતિઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કાનાણીએ કહ્યું કે પોલિસીમાં સુધારો કરતા પહેલા મહિલાઓનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓનું પૂર કાનાનીની પોસ્ટને લઈને સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓનો પૂર આવ્યો છે. ઘણા લોકો આની સામે વાંધો પણ વ્યક્ત કરી રહ્યા છે. કેટલાક રૂઢિચુસ્તો કહે છે કે સશસ્ત્ર સેવાઓનો હેતુ એકસરખું હોવું, એકસરખું દેખાવું, એકસરખું અનુભવવું અને એકસરખું લડવું એ છે. આ જાગૃત સંસ્કૃતિ ખૂબ આગળ વધી ગઈ છે. ઘણા લોકોએ આ પહેલની પ્રશંસા કરતા કહ્યું કે તેનાથી અધિકારીઓને તેમની સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખ જાળવવા અને સેવા કરવાની મંજૂરી મળી છે. ભૂતપૂર્વ પરમાણુ સબમરીન કમાન્ડર રીઅર એડમિરલ ગણવેશનું કારણ એક સામાન્ય ઓળખ પ્રાપ્ત કરવાનું છે અને મતભેદો વધારવાનું નથી.' આ કરીને નેવીએ પોતાની જાતને હાસ્યનું પાત્ર બનાવ્યું છે.

### મહિલા કર્મચારીઓએ બેન્કમાં અલગ શૌચાલય માટે માગ કરી

ઓલ ઈન્ડીયા બેંક એમ્પલોયઝ એસો.ના જનરલ સેક્રેટરી સી.એચ .વેંકટચલમે જણાવ્યું હતું કે મહિલાઓ વર્ષ 1969માં બેંકોના રાષ્ટ્રીયકરણ બાદ બેંકોમાં મહિલાઓની ભરતી કરવાની શરૂઆત કરવામાં આવી હતી. જેનો આંક હાલ 2.10 લાખ કરોડ સુધી પહોંચ્યો છે.બેંક કર્મચારી મહિલાઓની સમસ્યાઓ અને તેમને વિકટ પરિસ્થિતીનો સામનો કરવો પડતો હોય છે તે મુદ્દે સંમેલનમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સંમેલનમાં બેંક કર્મચારી સંગઠનના અગ્રણી લલીતા જોશી, અમરજીત કૌર, સુપ્રિયા સુલે, ઓપી શર્મા અને જ્યોત્સનાબેન યાજ્ઞિક સહિતની મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### ચૂંટણીમાં નશાયુક્ત પદાર્થોનું વેચાણ ન કરવા આદેશ

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ ખાલી પડેલી કલોલ પાલિકાની, જિલ્લા પંચાયતની હાલીસા બેઠક, માણસા તાલુકા પંચાયતની આમજા, દહેગામ તાલુકા પંચાયતની લવાડ બેઠકની પેટા ચૂંટણી યોજાનાર છે. ત્યારે હાલમાં ઉમેદવારો દ્વારા ચૂંટણીનો પ્રચાર જોર શોરથી કરવામાં આવી રહ્યો છે. વધુમાં મતદારોને રીઝવવા માટે અને પોતાના રાજકીય પક્ષની જાહેરાત માટે બેનરો, રાજકીય પક્ષના સિમ્બોલવાળા તોરણ સહિત લગાવી શકાય નહી તે માટે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા આદર્શ આચારસંહિતામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



# CM ભૂપેન્દ્ર પટેલે ભારત વિકાસ પરિષદના સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ કરાવ્યો




(એજન્સી) અમદાવાદ | તા.09

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ભારત વિકાસ પરિષદના સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ ભારત વિકાસ પરિષદના કાર્યકર્તાઓને સમાજસેવા ક્ષેત્રે તેમના યોગદાન બદલ સન્માનિત કર્યાં હતા.આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રહિત પ્રથમની ભાવના પ્રબળ બની છે. સેવા અને સમર્પણના ભાવ દ્વારા ઉન્નત સમાજ થકી વિકસિત રાષ્ટ્રના નિર્માણની ભાવના આજે સાકાર થઈ રહી છે. આ અંગે વાત કરતાં ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનના દૂરંદેશી નેતૃત્વમાં દુનિયામાં ભારતનું ગૌરવ અને સન્માન વધ્યું છે. સેવાભાવ, સંસ્કાર અને સેવાદાયિત્વથી પણ રાજકારણ કરી શકાય એ તેમણે સાબિત કર્યું છે.

## સમાજસેવા અને કર્તવ્યનિષ્ઠાનાં દર્શન

સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં ભારત વિકાસ પરિષદના યોગદાન વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આજે દેશ અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓ સરકાર અને વહીવટી તંત્રને પૂરક બનીને સમાજના દરેક વર્ગને આગળ લાવીને આગવી સમાજસેવા અને કર્તવ્યનિષ્ઠાનાં દર્શન કરાવી રહી છે. અલગ અલગ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન થકી આ સંસ્થા સમાજસેવા અને રાષ્ટ્રહિતના સંસ્કારોને વિસ્તારી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

## મહાકુંભ થકી સમગ્ર ભારતવર્ષ દુનિયામાં આગવી એકતા

મહાકુંભના શ્રેષ્ઠ વ્યવસ્થાપનનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીએ જણાવ્યું કે દેશ-વિદેશમાંથી કરોડો શ્રદ્ધાળુઓ આસ્થાની ડૂબકી લગાવવા મહાકુંભમાં આવે છે. મહાકુંભ થકી સમગ્ર ભારતવર્ષ દુનિયામાં આગવી એકતા, અસ્મિતા અને ગૌરવનું કેન્દ્ર બન્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દરેક ક્ષેત્રે 'સૌનો સાથ, સૌનો વિકાસ'નો કાર્યમંત્ર સિદ્ધ થઈ રહ્યો છે.પટેલે ઉમેર્યું કે ૨૦૨૫નું વર્ષ સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતી, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી, અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મ જયંતીનું વર્ષ તેમજ બંધારણના અમૃત ઉત્સવની ઉજવણી કરવાનું વર્ષ છે. આથી આ વર્ષને દેશના ગૌરવને ઉજાગર કરવાના વર્ષ તરીકે ઉજવવાનો વડાપ્રધાનનો સંકલ્પ છે.



સમસ્ત આદિવાસી ભીલ સેવા સમાજ દ્વારા આયોજિત 27માં સમૂહ લગ્નમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

## ફેબ્રુઆરીના અંત સુધી ગુજરાતમાં ઠંડીનો ચમકારો રહેવાની આગાહી

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાતમાં મકર સંક્રાંતિ બાદ પણ ઠંડીએ વિદાય નથી લીધી. એવામાં હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ફેબ્રુઆરીમાં પણ ઠંડીનો ચમકારો યથાવત રહેશે તેવી આગાહી કરી છે. આ સિવાય રાજ્યમાં અનેક જિલ્લામાં માવઠાની આગાહી પણ કરી છે. હવામાન આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી મુજબ, ફેબ્રુઆરીમાં સવારે સામાન્ય ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ થઈ શકે છે. 10 થી 16 ફેબ્રુઆરી સુધી ગરમીનો અહેસાસ થશે. બાદમાં 17 થી 19 ફેબ્રુઆરીના દિવસે ફરી પવનનું જોર વધતા ઠંડી પડશે. ફેબ્રુઆરી મહિનામાં ઉત્તર ગુજરાતના ભાગોમાં 12 ડિગ્રી સુધી તાપમાન પહોંચે તેવી શક્યતા છે. વળી, કચ્છના ભાગોમાં 10 ડિગ્રી લઘુતમ તાપમાન રહી છે. મધ્ય ગુજરાતમાં 15 ડિગ્રી અને સૌરાષ્ટ્રમાં 13 ડિગ્રી લઘુતમ તાપમાન રહેવાની સંભાવના છે.

## એરપોર્ટ ઓથોરિટીએ ઇન્ક્વાયરી માટે 'રોંગ નંબર' જાહેર કરી દીધો

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટે પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસરનો નંબર તેની વેબસાઈટ પર મૂક્યો હતો, જે આઠ મહિનાથી બંધ આવે છે, પણ જે ફોન નંબર વેબસાઈટ પર દર્શાવેલો છે તે વડોદરાના એક નાગરિક પાસે એક્ટિવ છે. આથી લોકો કોઈ માહિતી માટે કોલ કરે તો આ નાગરિક પાસે જાય છે. તેમનું કહેવું છે કે, 'એરપોર્ટ કે ફ્લાઇટની કોઈ માહિતી માટેના રોજ 60થી 70 કોલ તેમને આવે છે. આથી કંટાળીને ફોન ઉપાડવાનું જ બંધ કરી દીધું છે. ખરેખર કંટાળી ગયો છું. આ નંબર લઈને મેં કોઈ ગુનો કર્યો હોય તેવું લાગે છે. હું મારું કામ કરું કે લોકોના ફોન ઉપાડું? એરપોર્ટ ઓથોરિટીને વિનંતી છે કે મારો નંબર વેબસાઈટ પરથી હટાવી લેવામાં આવે, જેથી મને શાંતિ મળે અને લોકોને પણ પોતાના પ્રશ્નોના જવાબ મળી શકે.' અમદાવાદ એરપોર્ટનો



ઉપયોગ કરતા મુસાફરોને રોજ નાનાં મોટાં કામ પડતાં હોય છે, જેથી તેઓ પબ્લિક ઈન્ફોર્મેશન અધિકારીને ફોન કરતા હોય છે. જોકે વેબસાઈટ પર ખોટો નંબર હોવાના કારણે મુસાફરોની મુશ્કેલીનો ઉકેલ લાવી શકાતો નથી.

## બનાસકાંઠાના અંબાજી માતાજીના મંદિરમાં શ્રી 51 શકિતપીઠ પરિક્રમા મહોત્સવ-2025નો પ્રારંભ

(એજન્સી) અમદાવાદ | તા.09

ભારતભરમાં યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ ગુજરાતના શ્રી આરાસુરી અંબાજી માતા મંદિર ખાતે ત્રણ દિવસીય 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો આજથી શુંભારંભ થયો છે અને 11 ફેબ્રુઆરી સુધી શકિતપીઠ પરિક્રમા મહોત્સવ-2025 ચાલશે,આ ત્રણ દિવસીય મહોત્સવમાં લાખો માઈભક્તો ઉમટશે. આ વર્ષે પણ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (GPYVB) તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી માટે અંબાજી માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ તેમના આધ્યાત્મિક અને વ્યક્તિત્વ વિકાસ સાથે સંકળાયેલ છે. જ્યારે તેઓ ગુજરાતના માન. મુખ્યમંત્રી હતા, ત્યારે પણ શક્તિપીઠ અંબાજી મંદિરના પરિસર, ભક્તજનો માટે સુવિધાઓ અને યાત્રિકોના આરામ માટે સુવિધા વિસ્તરણ સાથે ઉત્તમ સડકો, ટ્રાફિક વ્યવસ્થા સાથે ધાર્મિક કાર્યક્રમોના સુચારુ આયોજન અને વિકાસ માટે અનેક પ્રોજેક્ટ શરૂ કર્યા છે. આમ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી અને મોદીજીનો સંબંધ સદાય આસ્થાપૂર્ણ રહ્યો છે.ગબ્બરના શિખર પર રાત્રે 12 કલાકે આરતી જેવા કાર્યક્રમો યોજાશે આ દરમિયાન વિવિધ ધાર્મિક સંસ્થાઓના આગેવાનો/ધર્મગુરુઓના આશીર્વચન, આનંદના ગરબાની અખંડ ધૂન, શક્તિપીઠના સંકુલોમાં શક્તિ યજ્ઞ, ભજન મંડળીઓ દ્વારા ભજન સત્સંગ, વિવિધ મંડળો તેમજ વિવિધ સમાજો દ્વારા પરિક્રમા યાત્રા, રાત્રિ પરિક્રમા દર્શન સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.11 ફેબ્રુઆરીએ પાલખી યાત્રા, મશાલ યાત્રા, જ્યોત યાત્રા તથા ત્રિશૂળ યાત્રા યોજાશે. ત્રીજા દિવસે પણ વિવિધ ધાર્મિક સંસ્થાઓના આગેવાનો/ધર્મગુરુઓના આશીર્વચન, શક્તિપીઠના સંકુલોમાં શક્તિ યજ્ઞ, મંત્રોત્સવ, ડ્રોન દ્વારા પુષ્પવૃષ્ટિ, ભજન મંડળીઓ દ્વારા ભજન સત્સંગ, વિવિધ મંડળો દ્વારા પરિક્રમા યાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ગબ્બરના શિખર પર રાત્રે 12 કલાકે આરતી જેવા કાર્યક્રમો યોજાશે. 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં આવનારા આશરે 15 લાખ શ્રદ્ધાળુઓ માટે GPYVB તેમજ જિલ્લા વહીવટી તંત્રએ મોટાપાયે તૈયારીઓ કરી છે. મહોત્સવ દરમિયાન અંબાજી મંદિરમાં આરતી-દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો છે, તે મુજબ સવારની આરતી 7.30થી 8.00 કલાકે, દર્શન 09.30થી 11.30 કલાકે થશે. 11.30થી 12.30 કલાકે દર્શન બંધ રહેશે. 12.30થી 16.30 કલાકે દર્શન ચાલુ રહેશે. 16.30થી 19.00 કલાકે દર્શન બંધ રહેશે.

## વિદેશમાં શરણ લેવા માટે લોકો 'ગુજરાતમાં જીવને જોખમ છે' એવી એફિડેવિટ કરાવે છે

(એજન્સી) અમદાવાદ | તા.09

ડોલરના પ્રેમમાં વતનને બદનામ કરવામાં પણ કેટલાક લોકો ખચકાતા નથી! આ આઘાતજનક હકીકતના પુરાવા 'દિવ્ય ભાસ્કર'ના હાથે લાગ્યા છે. હકીકતમાં વિદેશમાં કાયમી શરણાર્થી તરીકે સ્થાયી થવા માટે ત્યાં ગેરકાયદે પહોંચેલા કેટલાક લોકો એવી એફિડેવિટ પરિવાર પાસે કરાવીને મંગાવે છે કે તેમને ગુજરાતમાં રાજકીય પાર્ટી કે રાજકીય વગદાર વ્યક્તિથી જીવનું જોખમ હોય. 'પોતે એક પાર્ટીને સમર્થન આપતા હોઈ સત્તાપક્ષથી તેમને જીવનું જોખમ છે અને અવારનવાર ધમકીઓ પણ મળી છે'. આવા બહાનાં હેઠળ વિદેશમાં કાયમી શરણાર્થી બનીને રહેવાના અભરખામાં ગુજરાત જેવા રાજ્યને વિદેશની ધરતી પર બદનામી વહોરવી પડે છે. અમેરિકન કોર્ટમાં આવા સંખ્યાબંધ કેસ પેન્ડિંગ છે, જેમને તાત્કાલિક આટોપવા કે ફગાવી દેવા પણ ત્યાંની સરકારે હુકમ કર્યો હોવાનું અમેરિકન મીડિયા દ્વારા જાણવા મળ્યું છે. 'ડંકી રૂટ'થી વિદેશ મોકલનારા એક એજન્ટે નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતુ કે આવી એફિડેવિટથી ત્યાં શરણાર્થી તરીકેનો કેસ કરીને આશ્રય લેવામાં આવે છે. જેમાં મોટા ભાગે એજન્ટ જ પરિવારના સભ્યોના નામે એફિડેવિટ કરીને મોકલી દેતા હોય છે. જોકે, ટ્રમ્પ સરકારે સત્તામાં આવતાં જ અમેરિકન કોર્ટમાં ચાલતા શરણાર્થીઓના આવા કેસ કે જેમાં અધૂરી માહિતી કે શંકાસ્પદ કેસ હોય તેને તાત્કાલિક ફગાવી કેસ બંધ કરવા આદેશ કર્યાનું પણ હાલ જાણવા મળી રહ્યું છે. 'અસાઈલમ' માટે થતી એફિડેવિટમાં મુખ્યત્વે આ જ બહાનાં હોય છે! હું ભાજપ કે કોંગ્રેસનો કાર્યકર છું અને વિરોધી પાર્ટીના કાર્યકરો મને અને મારા પરિવારને મારી નાખવા ફરી રહ્યા છે. સ્થાનિક પોલીસ ફરિયાદ પણ નોંધતી નથી માટે દેશ છોડી ભાગવું પડ્યું. હું હિન્દુ કે મુસ્લિમ વિસ્તાર નજીક રહેતો હતો, ત્યાં અન્ય ધર્મના લોકોની બહુમતી હોઈ એવા વિસ્તારના છોકરા કે છોકરી સાથે પ્રેમ થઈ ગયો અને તેના પરિવારના સભ્યો મારી નાંખવા ફરી રહ્યા છે. મારી પત્નીની અન્ય સમુદાયના લોકો છેડતી કરતા હોવાથી હુમલો કર્યો અને ફરાર થવું પડ્યું થવા હવે તે હુમલો કરવા ફરી રહ્યા છે માટે જીવ બચાવવા દેશ છોડ્યો છે. ગામમાં બે કોમ વચ્ચે બબાલ થઈ છે જેમાં મારા પરિવારના કોઈ એક સભ્ય કે પિતાજી આગેવાન હોઈ બીજી કોમ કે સમાજના લોકો હવે મને મારી નાખવા ફરી રહ્યા છે, પોલીસ પણ કશું કરતી નથી. કોરોનોમાં બધું પાયમાલ થઈ ગયું છે.

## મહાકુંભ માટે વધુ ટ્રેનો દોડાવાતા UPમાં ટ્રેક જામ, અમદાવાદની ટ્રેનો 7 કલાક સુધી લેટ




(એજન્સી) અમદાવાદ | તા.09

પ્રયાગરાજના મહાકુંભ મેળામાં જવા માટે દેશભરમાંથી વધારાની ટ્રેનો દોડાવવામાં આવી રહી છે, જેને કારણે ઉત્તરપ્રદેશમાં રેલવે ટ્રેક પર જામ થતાં અમદાવાદ આવતી ટ્રેનો સાત કલાક સુધી મોડી દોડી રહી છે. આવી પરિસ્થિતિમાં આ રૂટ પર દર 3થી 5 મિનિટે એક ટ્રેન પસાર થઈ રહી છે, જેના પગલે આ રૂટ પર દોડતી અનેક ટ્રેનો પાંચથી સાત કલાક સુધી મોડી પડી રહી છે.

આ ટ્રેનો મોડી આવતા જે તે સ્ટેશન પર મેન્ટેનન્સ કામગીરી પૂર્ણ થયા બાદ 1થી 3 કલાક જેટલી મોડી ઊપડી રહી છે. શનિવારે પણ અમદાવાદ તરફ આવતી ટ્રેનો 2થી 7 કલાક મોડી પડી હતી. મહાકુંભમાં શ્રદ્ધાળુઓને પહોંચાડવા માટે શરૂ કરાયેલી સ્પેશિયલ ટ્રેનો પ્રયાગરાજ સહિત આસપાસના સાત સ્ટેશન પરથી પસાર કરી આગળના અન્ય સ્ટેશનો પર લઈ જવામાં આવી રહી છે, જેથી પ્રયાગરાજ ખાતે જ તમામ ટ્રેનોનો જમાવડો ન થાય. આ તમામ ટ્રેનો આગળના સ્ટેશનો પર જઈ ત્યાંથી જ વાયા પ્રયાગરાજ થઈ પરત ફરી રહી છે.

## મહિલાને ડિજિટલ એરેસ્ટનો શિકાર બની

### તમારા બેંક એકાઉન્ટમાં ડ્રગ્સના લે-વેશના ટ્રાન્જેક્શન મળ્યા છે કહીને સાઈબર માફિયાઓએ મહિલા પાસેથી 1.16 લાખ ખંખેર્યાં

(એજન્સી) અમદાવાદ | તા.09

અત્યારે ડિજિટલ એરેસ્ટનો લોકો ભોગ બની રહ્યા છે, ત્યારે અમદાવાદની એક મહિલા પણ ડિજિટલ એરેસ્ટનો ભોગ બની છે. મહિલાને અજાણ્યા વ્યકિતએ ફોન કરીને દિલ્હી પોલીસની ઓળખ આપીને તમારા બેંક એકાઉન્ટમાં ડ્રગ્સના લે-વેચના ટ્રાન્જેક્શન મળ્યા છે, તેમ કહીને પોતાના સિનિયર અધિકારી અને સીબીઆઈના અધિકારી સાથે વાતચીત કરવાનું કહીને વીડિયો કોલ પર વાતચીત કરી મહિલાના બેંક એકાઉન્ટમાંથી 1.16 લાખ રૂપિયા પડાવ્યા હતા. આ અંગે મહિલાએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. કાલુપુરમાં રહેતા 45 વર્ષીય મહિલા મુંબઈની કંપનીમાં રિકવરી એજન્ટ તરીકે નોકરી કરે છે. મહિલા 13 નવેમ્બરે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે જણાવ્યું હતું કે, તે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાંથી વાત કરે છે. મહિલાના બેંક ખાતામાં ડ્રગ્સના લે-વેચના ટ્રાન્જેક્શન મળી આવ્યા છે અને મહિલાના નામના 15થી 20 ડેબિટ કાર્ડ તથા 15 પાસપોર્ટ પણ મળી આવ્યા છે. મહિલાએ પોતાનો બચાવ કરતા કહ્યું હતું કે, તેમનો આ બેંકમાં કોઈ ખાતું નથી અને તેમના પ્રકારનું કોઈ કામ કર્યું નથી. જેથી ફોન કરનાર વ્યક્તિ જણાવ્યું કે તે દિલ્હી પોલીસમાં સિનિયર અધિકારી સાથે તેમની વાત કરાવશે, તેમ કહીને ફોન મૂકી દીધો. થોડીવાર બાદ મહિલાના નંબર પર એક વીડિયો કોલ આવ્યો હતો. જેનો કેમેરો બંધ રાખીને સામેવાળા વ્યક્તિએ જણાવ્યું હતું કે, તે સીબીઆઈના અધિકારી છે. મહિલાના બેંક ખાતામાં ગેરકાયદેસરના ટ્રાન્ઝેક્શન છે, જેના કારણે તેમને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવે છે. જેથી તેમને તેમનું ઘર લોક કરાવ્યું હતું અને મોબાઈલ સામે મુકાવ્યો હતો. મહિલાને કહ્યું હતું કે, તે તપાસમાં સહકાર આપશે તો ઝડપથી કાર્યવાહી કરવામાં આવશે. જેથી મહિલાએ ડરીને તપાસમાં સહકાર આપવાની વાત કરી હતી.

**વેરિફિકેશનના બહાને મહિલાનું આધાર કાર્ડ મંગાવ્યું |** ત્યારબાદ મહિલાના વોટ્સએપમાં અજાણ્યા નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો. જેમાં સામેવાળા વ્યક્તિએ પોલીસની વર્દી પહેરેલી હતી. પોલીસની ઓફિસ જેવી ઓફિસમાં બેસીને પોતાનો વીડિયો ઓન કર્યો હતો. ત્યારબાદ થોડીવારમાં મહિલાએ જોયું પછી વીડિયો કોલમાં પોતાનો વીડિયો બંધ કરી દીધો હતો. આ વ્યક્તિએ મહિલાને જણાવ્યું હતું કે, તે સુનિલકુમાર છે અને વસંતકુંજ પોલીસ સ્ટેશન ન્યુ દિલ્હીથી વાત કરે છે. મહિલાના ટ્રાન્જેક્શન વેરિફિકેશન કરવાના બહાના માટે મહિલાનું આધાર કાર્ડ મંગાવ્યું હતું, જેથી મહિલા આધાર કાર્ડ આપ્યું હતું. ત્યારબાદ મહિલાને વોટ્સએપ પર કોર્ટનું વોરંટ મોકલ્યું હતું અને આરબીઆઈના સિક્કાવાળી નોટિસ પણ મોકલી હતી. આ વ્યક્તિએ પણ મહિલાને કહ્યું હતું કે, મહિલા સાથે સીબીઆઈના અધિકારી વાત કરશે.

### બ્રિજ બનાવવા રૂ. 267 કરોડની વિવાદાસ્પદ દરખાસ્ત

## પંચવટી જંકશન-કેશવનગર પાસે બ્રિજની માટે રણજીત બિલ્ડકોનને 17.91% વધુ ભાવે કામ આપવા કવાયત

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાત રાજ્યમાં બ્રિજ અને અંડરપાસ બનાવવાના મોટાભાગના કોન્ટ્રાક્ટ મેળવનારા વિવાદાસ્પદ કોન્ટ્રાક્ટર રણજીત બિલ્ડકોનને અમદાવાદમાં એક ઓવરબ્રિજ અને એક બ્રિજ પર લેન બનાવવા માટે અંદાજિત ભાવ કરતા 17.91 ટકા વધુ ભાવે કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીમાં મૂકવામાં આવી છે. સાબરમતીના ચીમનભાઈ ઓવરબ્રિજ પર ઇંગ્લેન્ડ અને પંચવટી પાંચ રસ્તા પર ઓવરબ્રિજ બનાવવા માટે રૂ. 267 કરોડનો કોન્ટ્રાક્ટ આપવા માટેની દરખાસ્ત મુકાઈ છે. જેમાં ડિઝાઈન સર્કલ રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગ પાસે કરાવવામાં આવશે. જેના માટે પણ અલગથી ખર્ચ ચૂકવવામાં આવશે. આમ અંદાજિત 275 કરોડથી વધુના ખર્ચે બ્રિજ અને એક બ્રિજની લેન બનાવશે.

શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા વધી રહી છે, જેના પગલે મુખ્ય રોડ રસ્તાઓ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. શહેરના ઉત્તર ગુજરાતના મહેસાણા, ગાંધીનગર અને રાજસ્થાન તરફનો ટ્રાફિક સાબરમતી ચીમનભાઈ બ્રિજ વધી ગયો છે. ટ્રાફિક વધ્યો છે, પરંતુ બ્રિજ નાનો હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા વધતા એક ઓવરબ્રિજની લેન બનાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના પંચવટી પાંચ રસ્તા પર પણ ટ્રાફિક વધતા પંચવટી ચાર રસ્તાથી આંબાવાડી થઈને સીએન વિદ્યાલય સુધી પણ ટ્રાફિક વધુ રહે છે. જેના પગલે આ બે જંકશન પર ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લીધો છે. કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા બ્રિજ અને એક બ્રિજની લેન બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. કોર્પોરેશન દ્વારા અંદાજિત ભાવ નક્કી કરવામાં આવ્યો હતો, જેના કરતા 17.91 ટકા વધુ ભાવે કોન્ટ્રાક્ટર રણજીત બિલ્ડકોનને પંચવટી જંકશન પર ઓવરબ્રિજ અને સાબરમતી ચીમનભાઈ ઓવરબ્રિજ પર એક તરફની લેન બનાવવા માટે રૂપિયા 267 કરોડનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત અધિકારીઓએ મૂકી છે. અધિકારીઓએ ટેન્ડરની શરતમાં એવું પણ મૂક્યું છે કે આરબીઆઈ ઈન્ડેક્સ આધારિત ફોર્મ્યુલા મુજબ સિમેન્ટ, સ્ટીલ, લેબર, મટીરીયલ તેમજ બીટુમીનના સીધા ભાવ તફાવતની ફોર્મ્યુલા મુજબ ભાવ વધારા ઘટાડાની તફાવતની રકમ કોન્ટ્રાક્ટરને ચૂકવવામાં આવશે.